દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 195 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 August 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૮ ઑગસ્ટ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભાજપની નવી ટીમમાં નવા ચહેરાઓની બોલબાલા

## ૬૫ હોદ્દેદારમાંના ૫૧ નવા ચહેરા: સ્મૃતિ ઈરાની, રામ માધવની વાપસી: પીયૂષ ગોયલ રાષ્ટ્રીય ખજાનચી: આઈટી સેલના વડા અમિત માલવિયનું પત્તું કપાયું, રસાયણશાસ્ત્રના પ્રોફેસર દીપક મ્હસ્કેને જવાબદારી સોંપાઈ: ગુજરાતના ચાર નેતા ટીમમાં

નવી દિલ્હી: જેન-ઝીના વાવંટોળને પગલે સમય સાથે કદમ મિલાવતા શાસક ભારતીય જનતા પક્ષ (ભાજપ)એ સોમવારે તેની રાષ્ટ્રીય ટીમમાં મોટો ફેરબદલ કર્યો હતો અને આટલું જ નહીં તેની સોશ્યલ મીડિયા ટીમમાં પણ ધરમૂળથી ફેરફાર કર્યો હતો. પાર્ટીએ અમિત માલવિયને આઇટી ડિપાર્ટમેન્ટના વડા પદેથી હટાવીને છત્તીસગઢના રસાયણશાસ્ત્રના પ્રોફેસર દીપક મ્હસ્કેને જવાબદારી સોંપી છે.

પ્રમુખ નીતિન નબીન હેઠળ કરાયેલા મોટા ફેરબદલમાં ઘણા નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું છે અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઇરાનીને મહામંત્રી તથા આરએસએસના કાર્યકર્તા રામ માધવને ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

નવી ટીમમાં ગુજરાતનું કદ વધ્યું છે, કારણકે તેના ચાર નેતા વર્ષાબહેન દોશી, હેમાંગ જોશી, જગદીશ પટેલ અને રોહન ગુપ્તાને નવી ટીમમાં સ્થાન મળ્યું છે. વર્ષાબહેનને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, હેમાંગ જોશીને યુવા મોરચાના રાષ્ટ્રીય પ્રમુખ, જગદીશ પટેલ અને રોહન ગુપ્તાને રાષ્ટ્રીય મંત્રી બનાવાયા છે.

પક્ષનું કહેવું છે કે તેમણે યુવાનો અને અનુભવી નેતાઓ વચ્ચે યોગ્ય સંતુલન જાળવી રાખ્યું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપના નવા નિમાયેલા નવા હોદ્દેદારોને અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે ભાજપની નવી ટીમ સંસ્થાકીય અનુભવ અને જમીની સંપર્ક ધરાવે છે. મોદીએ એક્સ પર લખ્યું હતું કે ભાજપના નવા નિમાયેલા હોદ્દેદારોને અભિનંદન. નવી ટીમમાં સંસ્થાકીય અનુભવ, ઊર્જા અને જમીની સંપર્ક છે.

રાજસ્થાનનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વસુંધરા રાજે સિંધિયા સહિત કેટલાક વરિષ્ઠ નેતાઓને યથાવત્ રાખવામાં આવ્યા છે, જેમને ૧૩ ઉપાધ્યક્ષમાંથી એક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

સોમવારે જાહેર કરાયેલા કુલ ૬૫ હોદ્દેદારાના નામમાંથી ૫૧ નવા ચહેરા છે, જેમાંથી છ નેતા ૪૦ વર્ષથી ઓછી ઉંમરના, ૧૫ નેતા ૪૦થી ૪૯ વર્ષની વયજૂથના અને ૨૧ નેતા ૫૦થી ૫૯ વર્ષના વયજૂથના છે.

પાર્ટીના સૂત્રો અનુસાર, આ હોદ્દેદારોમાં ૧૨ મહિલા અને લઘુમતી સમુદાયના છ નેતાનો પણ સમાવેશ થાય છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૨૦૨૯ સુધીની આગામી વિધાનસભા ચૂંટણીઓ અને તે પછીની સામાન્ય ચૂંટણીઓની ભાજપની તૈયારીઓને ધ્યાનમાં રાખીને આ ફેરબદલ કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલને રાષ્ટ્રીય ખજાનચી બનાવવામાં આવ્યા છે. સંયોગવશાત્ અટલ બિહારી વાજપેયી સરકારમાં પ્રધાન રહી ચૂકેલા તેમના પિતા વેદપ્રકાશ ગોયલે પણ લાંબા સમય સુધી પાર્ટીના રાષ્ટ્રીય ખજાનચી તરીકે સેવા આપી હતી.

પાર્ટીની નવી ટીમમાં સામેલ કરવામાં આવેલા પીયૂષ ગોયલ એકમાત્ર કેન્દ્રીય પ્રધાન છે.

ભાજપે બી.એલ. સંતોષને રાષ્ટ્રીય મહામંત્રી (સંગઠન) તરીકે યથાવત્ રાખ્યા છે, જે પાર્ટીમાં એક મહત્ત્વપૂર્ણ પદ છે. પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ, આઠ રાષ્ટ્રીય મહામંત્રીની ટીમમાં ત્રિપુરાના પૂર્વ મુખ્યમંત્રી બિપ્લબ કુમાર દેબને સામેલ કરવામાં આવ્યા છે, જેમાંથી છ ચહેરા નવા છે. લોકસભા સાંસદ ડી. પુરંદેશ્વરી અને ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન તીરથ સિંહ રાવત નવા ઉપાધ્યક્ષોમાં સામેલ છે. ભાજપના સાંસદ અને રાજસ્થાન ભાજપના પૂર્વ પ્રમુખ સતિષ પુનિયા, લોકસભા સાંસદ ગજેન્દ્ર પટેલ, રાજ્યસભા સાંસદ સંજય ભાટિયા અને ભૂતપૂર્વ સાંસદ હરીશ દ્વિવેદી (જેઓ હાલમાં આસામ ભાજપના રાજકીય પ્રભારી છે) જનરલ સેક્રેટરીઓની યાદીમાં નવા ચહેરાઓ તરીકે સામેલ છે.

વિનોદ તાવડે અને સુનીલ બંસલ એ માત્ર બે જ રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી છે જેમને ભાજપે પોતાની નવી ટીમમાં યથાવત્ રાખ્યા છે. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે આ બંને નેતાઓને તેમની પ્રભાવશાળી સંગઠનાત્મક

(જુઓ પાનું ૨) ▶▶

# દેશના ૩૨૬ સાંસદ અને ૧૪ મુખ્ય પ્રધાન સામે ક્રિમિનલ કેસ છે

## સુપ્રીમ કોર્ટને સોંપાયેલા રાજકારણનાં અપરાધીકરણ સંબંધી અહેવાલમાં ઘટસ્ફોટ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાયેલા રાજકારણના અપરાધીકરણ અંગેના અહેવાલમાં જણાવાયું છે કે લોકસભાના ૫૪૩ સભ્યમાંથી ૨૫૧ સભ્ય અને રાજ્યસભાના ૨૩૩ સભ્યમાંથી ૭૫ ધારાસભ્ય સામે ફોજદારી કેસ છે. સાંસદો અને ધારાસભ્યો સામે ફોજદારી કેસોનો ઝડપી નિકાલ લાવવાની માગ કરતી પીઆઈએલમાં કોર્ટના સલાહકાર તરીકે નિયુક્ત થયેલા વરિષ્ઠ વકીલ વિજય હંસારિયા દ્વારા સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરાયેલ સોગંદનામામાં કહેવામાં આવ્યું છે કે સંસદસભ્યો અને ધારાસભ્યો સામે ૪,૦૦૦થી વધુ ફોજદારી કેસ છે. સોગંદનામામાં જણાવાયું છે કે ૨૮ રાજ્યમાંથી ૧૪ રાજ્યના મુખ્ય પ્રધાને ફોજદારી કેસ જાહેર કર્યા છે, જેમાં

ગંભીર કેસનો પણ સમાવેશ થાય છે.

માહિતી અનુસાર, તેલંગાણાના મુખ્ય પ્રધાન અનુમુલા રેવંત રેડ્ડી સામે ૮૯ કેસ છે, ત્યારબાદ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન શુભેન્દુ અધિકારી, સામે ૨૯ કેસ છે અને કર્ણાટકના મુખ્ય પ્રધાન

(જુઓ પાનું ૨) ▶▶

રામમંદિર ચંદા-ચોરી

# તપાસ અહેવાલ ઝડપથી સુપરત કરવાનો સુપ્રીમનો આદેશ

નવી દિલ્હી: અયોધ્યા રામમંદિર ચંદા-ચોરી સંબંધિત તપાસ ઝડપથી પૂરી કરી વહેલામાં વહેલી તકે તર્કબદ્ધ અહેવાલ રજૂ કરવાનો સુપ્રીમ કોર્ટે સોમવારે સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ 'સિટ'ને આદેશ આપ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ વી. મોહનાની બનેલી

(જુઓ પાનું ૨) ▶▶

# બિહારના મંદિરમાં શ્રાવણી સોમવારે ટ્રેજેડી: નાસભાગમાં સાત ભક્તોનાં મોત

લખીસરાઈ: બિહારના લખીસરાઈ જિલ્લામાં અશોક ધામ મંદિર નજીક શ્રાવણ મહિનાના સોમવારે સોમવારે બનેલી સ્ટેમ્પેડની ઘટનામાં ઓછામાં ઓછા સાત જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૧૪ જણ ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

મંદિરની નજીક જ આવેલા અશોક ધામ રેલવે સ્ટેશન પર શ્રદ્ધાળુઓના ભારે ધસારાને કારણે આ ઘટના બની હતી. શ્રદ્ધાળુઓ પવિત્ર શ્રાવણ મહિનામાં શિવલિંગ પર પાણી ચઢાવવા ત્યાં એકઠાં થયાં હતાં.

લખીસરાઈના જિલ્લા મેજિસ્ટ્રેટ શૈલેન્દ્ર કુમારે સમાચારસંસ્થાને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે સોમવારે સવારે બનેલી આ કમનસીબ ઘટનામાં ઓછામાં ઓછા સાત જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૧૪ જણ ઘાયલ થયા હતા. આ ઘટના સોમવારે સવારે સાડાછ વાગે બની હતી જ્યારે એકત્ર થયેલાં લોકોની ભારે ભીડને કારણે બેરિકેડનો એક હિસ્સો તૂટી પડતાં લોકો એકબીજા પર પડ્યા હતા, એમ અધિકારીઓએ કહ્યું હતું. બચાવ કામગીરી ચાલી રહી છે અને ઈજાગ્રસ્તોને સારવારાર્થે નજીકની સરકારી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

મૃતકો અને ઈજાગ્રસ્તોની ઓળખની કામગીરી ચાલી રહી હોવાનું તેમણે કહ્યું હતું.

બિહારના મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીએ ઘટના અંગે ઘેરા શોકની અને મૃતકના પરિવારજનો પરત્વે સહાનુભૂતિની

(જુઓ પાનું ૨) ▶▶

# ઉજજૈનમાં નાગચંદ્રેશ્વર મંદિરમાં ધક્કામુક્કીમાં ૧૩ જણ ઘાયલ થયા

ઉજજૈન: શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે શિવ મંદિરમાં ભક્તોની ભીડ વધારે રહેતી હોય છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ઉજજૈનના મહાકાલેશ્વર મંદિરમાં પણ મોટી સંખ્યામાં ભક્તો ઊમટી પડ્યાં છે. વર્ષમાં માત્ર એક જ વખત ખુલતા નાગચંદ્રેશ્વર મંદિરમાં દર્શન કરવામાં આવેલા ભક્તોમાં નાસભાગ થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ નાસભાગમાં ૧૩થી વધારે લોકો ઘાયલ થયા હોવાથી તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે. જો કે, મંદિર વ્યવસ્થાપન સમિતિના કેટલાક સોશ્યલ મીડિયા હેન્ડલ્સ પર આ નાસભાગની આ ઘટનાને અફવા અને ભ્રામક ગણાવી છે.

વિગતે વાત કરવામાં આવે તો, ઉજજૈનમાં આવેલ નાગચંદ્રેશ્વર મંદિર વર્ષમાં માત્ર એક વખત ખૂલતું હોય છે. જેથી અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. આ દરમિયાન ભીડ વધારે હોવાથી કેટલાક શ્રદ્ધાળુઓની હાલત ખરાબ થઈ ગઈ હતી. જેમાં કેટલાક શ્રદ્ધાળુઓ બેભાન થઈ ગયાં હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા

(જુઓ પાનું ૨) ▶▶

# જુલાઈમાં બેરોજગારીનો દર ઘટીને ૫.૧ ટકા થયો

નવી દિલ્હી: જુલાઈ ૨૦૨૬માં ૧૫ વર્ષ અને તેથી વધુ વયજૂથના લોકોમાં બેરોજગારીનો સરેરાશ દર અગાઉના મહિનાના ૫.૫ ટકાથી ઘટીને ૫.૧ ટકા થયો હોવાનું સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા સર્વેક્ષણના આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું.

પિરિયોડિક લેબર ફૉર્સ સર્વે (પીએલએફએસ)ના જણાવ્યા અનુસાર નેશનલ સ્ટેટિસ્ટિક ઑફિસ (એનએસઓ) દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણના સોમવારે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ ગ્રામીણ વિસ્તારમાં ૧૫ વર્ષ અને તેથી વધુ વયજૂથના લોકોમાં બેરોજગારીનો સરેરાશ દર અગાઉના ૫.૦ ટકાથી ઘટીને ૪.૫ ટકા અને શહેરી વિસ્તારમાં આ દર અગાઉના મહિનાના ૬.૬ ટકાની સરખામણીએ ૬.૭ ટકા રહ્યો હતો.

વર્ષ ૨૦૨૫ની સરખામણીએ ૨૦૨૬માં

(જુઓ પાનું ૨) ▶▶

# પાકિસ્તાન - સઉદી - તૂર્કી સંરક્ષણ કરારની વાહવાહી કરી ટ્રમ્પે

વોશિંગ્ટન/ઇસ્લામાબાદ: અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સઉદી અરેબિયા, તૂર્કી અને પાકિસ્તાન વચ્ચેના સંરક્ષણ કરારને એક મોટું, સાહસિક અને મહત્ત્વપૂર્ણ પ્રથમ પગલું ગણાવ્યું હતું. આ કરાર પર મક્કામાં સાતમી ઓગસ્ટના

(જુઓ પાનું ૨) ▶▶


## પ્રતીક્ષાનો અંત: અંક પ્રગટ થઇ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર
કિંમત: ₹ ૧૦૦/-
પ્રારંભ ઈ.સ. ૧૮૧૪ વર્ષ ૨૧૩



પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૩-૮૪ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૮-૪૯ ■ ઈ.સ. તા. ૧૦-૧૧-૨૦૨૬ થી તા. ૨૬-૦૩-૨૦૨૮

સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર અને દળદાર અંક
૩૫૨ પૃષ્ઠના આ પંચાંગમાં આપને મળશે

૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.

૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.

તિથિ-યોગ-નક્ષત્ર-કરણ (દિવસના બન્ને કરણ) ચંદ્ર રાશિ પ્રવેશ અને મુંબઈ, રાજકોટ, અમદાવાદના સૂર્યોદયાસ્ત-સાંપતિક કાળ- પારસી- મુસ્લિમ તારીખ સહિત, એક માત્ર આ પંચાંગમાં દૈનિક અભિજિત (વિજય) મુહૂર્ત સાથે.

દૈનિક આવશ્યક શાસ્ત્રાર્થ (વ્રતવ્રતાદિ, ઋતુ ઉત્સવો, તહેવારો રોજિંદા ઉપયોગી મુહૂર્તો) સાથે જ શુભાશુભ દિવસની વિગતો.

સામાન્યજનો પણ સહેલાઈથી જાણી શકે તે હેતુસર મહિલાઓનાં વ્રતો: બીજ, ચતુર્થી, એકાદશી, પૂર્ણિમા, અમાસ, સંકષ્ટ ચતુર્થી અને તેના ચંદ્રોદયના સમયનું વિવિધ શહેરોનું કોષ્ટક તથા પ્રદોષ, શિવરાત્રી, ફાંકડું ચોથનું ઘર - પંચક, વિંછુડો, પુષ્ય અને રોહિણી નક્ષત્ર-ભરતી-ઓટ કોષ્ટકો.

સૂક્ષ્મતા-સ્પષ્ટતા અને શાસ્ત્રોક્ત નિયમોની જાણકારી સાથે ગણિત અને ફળાદેશ માટે જરૂરી તેવા કોષ્ટકો.

સંવત ૨૦૮૩નું રાશિ ભવિષ્ય

મુહૂર્ત મેળાપકના નિયમો અને ગુણાંક કોષ્ટક તેમ જ પૂજા કરાવવી ન પડે તે માટેના નિયમોને આધીન લગ્ન મુહૂર્તની તારીખોનું વર-કન્યાની રાશિ પ્રમાણે કોષ્ટક.

ગ્રહોનો નક્ષત્ર પ્રવેશ સાથે અભિજીત નક્ષત્ર પ્રવેશ ને સમાપ્તિ, નવમાંશ ગ્રહોની યુતિ તથા સમાપ્તિ સમય.

શૂન્ય કાળ (નિર્બળ) ચંદ્ર વિશે માહિતી અને તે સમયે શું કરવું શું ન કરવું તેની વિગત.

ગુરુ-શુક્રનાં અસ્તકાળમાં વિવાહ કરી શકાય એવી અલગથી તારીખનો સમાવેશ કર્યો છે.

મુહૂર્તો-પ્રવાસ (પ્રવેશ-પ્રયાણ) માટેની સૂક્ષ્મ માહિતી અને વ્રતનો ઉપયોગી સ્પષ્ટ સમય.

સંશોધન સભર લેખો
- ★ તિથિનિર્ધારણની પ્રાચીન અવધારણા: એક ગહન સંશોધન
- ★ શુભ ગુરુ – શુભ ભાગ્ય
- ★ પિતૃદોષ...
- ★ રાહુ અને કેતુ એક અભ્યાસ
- ★ વાસ્તુશાસ્ત્રમાં દ્વારદિશા માટે મહત્ત્વની માહિતી
- ★ નોકરી કરતા જાતકો: સ્વભાવ – ખાસિયત – ઉપાય
- ★ પરદેશગમનમાં નવમાંશ ડિસ્પોઝિટરનું મહત્ત્વ
- ★ સિંહ રાશિનું વિશેષ અવલોકન
- ★ સાત ચક્ર અને તેના થકી થનારા રોગો
- ★ ઘડીયાં લગ્ન (અચાનક) કયા ગ્રહ યોગથી થાય?

માહિતી માટે સંપર્ક કરો: ફોન નં. ૦૨૨-૨૨૦૪૫૫૩૧-33 મુંબઈ સમાચાર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬


# વંદે માતરમ્ વિવાદ: સોનિયા, રાહુલ વિરુદ્ધની ફરિયાદ સંબંધે તપાસ શરૂ

નવી દિલ્હી: ૧૫મી ઑગસ્ટે કૉંગ્રેસના વડામથકે યોજવામાં આવેલા સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના સમારોહમાં વંદે માતરમ્ ગાન દરમિયાન બનેલી કથિત ઘટનાને મામલે કૉંગ્રેસનાં નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ફરિયાદને મામલે તપાસ આરંભી દેવામાં આવી હોવાનું દિલ્હી પોલીસે સોમવારે કહ્યું હતું.

આઈપી એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં ઍડવોકેટ દ્વારા ૧૬મી ઑગસ્ટે દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં કૉંગ્રેસનાં નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવાની માગણી કરવામાં આવી હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના કાર્યક્રમમાં રાષ્ટ્રગીત ગવાઈ રહ્યું હતું ત્યારે ગીતનો પ્રારંભિક ભાગ પૂરો થયા બાદ સોનિયા ગાંધીએ કેટલાક ઈશારા કર્યા હતા. આ ઈશારા ગીત

(જુઓ પાનું ૨) ▶▶

# સુપ્રીમ કોર્ટે રાહુલ સામેના કેસમાં આગળ ન વધવા હાઈ કોર્ટને જણાવ્યું

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીને મોટી રાહત આપતા અલાહાબાદ હાઈ કોર્ટને રાહુલ સામેના અપ્રમાણસર સંપત્તિના આક્ષેપવાળા કેસમાં આગળ ન વધવા જણાવ્યું હતું.

સર્વોચ્ચ અદાલતે સીબીઆઈ અને ઈડીને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ સામેના કેસમાં હાઈ કોર્ટે આપેલા નિર્દેશ પર કોઈ અહેવાલ ન નોંધાવવાનો આદેશ આપ્યો હતો.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વી. મોહન્નાની બનેલી બેન્ચે રાહુલના ઍડવોકેટ કપિલ સિબલની રજૂઆતની નોંધ લઈને કર્ણાટકના રહેવાસી અને અરજદાર એસ. વિજ્ઞેશ શિશિર, સીબીઆઈ અને ઈડીને નોટિસ મોકલાવી હતી.

રાહુલે હાઈ કોર્ટના હુકમ સામે નોંધાવેલી અરજી બેન્ચ સાંભળી રહી હતી.

(જુઓ પાનું ૨) ▶▶

# મહિલાઓની સુરક્ષા મજબૂત બનાવવા ગુજરાત પોલીસે રક્ષિત શક્તિ અભિયાન શરૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત પોલીસે મહિલાઓ અને યુવતીઓની સલામતી અને સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે ૨૮ દિવસનું વ્યાપક 'સુરક્ષિત શક્તિ' અભિયાન શરૂ કર્યું છે. ગુન્હા નિવારણ, રક્ષણ, જાગૃતિ, સશક્તીકરણ અને કાયદાના અમલ પર કેન્દ્રિત સંકલિત અભિગમ દ્વારા મહિલાઓ માટે વધુ સુરક્ષિત વાતાવરણ ઊભું કરવાનો આ અભિયાનનો ઉદ્દેશ છે.

નિવારણ અને રક્ષણના ભાગરૂપે મહિલાઓને અસર કરતા ગુન્હાઓ અને હેરાનગતિ સામે વધુ કડક કાર્યવાહી કરવાની યોજના છે. પોલીસ એકમોને સંવેદનશીલ વિસ્તારો ઓળખવા, પેટ્રોલિંગ વધારવા અને ગુનાઓને રોકવા માટેના આગોતરા પગલાં લેવા સૂચના આપવામાં આવી છે.જવાબદારી વધારવા અને પુરાવા એકત્ર કરવાની પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવા માટે વિઝિબલ પોલીસિંગ, બોડી-વોર્ન કેમેરા તથા અન્ય ટેક્નોલોજીકલ સાધનોના વધુ ઉપયોગ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

આ સાથે અભિયાનમાં જાગૃતિ અને ડિજિટલ સુરક્ષા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પોલીસ મહિલાઓ અને યુવતીઓને સાયબરબુલિંગ, ઓનલાઈન ગ્રૂમિંગ, સેક્સટોર્શન, ડીપફેક, ઓટીપી ફ્રોડ અને ક્યુઆર-કોડ કૌભાંડ જેવા ઊભરતા ઓનલાઈન જોખમો અંગે માહિતગાર કરશે.

સહાય અને કાયદાના અમલના ભાગરૂપે ફરિયાદોના અનુસરણ, પ્રતિબંધાત્મક આદેશો, વન સ્ટોપ સેન્ટર્સ તથા અન્ય સહાય સેવાઓ સાથે સંકલન અને પીડિતાઓને સમયસર મદદ પહોંચાડવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ સમગ્ર માળખામાં પીડિત-કેન્દ્રિત અભિગમ પર વિશેષ ભાર મુકાયો છે, જેથી પોલીસનો સંપર્ક કરતી મહિલાઓને યોગ્ય સહાય મળી રહે અને તેમના કેસનું અસરકારક રીતે અનુસરણ કરવામાં આવે.

# અમદાવાદના મોટી દેવકી ગામે દીપડો દેખાતા લોકોમાં ફફડાટ: વન વિભાગ હરકતમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાના આંટાફેરાથી લોકોમાં ચિંતા વધી છે. તાજેતરમાં ઘુમા અને ચાંદખેડા-ઝુંડાલ પંથક બાદ હવે સાણંદ તાલુકાના મોટી દેવકી ગામે દીપડો દેખાયો હોવાની ચર્ચાથી સ્થાનિકોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, મોટી દેવકી ગામની સીમ તથા આસપાસના વિસ્તારમાં દીપડો જોવા મળ્યો હતો. એટલું જ નહીં, આ દીપડા સાથે તેનું બચ્ચું પણ હોવાની અને તેણે એક શ્વાન (કૂતરા)નું મારણ કર્યું હોવાની ચર્ચાઓ પણ ગ્રામજનોએ જણાવ્યું હતું.

અગાઉ અમદાવાદના ઘુમા વિસ્તારમાં આવેલી સોસાયટીમાં દીપડાના પ્રવેશની ઘટના તાજી જ છે, ત્યારે સાણંદના ગ્રામ્ય વિસ્તારમાં દીપડાની દહેશતના કારણે ખેડૂતો અને પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. રાત્રીના સમયે લોકોએ ઘરબહાર નીકળવાનું ટાળવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. વન વિભાગની ટીમ દોડતી થઈ મોટી દેવકી ગામે દીપડો હોવાની અને તેની શંકાસ્પદ હિલચાલ અંગેની માહિતી મળતા જ વન વિભાગની ટીમ તાત્કાલિક હરકતમાં આવી ગઈ છે. વિભાગ દ્વારા સાવચેતીના ભાગરૂપે ગામ અને તેની આસપાસના સંભવિત વિસ્તારોમાં પાંજરા ગોઠવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

વન કર્મચારીઓ દ્વારા આ વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરીને દીપડાના પગના નિશાન (પગલાં) તથા અન્ય પુરાવાઓની સઘન તપાસ કરવામાં આવી રહી છે. જોકે, વન વિભાગના અધિકારીઓનું કહેવું છે કે આશંકાના આધારે તકેદારી રાખવામાં આવી રહી છે, પરંતુ મોટી દેવકી ગામે દીપડો હોવાની હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. વન વિભાગ દ્વારા વન વિભાગ દ્વારા ગ્રામજનોને સાવચેત રહેવા અને રાત્રે ખેતરમાં કે અવાવરું જગ્યાએ એકલા ન જવા અપીલ કરવામાં આવી છે. આ સાથે જો દીપડો દેખાય તો તાત્કાલિક વન વિભાગને જાણ કરવા અપીલ કરી છે.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ‘વંદે માતરમ્’ વિવાદઃ સોનિયાનો બચાવ થઈ શકે તેમ જ નથી

**કેન્દ્રની** નરેન્દ્ર મોદી સરકારે રાષ્ટ્રીય ગાન (નેશનલ સોંગ) ‘વંદે માતરમ્’ને દેશના સન્માનનું પ્રતીક બનાવીને તેના અપમાન કે અનાદર માટે ત્રણ વર્ષની જેલની સજાની જોગવાઈ કરતું બિલ પસાર તો કરી દીધું પણ રાષ્ટ્રપતિની સહી નથી થઈ. રાષ્ટ્રપતિની સહી અને પછી ગેઝેટમાં નોટિફિકેશન એ બે બંધારણીય ઔપચારિકતા હજુ બાકી હોવાથી આ કાયદો અમલી બન્યો નથી પણ કાયદો અમલી બને એ પહેલાં સોનિયા ગાંધીએ વંદે માતરમ્નું અપમાન કર્યું હોવાનો બખેડો ઊભો થઈ ગયો છે.

આખા દેશે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરીને કૉંગ્રેસ મુખ્યાલયમાં પણ તેની ઉજવણી કરાઈ. ઉજવણીના કાર્યક્રમની શરૂઆત વંદે માતરમ્ના ગાન સાથે થઈ પણ આખું રાષ્ટ્રીય ગાન પૂરું થાય એ પહેલાં તેને રોકવાનો ઈશારો કર્યો તેમાં વિવાદ ખડો થઈ ગયો છે. ભાજપનું કહેવું છે કે, સોનિયા ગાંધી આખું વંદે માતરમ્ ગવાતાં ગુસ્સે થઈ ગયેલાં તેથી વચ્ચે જ વંદે માતરમ્ રોકવાનો ઈશારો કરીને વંદે માતરમ્નું અપમાન કરી દીધું.

કૉંગ્રેસનું કહેવું છે કે, સોનિયાએ વંદે માતરમ્ રોકવા કહ્યું જ નહોતું પણ કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેથી ઊભા રહેવાતું નહોતું તેથી તેમના માટે ખુરશી લાવવા કહેલું પણ ભાજપે વાતનું વતેસર કરીને વંદે માતરમ્ના અપમાનનો બખેડો ઊભો કરી દીધો. કૉંગ્રેસનું કહેવું છે કે, નીટ પેપર લીકનો વિવાદ શમ્યો નથી ત્યાં યુજીસી-નેટનાં પેપર ફૂટી ગયાં એટલે દેશના યુવાઓમાં ભયંકર આક્રોશ છે. આ આક્રોશના કારણે નવું જનઆંદોલન ઊભું થઈ રહ્યું છે તેથી ડરેલો ભાજપ લોકોનું ધ્યાન બીજે વાળવા માટે સોનિયા ગાંધી દ્વારા વંદે માતરમ્ના અપમાનનું જૂઠાણું ચલાવી રહ્યો છે.

કૉંગ્રેસ અને ભાજપમાંથી કોણ સાચું બોલે છે એ ખબર નથી પણ આ મુદ્દો રાજકીય રીતે ગરમ થઈ ગયો છે. ભાજપે સોનિયાની હરકતને રાષ્ટ્રીય ગાન ‘વંદે માતરમ્’નું અપમાન ગણાવીને દેશભરમાં દેખાવો શરૂ કરી દીધા છે ને નેતાઓ સોનિયાની ઝાટકણી કાઢતાં નિવેદનો ફટકારવા માંડ્યાં છે. ભાજપે એલાન કર્યું છે કે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ વંદે માતરમ્ના અપમાન બદલ દેશની જનતાની માફી માગવી જોઈએ અને બંને માફી ન માગે ત્યાં સુધી દેખાવો ચાલુ રહેશે. સામે કૉંગ્રેસ પણ સોનિયાનો બચાવ કરવા માટે ઊતરી પડી છે તેથી રાજકીય ગરમીનો માહોલ પેદા થઈ ગયો છે.

કૉંગ્રેસ મુખ્યાલયમાં ઉજવણીના વીડિયોમાં સોનિયા ‘વંદે માતરમ્’ના ગાન વખતે ઈશારો કરતાં સ્પષ્ટ દેખાય છે. સોનિયાએ બે અંતરા ગવાયા પછી ઈશારો કરીને ગાન રોકવા કહેલું એવો ભાજપનો આક્ષેપ સાચો છે કે નહીં એ પણ ખબર નથી કેમ કે વાઇરલ વીડિયોમાં સોનિયા ત્રણ અંતરા પૂરા થયા પછી ઈશારો કરતાં દેખાય છે. સોનિયાએ બે અંતરા પત્યા પછી ઈશારો કર્યો હોય પણ કેમેરા તેમના તરફ નહોતો તેથી ધ્યાન ના ગયું હોય એ શક્ય છે પણ બે અંતરા કે ત્રણ અંતરા એ મુદ્દો જ નથી. સોનિયા વંદે માતરમ્ સંપૂર્ણ ગવાયું નહોતું એ પહેલાં ઈશારો કરે છે એ સ્પષ્ટ છે.

સોનિયા, ખડગે અને બીજા નેતાઓને પણ કંઈક કહે છે પણ શું કહે છે એ સંભળાતું નથી. આ કારણે સોનિયાએ ખરેખર આખું વંદે માતરમ્ ગાવા સામે વાંધો લઈને તેને રોકી દેવા કહેલું કે કેમ એ કહેવું મુશ્કેલ છે પણ સોનિયા વચ્ચે ઈશારો કરે છે ને થોડીક સેકન્ડો સુધી ઉગ્રતાથી કંઈક કહે છે એ સ્પષ્ટ દેખાય છે. માનો કે, સોનિયાએ વંદે માતરમ્નું ગાન રોકવા નહીં પણ ખડગે માટે ખુરશી લાવવા કહ્યું હોય તો પણ આ હરકત યોગ્ય નથી. ‘વંદે માતરમ્’ આખું ગાવાનો સમય ત્રણ મિનિટ અને ૧૦ સેકન્ડ નક્કી કરાયો છે ને અડધાથી વધારે વંદે માતરમ્ ગવાઈ ગયેલું એ જોતાં ખડગેએ બીજી માંડ દોઢ મિનિટ ઊભા રહેવાનું હતું. આ દોઢ મહિનામાં એ કંઈ પડી જવાના નહોતા એ જોતાં સોનિયાએ વંદે માતરમ્ના ગાનની વચ્ચે કશું કરવાની જરૂર જ નહોતી એ જોતાં તેમણે માફી માગવી જ જોઈએ.

ખરેખર ખડગેની ચિંતા થઈ હોય એ શક્ય છે કેમ કે ખડગે ૮૪ વર્ષના વયોવૃદ્ધ છે. અથવા ભેરવાઈ ગયાં હોય એટલે ખડગે માટે ખુરશીનો લૂલા બચાવ રજૂ કરી દીધો હોય એ પણ શક્ય છે. બંને સંજોગોમાં સોનિયા ગાંધીએ આખું વંદે માતરમ્ ગવાય એ પહેલાં વિઘ્ન ઊભું કરી જ દીધું છે. સોનિયા રાષ્ટ્રીય કક્ષાનાં નેતા છે, ૨૦ વર્ષથી વધારે સમય કૉંગ્રેસનાં પ્રમુખ રહ્યાં છે એ જોતાં તેમનામાં એટલી વિવેકબુદ્ધિ હોવી જ જોઈએ કે, હમણાં જ વંદે માતરમ્ના અપમાન બદલ સજાનો કાયદો બન્યો છે એ જોતાં સતર્કતા બતાવવી જોઈએ. સોનિયા આ વિવેકબુદ્ધિ ના બતાવી શક્યાં એટલે હવે તેમણે માફી માગીને વાતને વાળી લેવી જોઈએ ને મોટપ બતાવવી જોઈએ.

આ મુદ્દે કાનૂની રીતે કશું થઈ શકે તેમ નથી કેમ કે હજુ કાયદો બન્યો નથી. આ જ કારણે આ ઘટના નવી દિલ્હીમાં બની છે છતાં દિલ્હી પોલીસે કોઈ કાર્યવાહી નથી કરી પણ બેંગલૂરુ અને મેંગલોરમાં સોનિયા ગાંધી સામે વંદે માતરમના અપમાન બદલ એફઆઈઆર નોંધાયો અરજી કરાઈ છે. બેંગલૂરુમાં ભાજપ યુવા મોરચાએ મલ્લેશ્વરમમાં અને બેંગલૂરુમાં ભાજપના નેતાઓએ ઉર્વા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે પણ પોલીસે હજુ એફઆઈઆર નોંધી નથી. એફઆઈઆર નોંધાય એવી શક્યતા પણ નથી કેમ કે કર્ણાટકમાં કૉંગ્રેસની સરકાર છે. કૉંગ્રેસ માટે સોનિયા ગાંધી માઈ-બાપ છે તેથી કૉંગ્રેસ શાસિત રાજ્યમાં સોનિયા ગાંધી સામે એફઆઈઆર નોંધાય એ વાતમાં માલ નથી પણ ભાજપને તેનાથી ફરક પડતો નથી.

ભાજપ માટે ‘વંદે માતરમ્’ એક રાજકીય મુદ્દો છે તેથી ભાજપ તેનો રાજકીય ફાયદો લેવા માટે પ્રયત્ન કરવાનો જ. ભાજપ રાજકીય પક્ષ ચલાવે છે, ભજન મંડળી ચલાવતો નથી એટલે આ રાજકીય મુદ્દાને ચગાવે તેમાં કશું ખોટું નથી. કૉંગ્રેસે સતર્ક રહેવું જોઈએ ને ભાજપને રાજકીય ફાયદો લેવાની તક મળે એવું કશું ના કરવું જોઈએ પણ સોનિયાએ એ તક આપી છે તો હવે માફી માગવામાં પણ સંકોચ ના જ થવો જોઈએ.

કૉંગ્રેસે વંદે માતરમ્ મુદ્દે મુસ્લિમ તુષ્ટિકરણ કરેલું ને ‘વંદે માતરમ્’માં મા સરસ્વતી, દુર્ગા અને લક્ષ્મીના ઉલ્લેખ ધરાવતા અંતરા મુસ્લિમોને ખરાબ લાગશે એ ડરે કાઢી નાખ્યા હતા. ૧૯૩૭માં મુસ્લિમ લીગ દ્વારા અલગ પાકિસ્તાનની માગણી કરાઈ રહી હતી. ફૈઝપુરના ત્યારે કૉંગ્રેસ અધિવેશનમાં જવાહરલાલ નહેરુએ હિંદુ દેવીઓના કારણે મુસ્લિમો વંદે માતરમ નહીં ગાય એવો ડર વ્યક્ત કરેલો. કૉંગ્રેસે આ ડરને સ્વીકારીને બે અંતરા જ રાષ્ટ્રગીત તરીકે માન્ય રાખ્યા ને આઝાદી પછી વંદે માતરમ્ને રાષ્ટ્ગીત ના બનવા દીધું. રાષ્ટ્રીય ગાન તરીકે માન્યતા આપી તો પણ બે અંતરા સાથેના ગીતને જ માન્યતા આપી એ જોતાં કૉંગ્રેસ પણ રાજકારણ રમી જ છે તેથી ભાજપને પણ વંદે માતરમ્ પર રાજકારણ રમવાનો પૂરો અધિકાર છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, મંગળવાર, તા. ૧૮-૮-૨૦૨૬, રાંધણ છઠ્ઠ
- ભારતીય દિનાંક ૨૭, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ સુદ -૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ સુદ -૬
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર સ્વાતિ
- ચંદ્ર તુલામાં,
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતી : બપોરે ક. ૧૫-૧૭, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૦૯ (તા. ૧૯)
- ઓટઃ સવારે ક. ૦૯-૧૪, રાત્રે ક. ૨૧-૪૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – ષષ્ઠી. રાંધણ છઠ્ઠ, સુપાર્દન ષષ્ટિ, શિયાળ ષષ્ટિ, મંગળાગૌરી પૂજન, સિંહાદી (કેરાલા), બુધ પૂર્વમાં લોપ થાય છે. કલ્કી જયંતી. સૂર્ય મહાનક્ષત્ર મઘામાં, વાહન મોર
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- શ્રાવણ મહિમાઃ આજ રોજ બિલિનું વૃક્ષ વાવવું અને બિલીના વૃક્ષ નીચે પાર્થિવ શિવલિંગનું પૂજન કરવું, ૐ નમઃ શિવાયના જાપ કરવા. આજ રોજ ચંદ્ર-મંગળ-રાહુ ગ્રહદેવતાનું પૂજન વિશેષરૂપે કરવું. દેવી પાર્વતીની કૃપા માટે મહિલાઓ મંગલાગૌરી પૂજન આજ રોજ કરે છે. શિવજીને મગ અર્પણ કરાય છે.

મુહૂર્ત વિશેષઃ વાયુ દેવતાનું પૂજન, મંગળ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, શાંતિ પૌષ્ટિક, સર્વ શાંતિ પૂજા, મહેંદી લગાવવી, પર્વ પૂજા નિમિત્તે નવા વસ્રો, આભૂષણ, રત્નધારણ, બી વાવવું, નિત્ય થતાં પશુ લે-વેંચ, ખેતીવાડીના કામકાજ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન,
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ ઉદ્યમી સ્વભાવ, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# શાંતિ ધારા હેઠળ અણુ અકસ્માત થાય તો અમે યોગ્ય વળતર આપી શકીશું?ઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સરકારને એનો ખુલાસો કરવાનું કહ્યું હતું કે સસ્ટેનેબલ હેરનેસિંગ ઍન્ડ એડવાન્સમેન્ટ ઑફ ન્યૂક્લીયર એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા (ભારતના રૂપાંતર માટે અણુઊર્જાનું સતત દોહન અને વિકાસ, નશાંતિથ) કાયદા હેઠળ અદાલતોને પણ વાજબી અને ન્યાયી વળતર આપતા રોકવામાં આવી છે. મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત તથા જસ્ટિસ જોયમાલ્લ્યા બાગચી અને વી. મોહન્નાની બનેલી બેન્ચે કહ્યું હતું કે સરકારે બે બાબતમાં ખુલાસો કરવો જોઈએ. એક તો બંધારણીય અદાલતોના વાજબી અને ન્યાયી વળતર આપવા પર અંકુશ મૂકવામાં આવ્યો છે. બે, અટોમિક એનર્જી રેગ્યુલેટરી બોડીના સભ્યોની નિમણૂકને લગતી કાયદાની ૧૭(૪) કલમ અંગે પણ સરકારે સ્પષ્ટીકરણ આપવું જોઈએ.

સર્વોચ્ચ અદાલત ભૂતપૂર્વ સનદી અધિકારી ઈએએસ સર્માની આગેવાની હેઠળ પ્રાધ્યાપકો અને વિજ્ઞાનીઓ સહિતના અરજદારોએ નોંધાવેલી અરજી સાંભળી રહી હતી. અરજીમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૫નો આ કાયદો બંધારણની કલમ ૧૪, ૧૯ અને ૨૧મી કલમ હેઠળના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

ઍડવોકેટ પ્રશાંત ભૂષણ અને નેહા રથીએ જૂથ વતી રજૂઆત કરતા કહ્યું હતું કે કાયદો કોઈ પણ અણુદુર્ઘટનામાં થનારી જવાબદારીને સીમિત કરે છે.

વડા ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે આમાં ઘણી આશંકા છે. સંસદે અણુ પ્લાન્ટ ઑપરેટરોની જવાબદારીને સીમિત કરી હોવા છતાં તે અદાલતને વાજબી અને ન્યાયી વળતર આપતા રોકી ન શકે

તેમણે કહ્યું હતું કે સંસદે પ્રોજેક્ટ પ્રસ્તાવકને પ્રોત્સાહન આપવા અને રોકાણ લાવવા આ કાયદો પસાર કર્યો છે. ભૂષણે દલીલ કરી હતી કે આને લીધે સુરક્ષામાં કપાત કરવાની ઑપરેટરને છૂટ મળે છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ભાજપની

કામગીરીનું ઇનામ મળ્યું છે, અને પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીતમાં બંસલના યોગદાનની પણ નોંધ લેવામાં આવી છે. રાજ્યસભાના સાંસદ તરુણ ચુઘને રાજ્યસભા સાંસદ અરુણ સિંહના સ્થાને પાર્ટીના કેન્દ્રીય કાર્યાલયના પ્રભારી બનાવવામાં આવ્યા છે. નવી ટીમમાં ઉપાધ્યક્ષની સંખ્યા ૧૧ થી વધારીને ૧૩ કરવામાં આવી છે, જેમાંથી નવ નવા છે.

રાષ્ટ્રીય જનરલ સેક્રેટરીઓની કુલ સંખ્યા પણ અગાઉના ૭ થી વધારીને ૮ કરવામાં આવી છે. ભાજપની નવી ટીમમાં ૧૬ મહામંત્રી છે, જ્યારે અગાઉની ટીમમાં ૧૧ રાષ્ટ્રીય સેક્રેટરી હતા. રાજસ્થાનનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વસુધરા રાજે સિંધિયા, બૈજયંત જય પંડા, રેખા વર્મા અને તારિક મન્સૂરને ઉપાધ્યક્ષ તરીકે યથાવત્ રાખવામાં આવ્યાં છે. નબીએ પાર્ટીના તમામ રાષ્ટ્રીય મોરચાના પ્રમુખો પણ બદલી નાખ્યા છે. ભાજપ પ્રમુખે સાંસદ તેજસ્વી સૂર્યાના સ્થાને ગુજરાતના હેમાંગ જોશીને પાર્ટીના યુવા મોરચાના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. છત્તીસગઢનાં રૂપ કુમારી ચૌધરીએ વાનાથી શ્રીનિવાસનના સ્થાને ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે પદ સંભાળ્યું છે. ઉત્તર પ્રદેશના અમરપાલ મૌર્યને રાજ્યસભા સાંસદ કે. લક્ષ્મણના સ્થાને ઓબીસી મોરચાના પ્રમુખ બનાવવામાં આવ્યા છે.

ગુજરાતનાં વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી, મહારાષ્ટ્રનાં ભારતી પ્રવીણ પવાર, પંજાબના સરદાર મનપ્રીત સિંહ બાદલ, મધ્ય પ્રદેશના લાલ સિંહ આર્ય, કર્ણાટકના એમ. નાગરાજા અને પશ્ચિમ બંગાળનાં મધુચંદ્રા કર રાષ્ટ્રીય ઉપ-પ્રમુખની નવી ટીમમાં સામેલ નવા ચહેરાઓ છે. ભાજપે વિવિધ રાજ્યોમાંથી ૧૬ રાષ્ટ્રીય સેક્રેટરીઓની ટીમમાં મધ્ય પ્રદેશના કવિતા પાટીદાર, કેરળના કે. સુરેન્દ્રન, દિલ્હીના સંદીપ પાઠક અને પશ્ચિમ બંગાળના મનોજ તિગ્ગા સહિત ઘણા નવા ચહેરાઓને સ્થાન આપ્યું છે.

ભાજપે પાર્ટીના સાંસદ અબિલ બલૂનીને રાષ્ટ્રીય મીડિયા કન્વીનર તરીકે યથાવત્ રાખ્યા છે અને તેમની મદદ માટે ત્રણ નવા મીડિયા કો-કન્વીનર નિયુક્ત કર્યા છે. જેમાં આશિષ ઉષા અગ્રવાલ, પ્રદીપ ભંડારી અને સિદ્ધાર્થ યાદવનો સમાવેશ થાય છે. પાર્ટીએ જણાવ્યું હતું કે ભારતના દરેક મુખ્ય ધર્મનું સન્માન થાય તે સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય કાર્યાલયમાં એક શીખ સભ્ય, બે ખ્રિસ્તી સભ્યો અને મુસ્લિમ, જૈન તથા પારસી સમુદાયમાંથી એક-એક સભ્યને સ્થાન આપવામાં આવ્યું છે.અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પૂર્વ વાઇસ ચાન્સેલર પ્રો. તારિક મન્સૂરને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે. કુંવર બાસિત અલીને અલ્પસંખ્યક મોરચાના પ્રમુખ બનાવવામાં આવ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા એ.કે. એન્ટોનીના પુત્ર અનિલ એન્ટોનીને રાષ્ટ્રીય સેક્રેટરી તરીકે યથાવત્ રાખવામાં આવ્યા છે. પંજાબના પૂર્વ નાણામંત્રી મનપ્રીત સિંહ બાદલને ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રનાં પ્રીતિ ગાંધી, દિલ્હીના શિવાનાંદ દ્વિવેદી, ઉત્તરાખંડના આલોક ભટ્ટ અને હરિયાણાના અરુણ યાદવને ભાજપની નવી રાષ્ટ્રીય ટીમમાં સોશ્યલ મીડિયા કો-કન્વીનર બનાવવામાં આવ્યા છે.ભાજપના સાંસદ સમ્બિત પાત્રાને પાર્ટીના ઉત્તર-પૂર્વ કોઓર્ડિનેટર તરીકે યથાવત્ રાખવામાં આવ્યા છે અને રાજીવ બબ્બરને જોઇન્ટ કોઓર્ડિનેટર બનાવવામાં આવ્યા છે. મધ્ય પ્રદેશના બંસીલાલ ગુર્જરને કિસાન મોરચાના પ્રમુખ બનાવવામાં આવ્યા છે. બિહારના શિવેશ કુમાર રામને એસસી મોરચાના પ્રમુખ નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજસ્થાનના મન્નાલાલ રાવતને નવા એસટી મોરચાના પ્રમુખ નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશના કુંવર બાસિત અલીને ભાજપ અલ્પસંખ્યક મોરચાના પ્રમુખ બનાવવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય સેક્રેટરીઓમાં નવા ચહેરાઓમાં ઉત્તર પ્રદેશના ભોલા સિંહ, ઝારખંડના પ્રદીપ વર્મા, ગુજરાતના જગદીશ ઈશ્વરભાઈ પટેલ, નાગાલેન્ડના ફાંગનોન કોન્યાક, ઉત્તર પ્રદેશનાં સંગીતા યાદવ, તમિળનાડુના એમ. વેંકટેશન, બિહારના સિદ્ધાર્થ શંભુ, દિલ્હીના સ્વદેશ સિંહ, આસામના મૃગાંક દેવ બર્મન, ગુજરાતના રોહન ગુપ્તા અને દિલ્હીના જય પ્રકાશનો સમાવેશ થાય છે. ■

### દેશના ૩૨૬ સાંસદ

ડી.કે. શિવકુમાર સામે ૧૯ કેસ છે. હંસારિયાએ રજૂઆત કરી હતી કે ઝડપી ટ્રાયલ સુનિશ્ચિત કરવા માટે ટોચની અદાલત અને ઉચ્ચ અદાલતો દ્વારા કેસોનું નિરીક્ષણ કરવા છતાં, ૨૦૧૮થી સાંસદો અને ધારાસભ્યો સામે પેન્ડિંગ ફોજદારી કેસોની સંખ્યા લગભગ સમાન સ્તરે રહી છે.

વિવિધ ઉચ્ચ અદાલતોમાંથી ડેટા એકત્રિત કરતા, કોર્ટના સલાહકારે સર્વોચ્ચ અદાલતને માહિતી આપી હતી કે ૨૦૨૫ માં ૧૨૪૩ ફોજદારી કેસનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જ્યારે તે વર્ષે ૧૦૫૦ નવા કેસ નોંધાયા હતા. તેમણે કોર્ટને જણાવ્યું હતું કે ભૂતપૂર્વ અને વર્તમાન સાંસદ/ધારાસભ્યો સામે પેન્ડિંગ કેસોની કુલ સંખ્યા ૪૧૯૨ છે. લોકસભામાં, ૫૪૩ સભ્યમાંથી, ૨૫૧ સભ્ય સામે ફોજદારી કેસ છે, જેમાંથી ૧૭૦ કેસ ગંભીર ફોજદારી કેસ છે (પાંચ વર્ષ કે તેથી વધુ કેદની સજાપાત્ર છે).

રાજ્યસભામાં, ૨૩૩ સભ્યમાંથી, ૭૫ (૩૩ ટકા) સભ્ય સામે ફોજદારી કેસ છે, જેમાંથી ૪૦ (૧૮ ટકા) કેસ ગંભીર ફોજદારી કેસ છે (પાંચ વર્ષ કે તેથી વધુ કેદની સજાપાત્ર છે), તેવું એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા પ્રકાશિત અહેવાલનો ઉલ્લેખ કરતી વખતે સોગંદનામામાં જણાવાયું છે. વકીલે ઉત્તર પ્રદેશ સિવાય વિવિધ ઉચ્ચ અદાલતો દ્વારા દાખલ કરાયેલા અહેવાલોનું વિશ્લેષણ પણ દાખલ કર્યું હતું કારણ કે અલહાબાદ હાઇકોર્ટ તરફથી કોઈ અહેવાલ મળ્યો નથી. એડવોકેટ સેન્હા કાલિતા દ્વારા દાખલ કરાયેલા સોગંદનામા મુજબ, કેરળના ૨૦ સાંસદમાંથી ૧૯ (૯૫ ટકા) પર ફોજદારી આરોપો હતા, અને તેમાંથી ૧૧ પર ગંભીર કેસ હતા.

તેલંગાણાના ૧૭ સાંસદમાંથી ૧૪ પર ફોજદારી આરોપો છે (૮૨ ટકા), ઓડિશાના ૭૬ ટકા (૧૬ ટકા) પર ફોજદારી આરોપો છે (૮૨ ટકા). ૨૧), ઝારખંડ ૭૧ ટકા (૧૪ માંથી ૧૦), તમિલનાડુ ૬૭ ટકા (૩૯ માંથી ૨૬), અન્ય મુખ્ય રાજ્યો - ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, બિહાર, કર્ણાટક, આંધ્ર પ્રદેશ - ના લગભગ ૫૦ ટકા સાંસદ પર ફોજદારી કેસ છે. હરિયાણા (૧૦ સાંસદ) અને છત્તીસગઢ (૧૧ સાંસદ)માં ફક્ત એક-એક સાંસદ ફોજદારી કેસનો સામનો કરી રહ્યા છે; પંજાબમાં ૧૩માંથી બે, આસામમાં ૧૪માંથી ત્રણ, દિલ્હીમાં સાતમાંથી ત્રણ, રાજસ્થાનમાં ૨૫માંથી ચાર, ગુજરાતમાં ૨૫માંથી પાંચ અને મધ્યપ્રદેશમાં ૨૯માંથી નવ સાંસદ પર ફોજદારી કેસ છે. ■

### પાકિસ્તાન - સઉદી - તૂર્કી

રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેમાં સામૂહિક સુરક્ષા માટે એક માળખું તૈયાર કરવામાં આવ્યું છે. આ કરાર હેઠળ ત્રણેય દેશોમાંથી કોઇપણ એક દેશ પરના સશસ્ત્ર હુમલાને ત્રણેય દેશો પર હુમલો ગણવામાં આવશે. આ કરાર પર સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, તૂર્કીના પ્રમુખ રેસીપ તૈયપ એર્દોગન અને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે હસ્તાક્ષર કર્યા હતા. ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે હું એ જોઇને બહુ ખુશ છું કે સઉદી અરેબિયા, તૂર્કી અને પાકિસ્તાને તાજેતરમાં અને અંતે મક્કાએ સંયુક્ત સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જે દર્શાવે છે કે પશ્ચિમ એશિયા સંગઠિત થઇ રહ્યું છે અને આ દેશો વધુ અસરકાર રીતે પોતાનું રક્ષણ કરી શકશે. તેમણે લખ્યું કે આ ત્રણેય દેશોના શ્રેષ્ઠ નેતૃત્વને અભિનંદન. ■

### રામમંદિર

ખંડપીઠે રામમંદિર ચંદા-ચોરીની તપાસમાં થયેલી પ્રગતિ અંગેનો અહેવાલ સીલબંધ કવરમાં રજૂ કરવાનો ‘સિટ’ને આદેશ આપ્યો હતો.

તપાસમાં પારદર્શિતા જળવાય અને ગુણવત્તાસભર સુધારો થાય એવી માગણી કરતી અરજીમાં અરજકર્તાઓ દ્વારા કરવામાં આવેલા સૂચનો અંગે નિષ્પક્ષ રીતે વિચારવા ખંડપીઠે ‘સિટ’ને જણાવ્યું હતું.

‘સિટ’ના અહેવાલની ચકાસણી કર્યા બાદ ખંડપીઠે કહ્યું હતું કે રામમંદિરની મુલાકાતે આવતા શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવતા દાનની રકમની વ્યવસ્થામાં સુધારો કરવા સંબંધિત અમુક મુદ્દાઓને મામલે કોર્ટ આદેશ આપે એવી શક્યતા છે.

રામમંદિર ચંદા-ચોરીને મામલે તપાસ યોજવા આઈજીપી કિરણ એસ.ની આગેવાનીમાં ચાર સભ્યની ‘સિટ’ની રચના કરવાના સૂચનની સુપ્રીમ કોર્ટે ૨૭ જુલાઈએ નોંધ લીધી હતી. (એજન્સી) ■

### સુપ્રીમે

સર્વોચ્ચ અદાલતે હાઈ કોર્ટને નિર્દેશ આપ્યો હતો કે જ્યાં સુધી સુપ્રીમ કોર્ટની આગામી સુનાવણી ન થાય ત્યાં સુધી હાઈ કોર્ટે તેની આગામી સુનાવણી ન કરવી.

સિબલે દલીલ કરી હતી કે આ કાયદાની રીતે તદન વિસંગત છે. આ ઉત્પીડન કરનારી પ્રોસેસ છે. આ અતિશય કમનસીબ બાબત છે., આ અરજદાર વારંવાર આવા એક પછી એક પ્રયાસો કરે છે.

તેમણે શિશિરના હાઈ કોર્ટમાં અરજી નોંધાવવાનો આધારને પડકાર્યો હતા. શિશિરે તેનું ઓળખપત્ર પણ આપ્યું નથી. સિનિયર વકીલ સિબલે કહ્યું હતું કે હું એટલું જ કહું છું કે સીબીબીઈએ ફરિયાદ તપાસ્યા સિવાય કશું કર્યું નથી.

વધારાના સોલિસિટર જનરલ એસ. વી. રાજુએ કેન્દ્રની તપાસ સંસ્થા વતી દલીલ કરી હતી કે અત્યાર સુધી કેસમાં અમારી કોઈ ભૂમિકા નથી. જો ફરિયાદમાં દખલપાત્ર ગુનો હશે તો એ ગંભીર બાબત બનશે. (એજન્સી) ■

### વંદે માતરમ્ વિવાદઃ

આગળ ચાલુ રાખવા સામે વાંધો દર્શાવતા હોય એવું લાગતું હતું.

ફરિયાદમાં એક એવા વીડિયોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જેમાં રાહુલ ગાંધી કહી રહ્યા છે કે અમે વંદે માતરમ્ નથી ગાઈ રહ્યા.

ફરિયાદીએ આ મામલે નિષ્પક્ષ તપાસ યોજવાની અને બંને નેતા જો દોષી પુરવાર થાય તો તેમની વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવાની માગણી કરી છે. દરમિયાન ભાજપે કૉંગ્રેસનાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે પર રાષ્ટ્રગીતનું ઘોર અપમાન અને અનાદર કરવાનો આક્ષેપ કર્યો છે.

જોકે કૉંગ્રેસે આ આક્ષેપને ભારપૂર્વક નકારી કાઢ્યો છે. (એજન્સી) ■

### બિહારના

લાગણી વ્યક્ત કરી હતી અને પ્રત્યેક મૃતકના પરિવારને ચાર લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પણ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો અને અસરગ્રસ્ત પરિવારો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી.

ઘટના અને અસરગ્રસ્ત પરિવારો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરતાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આ ઘટનાને કરુણ અને કમનસીબ લેખાવી હતી તેમ જ અસરગ્રસ્તોના પરિવારજનોને શક્ય તમામ સહાય કરવાની સ્થાનિક વહીવટીતંત્રને સૂચના આપી હતી. (એજન્સી) ■

### ઉજ્જૈનમાં

મળ્યું છે. આ દરમિયાન ફરજ પર તહેનાત સુરક્ષા કર્મીઓ દ્વારા ઘાયલોને ભીડમાંથી બહાર નીકાળ્યા અને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યાં હતાં. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ ઘટનામાં ૧૩ થી વધારે શ્રદ્ધાળુઓની હાલત ખરાબ થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ મંદિરની વાત કરવામાં આવે તો મળતી જાણકારી પ્રમાણે સવારથી લઈને અત્યાર સુધીમાં ૬.૧૯ લાખથી વધારે શ્રદ્ધાળુઓ દર્શન કરી ચૂક્યાં છે. નોંધનીય છે કે, નાગચંદ્રેશ્વર મંદિરના દ્વાર વર્ષમાં માત્ર એક જ વખત ખોલવામાં આવે છે. મોટી સંખ્યામાં ભક્તો આવ્યાં હોવાથી આ ઘટના સર્જાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પરંતુ મહત્વની વાત એ છે કે, મંદિર વ્યવસ્થા સમિતિ દ્વારા આ દાવાઓને નકારી દેવામાં આવ્યાં છે. ■

### જુલાઈમાં

ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં એકંદરે બેરોજગારીનો દર વ્યાપક રીતે સ્થિર રહ્યો હતો.

જુલાઈ ૨૦૨૫ની સરખામણીએ શહેરી વિસ્તારમાં જુલાઈ ૨૦૨૬માં બેરોજગારીના ૭.૨ ટકાના દરમાં ૦.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

જૂન ૨૦૨૬ની સરખામણીએ જુલાઈ ૨૦૨૬માં શહેરી વિસ્તારમાં ૧૫ વર્ષથી વધુની વયજૂથના પુરુષોમાં એકંદરે બેરોજગારીનો દર ૫.૩ ટકાથી ઘટીને ૫.૦ ટકા રહ્યો હતો તો આ જ વયજૂથની મહિલાઓમાં આ પ્રમાણ જૂન ૨૦૨૬ના ૪.૯ ટકાની સરખામણીએ જુલાઈ ૨૦૨૬માં ૪.૬ ટકા રહ્યું હતું. (એજન્સી) ■

## પ્રજામત

### સચોટ અને નીડર લેખો પ્રજામતના માધ્યમે રજૂ કરવા વિનંતી

મૂલ્યો અને સિદ્ધાંતોની જાળવણી એ મુંબઈ સમાચારની એક આગવી ઓળખ અને અનોખી પ્રતિભા રહી છે. આપ એ પ્રણાલિકાને મુદ્દે બાંધછોડ કરતા નથી એ બદલ ૨૦૫મા વર્ષના પ્રવેશ નિમિત્તે ધન્યવાદ. જાગૃત પ્રહરીની જેમ તર્કશુદ્ધ મંથન સાથે રાષ્ટ્રમાં બનતી ઘટનાઓ તથા દેશ-વિદેશના સળગતા પ્રશ્નો બાબતે નીડર અને તટસ્થ બનીને હિંમતપૂર્વક સાચી વાત રજૂ કરો છો. કેટલાક લેખો, કટારો સુંદર-પ્રાસંગિક અને વિચારપ્રેરક છે. સદ્વાચનની આ સામગ્રી ચાલુ રહે. સાથે પ્રજાની સમસ્યાઓ અને તેમને કનડતી મૂંઝવણને વાચા આપતા અને તેનું કાયમી નિરાકરણ કરતા લેખોને પણ પ્રાધાન્ય અપાય તો સારું. સરકારનાં સારાં-ઉમદાં કાર્યોની-નિર્ણયોની સરાહના કરતા તથા જુલમી બાબતોનો સખત વિરોધ કરતા વાચકોના પત્રો (પ્રજામત) એ તંત્રીલેખ સાથે અખબારની આંખો છે જે પ્રજાના આવાજને-આક્રોશને વાચા આપે છે અને દેશના લોકોના સદ્વિચાર ઘડતરમાં અમૂલ્ય ફાળો આપે છે. ખોટાને ખોટું કહેવાની પ્રજાની ખુમારી અને સત્ત્વને રજૂ કરવાની તક છીનવાઈ જશે તો અખબાર મીઠા વગરના ભોજન જેવું નીરસ બની જવાની શક્યતા છે.

-સેવંતીભાઈ મ. સંઘવી (થરાદ), અંધેરી

### છૂટા ફરતા અસલી ગુનેગાર

અમદાવાદમાં ૨૦૦૮માં ક્રાઇમ થાય છે અને એનો ચુકાદો ૨૦૨૬માં આવે છે. આટલાં વર્ષે ચુકાદાની અસર કેટલી થશે? વર્ષો પછી આવા ચુકાદા આવે તો એનો અર્થ શું? ક્રાઇમ થયો છે, મતલબ કોઈ ને કોઈ ગુનેગાર તો છે જ. હવે આટલાં વર્ષો પછી આવા ગુનેગારને શોધવા કેવી રીતે? ચુકાદા તરત આવવા જોઈએ તો જ એની અસર અચૂક રહે અને અસલ ગુનેગારો પકડાય. આમ તો ભારતીયોને કાયદા અને પોલીસમાં વિશ્વાસ કેવી રીતે બેસે? અસલી ગુનેગારો છૂટા ફરતા રહે તો તેમનો આત્મવિશ્વાસ વધી જશે અને ક્રાઇમમાં સતત વધારો થતો રહેશે.

-રાજકુમાર ગાંગજી ગાલા, ઘાટકોપર

### નવી નજરે... નવા અંદાજે

ચાલો જગતને નવા અંદાજે,
નવી આશાભરી નજરે જોઈએ.
નવી આશાએ, નવી નજરે
દુનિયાને વિકાસલક્ષી થતી જોઈએ.
થઈ ગયાનો અફસોસ શું કરવો,
સમય શું કોઈની જાગીદારી છે?
સમયને બસ તકરૂપી જોઈએ,
ભુતકાળ તો ન પાછી આવનારી પળો છે,
જે હાથમાં છે, શ્વાસમાં છે તેની મજા માણીએ.
ચાલો જગતને નવા અંદાજે,
નવી આશાભરી નજરે જોઈએ.

-હર્ષદ દડિયા, ઘાટકોપર

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

# ભૂપેન્દ્ર પટેલે સૅન ફ્રાન્સિસ્કોમાં ગુજરાતી ડાયસ્પોરા સાથે બેઠક અને સંવાદ યોજ્યો



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ-૨૦૨૭માં યુ.એસ. કેનેડાના ઉદ્યોગ-રોકાણકારોને સહભાગી થવા અને ગુજરાતમાં નિવેશ-ઉદ્યોગ સંસ્થાપન માટે આમંત્રણ આપવા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ ઉચ્ચસ્તરિય ડેલિગેશન સાથે યુ.એસ. અને કેનેડાના સાપ્તાહિક પ્રવાસે ગયા છે. અહીં તેમણે સાન ફ્રાંન્સીસ્કોમાં વસતા ગુજરાતી સમુદાયો સાથે બેઠક યોજીને ગુજરાતની પ્રભાવક વૈશ્વિક વિકાસ ગાથા પ્રસ્તુત કરી હતી, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

તેમણે અહીં સંબોધન કરતા જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્ર સાથે જે વિકાસની ગતિ દેશને આપી છે તેમાં ગુજરાત દેશના સર્વગ્રાહી વિકાસથી ગ્રોથ એન્જીન તરીકે પ્રથાપિત થયું છે. એટલુ જ નહિ, વિકસિત ભારત-૨૦૪૭નો જે સંકલ્પ વડાપ્રધાનએ કર્યો છે તેમાં પણ વિકસિત ગુજરાત-૨૦૪૭થી લીડ લેવાનો આપણો સંકલ્પ છે. ગુજરાત સેમીકન્ડક્ટર, એઆઈ, ડેટાસેન્ટર અને બાયોટેકનોલોજી જેવા ન્યુ એજ સેક્ટર્સમાં હબ બનીને વડાપ્રધાનના વિકસિત ભારતનો આ સંકલ્પ વિકસિત ગુજરાતથી સાકાર કરશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૨૭ એ માટે વધુ એક સક્ષમ પ્લેટફોર્મ બનશે એવો વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે સાન ફ્રાંન્સીસ્કોના ગુજરાતી સમુદાયો, ઉદ્યોગ-વેપાર અગ્રણીઓને આ સમિટમાં જોડાવા આમંત્રણ પણ પાઠવ્યું હતું.

ભૂપેન્દ્ર પટેલ સાથે ગુજરાતી સમુદાયના લોકોએ પ્રશ્નોત્તરી કરીને રાજ્યના સર્વાંગી વિકાસની ગતિ અને પ્રગતિની વિગતો જાણવામાં ખૂબ જ ઉત્સુક્તા દાખવી હતી. તેમણે ગુજરાતી સમુદાયો ખાસ કરીને સિલીકોન વેલીમાં સેમિકન્ડક્ટર, એઆઈ ટેકનોલોજી અને ઈનોવેશનના ઈમર્જીંગ સેક્ટરમાં જે નોંધપાત્ર યોગદાન આપે છે તેની પ્રસંશા કરી હતી. તેમણે આ સંદર્ભમાં કહ્યુ હતું કે આવી વૈશ્વિક પ્રતિભાઓ અને તેમના વતન રાજ્ય ગુજરાતની કંપનીઓ, ઉદ્યોગો વચ્ચે એક સુદ્રઢ સેતુ ગુજરાત સરકાર બનાવવા માંગે છે. આના પરિણામે નોલેજ શેરિંગ, ટેકનોલોજી સહયોગ અને માર્ગદર્શનની નવી વૈશ્વિક તકો રાજ્યમાં ખૂલશે અને વિકસિત ભારત-૨૦૪૭ના લક્ષ્યો ઝડપથી સિદ્ધ થઈ શકશે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. ગુજરાતી સમુદાયો સાથે ભાવાત્મક અનુસંધાન સાધતા તેમણે કહ્યું હતું કે, વતન રાજ્યથી હજારો કિલોમીટર દૂર વસતા હોવા છતાં પણ સાન ફ્રાંન્સીસ્કોના ગુજરાતી પરિવારોએ ગુજરાતી ભાષા, તહેવારો, ઉત્સવ અને મૂલ્યો જીવંત રાખ્યા છે તે સૌ ગુજરાતીઓનું ગૌરવ ઉજાગર કરે છે. ■

# આશ્રમરોડ અને વાડજ જતા-આવતા વાહનચાલકો માટે ખુશખબરઃ વાડજ ફ્લાયઓવર ટૂંક સમયમાં ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાડજ સર્કલ નજીક નવો ચાર-લેન ફલાયઓવર હવે સંપૂર્ણપણે તૈયાર થઈ ગયો છે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) દ્વારા અંદાજિત રૂ. ૧૦૭ કરોડના ખર્ચે બાંધવામાં આવેલો ૭૦૦ મીટરથી વધુ લાંબો ફ્લાયઓવર સપ્ટેમ્બરમાં ટ્રાફિક માટે ખુલ્લો મુકવામાં આવે તેવી અપેક્ષા છે.

ત્રણ વર્ષ પહેલાં શરૂ કરાયેલા આ પ્રોજેક્ટથી ઉસ્માનપુરા, રાણીપ, આશ્રમ રોડ, ભીમજીપુરા અને શાહીબાગ વચ્ચે મુસાફરી કરતા ૧ લાખથી વધુ વાહનચાલકોને ફાયદો થવાની અપેક્ષા છે.

હાલમાં, વાડજ સર્કલની આસપાસના સિગ્નલો પર, ખાસ કરીને પીક અવર્સ દરમિયાન, ટ્રાફિક જામ જોવા મળતો હોય છે.

ફ્લાયઓવરને ટ્રાફિક માટે ખુલ્લો મૂકતા પહેલા તેની માળખાકીય મજબૂતાઈ અને સલામતીનું મૂલ્યાંકન કરવા માટે અધિકારીઓ હાલમાં અંતિમ નિરીક્ષણ કરી રહ્યા છે. ચાલુ લોડ-ટેસ્ટિંગ કવાયતના ભાગ રૂપે ભારે અને ઓવરલોડેડ વાહનોની પણ તપાસ કરવામાં આવી રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

નવા ફલાયઓવરને વાડજ જંકશનથી બે શાખાઓ સાથે ડિઝાઇન કરવામાં આવ્યો છે. એક શાખા ઉસ્માનપુરાને રાણીપ સાથે જોડશે, જે લગભગ ૭૦૦ મીટર સુધી ફેલાયેલી છે. તે લગભગ ૧૫ મીટર પહોળી છે અને ચાર લેન ધરાવે છે. બીજી શાખા ઉસ્માનપુરાને ગાંધી આશ્રમ સાથે જોડશે, જેની લંબાઈ લગભગ ૩૬૫ મીટર અને પહોળાઈ લગભગ ૫.૫ મીટર છે.

હાલમાં વાડજ સર્કલ પર ભારે ટ્રાફિક જેમ રહે છે. પીક અવર્સમાં રાણીપ અને ગાંધીઆશ્રમ તરફ જતા વાહનો ફ્લાયઓવરનો ઉપયોગ કરશે તો આ ટ્રાફિકમાં ઘણો જ ઘટાડો આવશે જે સરવાળે સમય અને ઇંધણની બચત કરશે. ■

# ગાડીઓ ભાડે આપતી ગો વીથ ઝૂપની ૧૫ ગાડી ગ્રાહકો લઈ ગયા હોવાની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તમારી મનપસંદ ગાડી તમને ચોક્કસ સમય માટે ભાડે મળી જાય અને સેલ્ફ ડ્રાઇવ કરી જવાય તેવી સુવિધા આપતી અમદાવાદની ગો વિથ ઝૂપ કંપનીની ૧૫ ગાડીઓ જુદા જુદા સમયે જુદા જુદા ગ્રાહકો લઈ ગયા અને ત્યાર બાદ ગાડીના જીપીએસ બંધ કરી દીધા અને ફોન સ્વિચ્ડ ઓફ કરી દીધા છે. આ બાબતે કંપનીના માલિક સૌરભ મોહનભાઈ ગુપ્તાએ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ ઇન્સ્પેક્ટર એ.બી. ભટ્ટે વધુ તપાસ શરૂ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. તમારી મનપસંદ ગાડી પસંદ કરીને લઈ જવાની, તેના માટે એડવાન્સમાં ભાડું ચૂકવવાનું તથા ઓફિસમાં લાઇસન્સ અને એક જામીનનું કાર્ડ જમા કરાવવાનુંઆવી સેવા ઘણા લાંબા સમયથી અમદાવાદમાં ઠેર ઠેર ચાલી રહી છે.

ત્યારે અમદાવાદમાં ઇન્દ્રપ્રસ્થ ટાવર પાસે ગો વિથ ઝૂપની ઓફિસ ધરાવતા સૌરભ ગુપ્તાએ એવી ફરિયાદ નોંધાવી હતી કે તેમની અમદાવાદ અને રાજસ્થાનમાં કુલ ૧૫ ઓફિસ છે.

તેમની પાસે હાલ ભાડે આપવા માટે ૩૬૨ ગાડી છે, જે પૈકી ૮૨ ગાડી તેમની માલિકીની છે. હવે જુદા જુદા સમયે તેમની ચાર થાર, એક ઓડી, ફોર્ચ્યુનર, સ્વિફ્ટ, અર્ટિગા, સ્કોર્પિયો સહિતની ૧૫ ગાડી તેમણે ભાડે આપી હતી. દરેક ગાડીમાં એક કરતાં વધારે જીપીએસ સિસ્ટમ લગાવવામાં આવી હોય છે. નિયત સમય પૂરો થાય કે તરત જ ઓફિસથી ભાડે લઈ જનારને ફોન કરવામાં આવતો હોય છે અને ગાડી જે રૂટ પર જવાની હોય તેના સિવાય પણ જાય તો તેના માટે પણ પૂછપરછ કરવામાં આવતી હોય છે.

હવે આવી ૧૫ ગાડી ભાડે લઈ જવાયા બાદ જે લોકો ગાડી ભાડે લઈ ગયા હતા, તેમણે ગાડીના જીપીએસ બંધ કરી દીધા છે અને ફોન પણ બંધ કરી દીધા છે. જેને પગલે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ગાડી ભાડે લઈ જનારામાં અમદાવાદ, ખેડા, વિસનગર, સાબરકાંઠા, પંચમહાલ અને રાજસ્થાનના ગ્રાહકોનો સમાવેશ થાય છે. ■

## નાનાં ઘરોને ગુજરાત સરકાર વિનામૂલ્યે સોલાર રૂફટોપ્સ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર નાના ઘર ધરાવતા લોકોને સોલાર રૂફટોપ્સ એટલે કે સોલાર પેનલ વિનામૂલ્યે આપવા અંગે વિચાર કરી રહી છે, જે અંતર્ગત ૫૦ ચોરસ મીટરથી નાના મકાનોને ફ્રી સોલાર રુફટોપ આપવામાં આવશે. આ પ્રસ્તાવિત યોજના શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોને આવરી લેશે અને ટૂંક સમયમાં તેનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ થવાની શક્યતા છે.સૂત્રોએ જણાવ્યું હતું કે આ પહેલથી ગરીબ અને મધ્યમ આવક ધરાવતા પરિવારોને ફાયદો થશે, સાથે સાથે રાજ્ય આ ઉત્પાદિત વીજળીનો વાણિજ્યિક (કમર્શિયલ) ઉપયોગ પણ કરી શકશે.

પ્રસ્તાવિત યોજના હેઠળ, રાજ્ય સરકાર યોગ્યતા ધરાવતા ઘરો પર રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપિત કરશે, જેમાં લાભાર્થીઓએ કોઈ ખર્ચ ભોગવવો પડશે નહીં. આ સિસ્ટમ દ્વારા ઉત્પન્ન થતી વીજળી રાજ્યની ગ્રીડમાં સપ્લાય કરવામાં આવશે અને તેને વાણિજ્યિક દરે ઉદ્યોગો અને અન્ય ગ્રાહકોને આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે રૂફટોપ સોલાર ઇન્સ્ટોલેશનમાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે. રહેણાંક ગ્રાહકોને તેમના વીજ બિલમાં રાહત આપવા માટે 'સૂર્ય ગુજરાત યોજના' શરૂ કરવામાં આવી હતી. છેલ્લા વર્ષ દરમિયાન ૫૫૦.૧૯ મેગાવોટની કુલ ક્ષમતા ધરાવતી ૧,૩૭,૯૧૪ રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવામાં આવી હતી. ■

# ગુજરાતમાં મહિલાઓ પણ કરી શકશે નાઈટશિફ્ટ્સ, સરકાર નિયમોમાં ફેરફાર કરવાની તૈયારીમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર ગુજરાત શૉપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ (રોજગારનું નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ માં અનેક ફેરફારો લાવવાની તૈયારીમાં છે, જેમાં રાજ્યભરમાં મહિલાઓને રાત્રિ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી આપવાનો અને દુકાનો અને સ્થાપનાઓ માટે લાયસન્સની જરૂરિયાત માટે કર્મચારીની મર્યાદા બમણી કરવાનો સમાવેશ થાય છે, એમ રાજ્ય સરકારના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું. પ્રસ્તાવિત સુધારાઓ ઓમ્નિબસ એક્ટનો એક ભાગ છે, જે ગુજરાતના વ્યવસાય કરવાની સરળતા રહે તે માટે આવનારા ચોમાસું સત્રમાં પ્રસ્તાવિત કરવામાં આવે, તેવી શક્યતા છે. કેન્દ્ર સરકાર દ્વારા અનેક વિભાગોમાં સુધારા લાવવા માટે અપાયેલી માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ માટે ફેરફાર કરવામાં આવશે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. દુકાનો અને સ્થાપના અધિનિયમની હાલની જોગવાઈઓ હેઠળ, મહિલાઓને ફક્ત મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવતા વિસ્તારોમાં જ રાત્રિ શિફ્ટમાં કામ કરવાની પરવાનગી છે. પ્રસ્તાવિત સુધારાથી આ પ્રતિબંધ દૂર થશે, જેનાથી મહિલાઓને લાગુ પડતી સલામતી અને અન્ય શરતોને આધીન સમગ્ર ગુજરાતમાં રાત્રિ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી મળશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. બીજો એક મહત્વપૂર્ણ ફેરફાર દુકાનો અને સંસ્થાઓના ફરજિયાત લાઇસન્સ માટે કર્મચારી મર્યાદા વધારવાની શક્યતા છે. હાલમાં, ૧૦ કર્મચારી સુધીના કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓને લાઇસન્સિંગની જરૂરિયાતમાંથી મુક્તિ આપવામાં આવી છે. સરકાર આ મર્યાદાને બમણી કરીને ૨૦ કર્મચારી સુધી કરવાનો પ્રસ્તાવ મૂકી રહી છે, જેનાથી નાની સંસ્થાઓ પર બોજ ઓછો થશે. આ સાથે કામ કરવાના કલાકોના નિયમમાં પણ ફેરફાર કરવા અંગે રાજ્ય સરકાર વિચારી રહી છે. શૉપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટમાં પ્રસ્તાવિત ફેરફારો ઓમ્નિબસ એક્ટમાં એકીકૃત કરવાનો એક ભાગ છે. કાયદાઓમાં અલગ-અલગ સુધારા કરવાને બદલે, સરકાર વિભાગોમાં ફેરફારોને એક જ કાયદામાં સમાવિષ્ટ કરવાની યોજના ધરાવે છે.■

# હર્ષ સંઘવીના હસ્તે ભરૂચ જિલ્લામાં ₹ ૪૮૨ કરોડના વિવિધ પ્રોજેક્ટની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદઃ ભરૂચ જિલ્લામાં મહિલા સશક્તિકરણ, રોજગારી, ઔદ્યોગિક સંરક્ષણ અને વિકાસને વધુ સુદ્રઢ બનાવવાના આશયથી અંકલેશ્વર જીઆઈડીસી ખાતે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે જિલ્લાને રૂ. ૪૮૨ કરોડના વિવિધ પ્રકલ્પોની ભેટ આપવામાં આવી હતી. મહિલાઓની સુરક્ષા, સન્માન અને આર્થિક સ્વાવલંબન માટે ભરૂચ પોલીસની પ્રશંસનીય પહેલ પ્રોજેક્ટ અસ્મિતા અંતર્ગત ભરૂચ જિલ્લાની ૧૩ કંપનીઓના સહયોગથી ૫૨૬ જેટલી દીકરીઓને વિવિધ કંપનીઓમાં નોકરી માટેના નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. દહેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જીએફએલ કંપનીમાં થયેલ રૂ. ૩.૧૬ કરોડથી વધુની ઘરફોડ ચોરીનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી દેવામાં આવ્યો હતો. જે અંતર્ગત ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ હેઠળ રિકવર કરાયેલ તમામ મુદ્દામાલ મૂળ માલિકને ચેક સ્વરૂપે પરત સોંપવામાં આવ્યો હતો. આ ઉપરાંત ભરૂચ પોલીસ વિભાગની સરાહનીય કામગીરી બદલ 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ ભરૂચ પોલીસને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંઘવીએ કહ્યું હતું કે આપણું વહીવટી તંત્ર પણ રીત-રિવાજ, સંસ્કાર અને વિકાસના કાર્યો આ બધા જ વિષયોને સાથે લઈને આગળ વધનારું વહીવટી તંત્ર છે. જે ખરેખર પ્રશંસાને પાત્ર છે. વધુમાં, ગેરકાયદે વ્યાજખોરોના દૂષણમાંથી સામાન્ય નાગરિકોને મુક્તિ અપાવવી, જટિલ કાનૂની પ્રક્રિયા વગર જ નાણાં પરત અપાવવા અને ચોરી થયેલા માલસામાનની ઝડપી રિકવરી કરીને માલિકોને પરત સોંપવા જેવા પ્રજાભિમુખ કાર્યો પોલીસે હાથ ધર્યા છે. ■

# લાખોના કોપરના કેબલ ચોરવાનો પ્રયાસ પોલીસે નિષ્ફળ બનાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કોપરનો ભાવ ઘણો જ ઊંચો હોવાથી કોપરના કેબલની ચોરી થતી હોય છે. આવી જ એક ચોરીનો પ્રયાસ અમદાવાદના વાસણા વિસ્તારમાં સિક્યોરિટી ગાર્ડની સતર્કતાથી પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો. આ અંગે મળતી વિગતો અનુસાર શનિવારે વહેલી સવારે વાસણા નજીક મનપાના કર્મચારીઓ તરીકે પોતાને ઓળખાવી ચાર શખ્સે ક્રેનનો ઉપયોગ કરીને બીએસએનએલ ડક્ટમાંથી કોપર કેબલ ચોરી લીધા હતા. શંકાસ્પદ લાગતા બીએસએનએલના એક સુરક્ષા ગાર્ડે કંપનીને ફોન કરી સતર્ક કરી હતી. કંપનીએ પોલીસને જણાવતા પોલીસે ચાર જણની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી રૂ. ૭ લાખની કિંમતનો લગભગ ૨૨૦ મીટર કેબલ મળી આવ્યો હતો. પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર બીજા અમુક લોકો ભાગી ગયા હતા. વાસણા પોલીસમાં બીએસએનએલના એક અધિકારી દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવાયું હતું કે રાત્રે ૨ વાગ્યાની આસપાસ ગાર્ડે જીબી શાહ કોલેજની સામેના સ્થળે ક્રેન જોઈ હતી. તે માણસોએ કથિત રીતે તેમને કહ્યું કે તેઓ મનપાના અધિકારીઓ છે અને ડક્ટ ખોલતી વખતે તેમને બાજુમાં બેસવાનું કહ્યું અને કોપર કેબલ કાપવાનું શરૂ કર્યું હતું. જોકે ગાર્ડને વિસ્વાસ ન બેસતા તેમણે તેમના અધિકારીને ફોન કર્યો હતો અને અધિકારીએ પોલીસને જણાવતા ચોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. પોલીસસૂત્રોએ જણાવ્યું હતું કે તેમને કાપેલી હાલતમાં ૧,૨૦૦ જોડી કોપર કેબલનો લગભગ ૨૨૦ મીટરનો જથ્થો, ગુજરાતના નોંધણી નંબરવાળી ક્રેન ઉપરાંત પાંચ હેલ્મેટ, ચાર મેટલની સાંકળો, છ લોખંડની કરવત, એક દંડૂકો, એક હથોડી અને એક ટોર્ચ મળી આવી છે. આરોપીઓના ભાગી છૂટેલા અજાણ્યા સાથીઓ સામે પણ કેસ નોંધવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# હેકાથોન રાજ્યના ૮૦ હજારથી વધુ સીસીટીવી કૅમેરા એક જ નેટવર્ક પર લિંક થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ સક્ષમ, સચોટ અને ટેકનોલોજી આધારિત બનાવવાના ઉદ્દેશ સાથે ગુજરાત પોલીસ દ્વારા ગુજરાત પોલીસ ઇનોવેશન ચેલેન્જ ૨૦૨૬ અંતર્ગત દેશની સૌથી મોટી સીસીટીવી ઇન્ટિગ્રેશન અને એઆઈ આધારિત હેકાથોનનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકના માર્ગદર્શન હેઠળ યોજાનારી આ હેકાથોનમાં દેશભરના ઇનોવેટર્સ, સ્ટાર્ટઅપ્સ, ટેકનોલોજી કંપનીઓ, ડેવલપર્સ અને સંશોધકોને એક મંચ પર લાવવામાં આવશે. ગુજરાતના વિવિધ સરકારી વિભાગોમાં અલગ-અલગ વેન્ડર્સ, ટેકનોલોજી, વીએમએસ પ્લેટફોર્મ અને નેટવર્ક આર્કિટેક્ચર પર કાર્યરત સીસીટીવી કેમેરાઓને એકીકૃત કરવાનો પ્રયાસ કરવામાં આવશે. રાજ્યના ૮૦ હજારથી વધુ કેમેરા સાથે ઇન્ટિગ્રેટ થઈ શકે તેવા સ્કેલેબલ સોલ્યુશન્સ વિકસાવી મજબૂત, ઝડપી અને અસરકારક પબ્લિક સેફ્ટી ઇકોસિસ્ટમ ઊભી કરવી હેકાથોનનો મુખ્ય હેતુ છે. હેકાથોનની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે દેશમાં પ્રથમવાર સ્પર્ધકોને લાઇવ કેમેરા ફીડ્સ પર વાસ્તવિક પરિસ્થિતિમાં કામ કરવાની તક મળશે. શંકાસ્પદ વ્યક્તિઓ, વાહનો અને અસામાન્ય ગતિવિધિઓની રિયલ-ટાઇમ ઓળખ, તાત્કાલિક એલર્ટ સિસ્ટમ, ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન, વ્હીકલ ટ્રેકિંગ, વોચલિસ્ટ મેચિંગ અને ક્રોસ-કેમેરા સર્ચ જેવી ક્ષમતાઓનું વાસ્તવિક પરીક્ષણ કરવામાં આવશે. વિજેતા ટીમોને રૂ.૩૭ લાખના રોકડ પુરસ્કાર આપવામાં આવશે. ■

## નરોડામાં ૧૦.૯૭ લાખનો દારૂ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

નરોડાઃ સ્ટેટ મોનિટરિંગ સેલે શહેરમાં દરોડાની હેટ્રિક કરી નરોડામાંથી વિદેશી દારૂના ૧૦.૯૭ લાખના જથ્થા સાથે રૂ. ૩૨ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો છે. બે રીઢા બુટલેગરો દ્વારા નરોડા જીઆઈડીસીમાંથી બે લક્ઝરીયસ ગાડીઓમાંથી દારૂનું કટિંગ કરવામાં આવતું હતું. ત્યારે મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડીને દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. જોકે, બુટલેગરો ભાગી જવામાં સફળ રહ્યા હતા. સ્ટેટ મોનિટરિંગ સેલના મયુર ચાવડા અને ઇન્સ્પેક્ટર મિતેશ ત્રિવેદીની ટીમને બાતમી મળી હતી કે રીઢા બુટલેગરો હારૂન જબ્બાર શેખ તથા મુકેશ ઉર્ફે મુકો શૂટર રમેશજી વાઘેલાએ ફરીથી દારૂનો વેપલો શરૂ કરી દીધો છે. તેઓ નરોડા જીઆઈડીસી ફેઝ-૧ ખાતે અમી એન્ટરપ્રાઇઝ નામની ફેક્ટરી પાસેની અવાવરુ જગ્યામાં દારૂનું કટિંગ કરી રહ્યા હોવાની બાતમી મળી હતી. જે બાતમીના આધારે ઇન્સ્પેક્ટર ત્રિવેદી તથા મહિપતસિંહ સહિતના કર્મચારીઓની ટીમે રાત્રે અમી એન્ટરપ્રાઇઝ પાસે વોચ ગોઠવાઈ ગઈ હતી. ત્યારે અંધારામાં બે ગાડીઓમાંથી દારૂની બોટલો અન્ય ટુ-વ્હીલરમાં મૂકવાની તૈયારીઓ ચાલી રહી હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું.■

# અમદાવાદ મનપા પગપાળા ચાલનારાઓ માટે ફૂટપાથ નેટવર્ક બનાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) શહેરભરમાં ''પેડસ્ટ્રિયન ફર્સ્ટ'' ફૂટપાથ નેટવર્કનું આયોજન કરી રહી છેજેનો ઉદ્દેશ્ય સમગ્ર શહેરમાં ચાલનારાઓને સુરક્ષિત અને સુવિધાજનક વ્યવસ્થા મળે તે છે. આ યોજના હેઠળ, મનપા ફૂટપાથ પર ઓછામાં ઓછી ૧.૮૦ થી ૨ મીટરની ખાસ ચાલવાની જગ્યા જાળવશે, સાથે ઝેબ્રા ક્રોસિંગ, ચાલનારાઓ માટે સિગ્નલ, રોડ માર્કિંગ, રેમ્પ અને સુધારેલા સાઇનેજ જેવી સુવિધાઓ પણ રાખશે. વ્યસ્ત રસ્તાઓ, જંકશન, શાળાઓની નજીક, બસ સ્ટોપ અને અન્ય વધુ પડતા લોકો માટે ખુલ્લા અને અવરોધ વિનાના પગપાળા ચાલનારા લોકો માટે ના રસ્તા બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. ફૂટપાથને અલગ અલગ વિસ્તારો તરીકે વિકસાવવાને બદલે, જંકશન, બસ સ્ટોપ, ઈમારતોના એન્ટ્રીગેટ અને અન્ય મુખ્ય સ્થળો સાથે જોડવાની યોજના ધરાવે છે જેથી એક સીમલેસ વૉકિંગ નેટવર્ક બનાવી શકાય. મનપા પગપાળા ચાલનારાઓની જગ્યા રોકતા અવરોધોને દૂર કરશે અથવા અન્યત્ર ખસેડાશે, જેમાં યુટિલિટી બોક્સ, સાઇનબોર્ડ, સ્ટ્રીટ ફર્નિચર, બાંધકામ સામગ્રી અને અનધિકૃત પાર્કિંગનો સમાવેશ થાય છે. ■



**જય મહાકાલ :** ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિર જેવી અનુભૂતી કરાવતું મંદિર અમદાવાદમાં્ પણ આવેલું છે. અમદાવાદમાં આવેલું શ્રી કૃષ્ણપ્રિયકુંજ મહાકાલ મંદિર સરદારનગર વિસ્તારમાં છે. અહીં પણ લોકોએ શ્રાવણ મહિનાના પહેલા સોમવારે દર્શન લ્હાવો લીધો હતો.

# રાજ્ય સરકાર દ્વારા પંચાયત તલાટી અને મહેસૂલી તલાટી વચ્ચે કામગીરીની સ્પષ્ટ વહેંચણી અને જોબ ચાર્ટ જાહેર

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા મહેસૂલી તલાટી અને પંચાયત તલાટી-કમ-મંત્રીની કામગીરી તથા જવાબદારીઓ અંગે લાંબા સમયથી ચાલી રહેલી વિચારણાના અંતે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા પંચાયત તલાટી અને મહેસૂલી તલાટી વચ્ચે કામગીરીની સ્પષ્ટ વહેંચણી અને જોબ ચાર્ટ જાહેર કરાયો છે, તેવી માહિતી પંચાયત પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. ગ્રામીણ સ્તરે નાના મોટા ૯૦ થી ૧૦૦ જેટલા કામો અને જો વિષય પ્રમાણે અલગ કરીએ તો કુલ ૨૯૦ જેટલા પ્રજાલક્ષી કામોનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી ગ્રામ્ય કક્ષાએ મહેસૂલી તલાટી તથા પંચાયત તલાટી-કમ-મંત્રી વચ્ચેની કામગીરી અને જવાબદારીઓ અંગે વધુ સ્પષ્ટતા આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નક્કી કરાયેલા જોબચાર્ટ મુજબ પંચાયત તલાટી-કમ-મંત્રી દ્વારા પંચાયત અધિનિયમ અને નિયમો અન્વયે ગ્રામ પંચાયત સચિવ તરીકે કરવાની થતી તમામ કામગીરી કરવાની રહેશે. આ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની વ્યક્તિગત તથા વિકાસલક્ષી યોજનાઓની ગ્રામ્ય કક્ષાએ અમલીકરણની કામગીરી, વિવિધ પ્રમાણપત્રોની કામગીરી, ગ્રામ્ય કક્ષાએ ગ્રામતળ, ગૌચર તથા પંચાયત હસ્તકની જમીન દબાણ વિશેષની કામગીરી, જાહેર મિલકતો અંગેની કામગીરી, ગામમાં સ્વચ્છતા, પાણી પુરવઠો, વૃક્ષારોપણ, ગ્રામસભા તથા વિવિધ સમિતિઓની કામગીરી સહિતની જવાબદારીઓ જોબચાર્ટમાં નિર્ધારિત કરવામાં આવી છે. ■

## સંસ્થા સમાચાર

### ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

શ્રી નાગરદાસ ડી. ભૂતા હાઈ સ્કૂલ, અંધેરીમાં ભારતનો ૮૦મો સ્વાતંત્ર્ય દિવસ ખૂબ જ ઉત્સાહ, દેશભક્તિ અને રાષ્ટ્રગૌરવની ભાવના સાથે ઊજવવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા માનનીય મહેમાનોને આપવામાં આવેલા શિસ્તબદ્ધ અને ગૌરવપૂર્ણ ગાર્ડ ઑફ ઓનરથી થઈ. ત્યાર બાદ મુખ્ય અતિથિ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો. ઉપસ્થિત જનસમુદાયે એકસાથે રાષ્ટ્રગાન ગાઈને રાષ્ટ્ર પ્રત્યેના ગૌરવ અને સન્માનની ભાવના વ્યક્ત કરી. પ્રી-પ્રાઇમરી, પ્રાઇમરી અને સેકન્ડરી વિભાગના વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો રજૂ કર્યાં જેમાં માતૃભૂમિની આઝાદી માટે પોતાના જીવનનું બલિદાન આપનાર અસંખ્ય ભારતીયોના સાહસ, સંઘર્ષ અને બલિદાનની સુંદર અભિવ્યક્તિ જોવા મળી. મનમોહક અને ઊર્જાસભર નૃત્ય પ્રસ્તુતિઓએ પણ કાર્યક્રમમાં ચારચાંદ લગાવી દીધા. આ નૃત્યો દ્વારા એકતા, સૌહાર્દ, ભાઈચારો અને રાષ્ટ્રીય એકતાનો શક્તિશાળી સંદેશ આપવામાં આવ્યો.

### સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

કાંદિવલીમાં રિક્રિએશન ક્લબ ખાતે સ્વાતંત્ર્ય દિવસ ખૂબ જ ઉત્સાહ અને દેશભક્તિના માહોલમાં ઊજવવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત ટેબલ ટેનિસના ગોલ્ડ મેડલિસ્ટ જીતુ માવાણી દ્વારા ધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી. આ પ્રસંગે ક્લબ ખાતે બાળકોના રમવાના વિસ્તારનું અસ્પી ભૂમિના સહકારથી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ક્લબના સભ્યો, મહેમાનો અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વાતાવરણમાં એકતા, ગૌરવ અને દેશપ્રેમની ભાવના જોવા મળી હતી.

### પરિચય મિલન સમારોહ

હાલના સમયમાં જૈન સમાજના પરિવારો માટે કઠિન અને સળગતી સમસ્યા એટલે સંતાનોના સમગપણની સમસ્યા છે. આ સમસ્યાને હળવી કરવા, મદદરૂપ થવા માટે ઝાલાવાડ સમાજ, ભાઈંદરે જૈન સમાજના ચારેય ફિરકાઓ સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, તેરાપંથી ગુજરાતી જૈન લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય મિલન સમારોહનું આયોજન રવિવાર, ૨૩-૦૮-૨૦૨૬ના રોજ સવારે ૯.૩૦ વાગ્યે દામોદરવાડી, ચક્રવર્તી અશોક રોડ, કાંદિવલી (ઈસ્ટ) ખાતે કરવામાં આવ્યું છે.

# અંધેરીમાં ગોખલે બ્રિજ પાસે બેસ્ટ બસે અનેક વાહનોને લીધાં અડફેટમાં: ત્રણ જખમી

મુંબઈ: અંધેરી પશ્ચિમમાં બ્રિજ સિગ્નલ પાસે બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની ઈલેક્ટ્રિક બસે ચાર ઓટો રિક્ષા, એક કાર અને એક ઍક્ટિવાને અડફેટમાં લેતા ઓછામાં ઓછા ત્રણ લોકો જખમી થયા હતા. જખમીઓને કૂપર હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

ગોખલે બ્રિજ સિગ્નલ નજીક બપોરે ૧૨ વાગ્યાની આસપાસ બેસ્ટ બસ અકસ્માત થયો હતો. અંધેરી બસ સ્ટેશન અને વર્સોવા વચ્ચે રૂટ ૨૨૧ વચ્ચે દોડતી બસે અચાનક હેન્ડબ્રેક છોડ્યા પછી તેની સ્પીડ ઝડપી બનાવી હોવાનું કહેવાય છે. પરિણામે તે ચાર ઓટોરિક્ષા, એક કાર અને એક એક્ટિવા સાથે જોશભેર અથડાઈ હતી, જેમાં ઓછામાં ઓછા ત્રણ લોકો જખમી થયા હતા. જખમીઓમાં ઓટોરિક્ષા ડ્રાઈવર એનસ શેખ (૫૫)નો સમાવેશ થાય છે, જેને નાકમાં ઈજા થઈ હતી. એ સિવાય બસની અડફેટમાં ૩૦ વર્ષનો મનોજકુમાર બાજદેવ નામનો રાહદારી જેને ગળામાં ઈજા થઈ હતી. તો ૨૦ વર્ષનો ટુ-વ્હીલર ચલાવતા અનિસ નિસાર ધારીને કમરની જમણી બાજુ ઈજા થઈ હતી. આ ઘટના બાદ બસ કંડક્ટરે અંધેરી પોલીસને જાણ કરી હતી. ઍક્સિડન્ટ બાદ બેસ્ટના અધિકારી સહિત પોલીસ ઘટના સ્થળે પહોંચ્યા હતા. ઓશિવરા ડેપોની માલિકીની અને વેટ-લીઝ કોન્ટ્રાક્ટર પીએમઆઈ કંપની દ્વારા સંચાલિત બેસ્ટ બસને અંધેરી પોલીસના નિર્દેશ મુજબ વધુ કાયદાકીય ઔપચારિકતાઓ માટે કુમકુમ ચોકી ખાતે રાખવામાં આવી હતી. ઘટનાની તપાસ ચાલી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

માનખુર્દમાં બેસ્ટ બસ સાથે થયેલા જીવલેણ અકસ્માતમાં ધારાશિવના ૬૫ વર્ષીય ખેડૂતનું મોત અને ૧૦ અન્ય ઘાયલ થયાના અઠવાડિયા પછી આ ઘટના બની છે. જૂનમાં ઇલેક્ટ્રિક બેસ્ટ બસ સાથે થયેલા બીજા અકસ્માતમાં ૨૮ વર્ષીય સ્વિગી ડિલિવરી એક્ઝિક્યુટિવનું મોત થયું હતું, જ્યારે અન્ય લોકો જખમી થયા હતા. આ ઘટના છેલ્લા ત્રણ મહિનામાં નોંધાયેલા બેસ્ટ બસોના ૨૧ નાના અને મોટા અકસ્માતોમાં ઉમેરો કરે છે.

# ગણેશ આગમન પૂર્વે મુંબઈનાં મંડળો સલામતીના મુદ્દે ચિંતિત

મુંબઈ: ગણેશોત્સવ નજીક આવતાં મુંબઈના ગણેશ મંડળોએ આગમન-વિસર્જન માર્ગો પરના ખાડા, લટકતા કેબલ, ટ્રાફિક અને ગેરકાયદે પાર્કિંગ જેવી સમસ્યાઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. આ પ્રશ્નોના ઉકેલ માટે મેયર રીતુ તાવડે અને ટ્રાફિક પોલીસ જોઈન્ટ કમિશનર સત્યનારાયણ ચૌધરીની હાજરીમાં ૧૪ ઑગસ્ટે બેઠક યોજાઈ હતી.

બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિએ મૂર્તિ આગમન અને વિસર્જન શરૂ થાય તે પહેલાં રસ્તાના સમારકામ અને સલામતીના પગલાં સહિત, બીએમસી અને મુંબઈ ટ્રાફિક પોલીસ પાસેથી તાત્કાલિક પગલાં લેવાની માગ કરી હતી. સમિતિએ મરોલ અને ઘાટકોપર વચ્ચેના અંધેરી-કુર્લા લિંક રોડ સહિત મુખ્ય માર્ગો પરના ખાડાઓનું તાત્કાલિક સમારકામ કરવાની પણ માગ કરી હતી. આ ઉપરાંત સાકીનાકા-અંધેરી સિગ્નલ વિસ્તાર, સાગર ટેક પ્લાઝા અને કુર્લા તરફના રસ્તા પર, ઓવરહેડ કેબલ, જે ઊંચી મૂર્તિના વાહનોને અવરોધી શકે છે, એ અંગે પણ સમિતિએ ચિંતા વ્યક્ત કરી હતી. સમિતિએ અધિકારીઓને વિનંતી કરી હતી કે બધા ઓવરહેડ કેબલ સુરક્ષિત ઊંચાઈએ સુરક્ષિત રાખવામાં આવે.

ઘાટકોપર પશ્ચિમમાં જાગૃતિ નગર મેટ્રો જંકશન પર પણ ટ્રાફિક વ્યવસ્થાની માગ કરવામાં આવી હતી. ઉત્સવ દરમિયાન જોખમ ઊભું કરી શકે તેવા જર્જરિત બ્રિજ અને અન્ય માળખાઓ અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ■

# ગોરેગામ-મુલુંડ લિંક રોડની ટનલનું ખોદકામ આખરે શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈનાં પૂર્વ અને પશ્ચિમ ઉપનગરોને જોડતા મહત્ત્વના ગોરેગામ-મુલુંડ લિંક રોડની ટ્વિન ટનલનું ખોદકામ આખરે સોમવારથી શરૂ થયું હતું. ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)થી ગોરેગામની ફિલ્મ સિટીથી મુલુંડ પશ્ચિમમાં અમર નગર દરમિયાન સંજય ગાંધી નૅશનલ પાર્ક નીચે ૫.૩૦ કિલોમીટર લાંબી ટનલ બનાવવામાં આવશે.

મુંબઈ મહાનગરપાલિકા અનુસાર ૧૨.૨૦ કિલોમીટર લાંબા આ લિંક રોડનો પ્રોજેક્ટ ચાર તબક્કામાં હાથ ધરાયો છે. ત્રીજા તબક્કામાં ગોરેગામ પૂર્વમાં ફિલ્મ સિટીથી મુલુંડ પશ્ચિમમાં અમર નગર દરમિયાન સંજય ગાંધી નૅશનલ પાર્ક નીચે અત્યાધુનિક ટીબીએમ ટેક્નોલૉજી દ્વારા ૫.૩૦ કિલોમીટર લાંબી ટનલ બનાવવામાં આવશે. ટ્વિન ટનલમાંથી પ્રત્યેકમાં વાહનોને પસાર થવા માટે ત્રણ લેન તૈયાર કરાશે. ટનલના ખોદકામ માટે ટીબીએમ ગોઠવવાનું કામકાજ પૂરું થયું હતું. પછી સોમવારથી ટનલના ખોદકામની શરૂઆત કરાઈ હતી. આ મશીનને તુલસી નામ આપવામાં આવ્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રોજેક્ટમાં ૧૭ ક્રોસ પેસેજ, ૭૨૦ મીટર લાંબી ટ્વિન બૉક ટનલ, ગોરેગામ અને મુલુંડમાં ૬૦૦ મીટર લાંબા એપ્રોચ રોડ્સનો સમાવેશ થાય છે. આખો પ્રોજેક્ટ ફેબ્રુઆરી, ૨૦૨૯ સુધીમાં પૂરો કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. પ્રોજેક્ટ પૂરો થયા પછી આગામી ૧૦ વર્ષ સુધી તેનું સંચાલન અને જાળવણી જવાબદારી કોન્ટ્રાક્ટરની જ રહેશે, એવું પાલિકા દ્વારા જણાવાયું હતું. ■

# ફેરિયાઓ સામે આકરી કાર્યવાહી કરો: બીએમસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં અમલમાં મૂકવામાં આવેલી 'પેડસ્ટ્રીયન્સ ફર્સ્ટ' ઝુંબેશ હેઠળ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર અશ્વિની ભીડેએ સોમવારે મુંબઈમાં જુદા જુદા વિસ્તારમાં ઈન્સ્પેક્શન કર્યું હતું અને લાઇસન્સ ધરાવતા ફેરિયાઓએ મંજૂર કરાયેલી જગ્યાથી વધુ જગ્યા પર જો કબજો જમાવ્યો હોય તો તેમની સામે આકરી કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો.

ગયા અઠવાડિયે સ્થાયી સમિતિની બેઠકમાં નગરસેવકો દ્વારા આ ઝુંબેશની ગ્રાઉન્ડ લેવલ પર નબળા સ્તરે કરવામાં આવી રહેલા અમલીકરણ બાબતે ચિંતા વ્યક્ત કરવામાં આવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. કમિશનરે સોમવારે દક્ષિણ મુંબઈના પાંચ વોર્ડ સહિત નાના ચોક, ગ્રાન્ટ રોડ, તાડદેવ, નાયર હૉસ્પિટલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર માર્ગ, લોકમાન્ય તિલક માર્ગ, મરીન લાઇન્સ, ચંદનવાડી અને ક્રૉફર્ડ માર્કેટ સહિતના મુખ્ય સ્થળોની મુલાકાત લીધી હતી. એ દરમ્યાન તેમણે ફૂટપાથની સ્થિતિ અને સમારકામની જરૂરિયાતો પર ભાર આપ્યો હતો.

કમિશનરે આ સ્થળોના ઈન્સ્પેકશન દરમ્યાન મુખ્યત્વે ફૂટપાથની હાલની સ્થિતિ, ક્ષતિગ્રસ્ત અથવા ખરાબ થયેલા પેચિસ ઓળખવા અને જરૂરી સમારકામ અને સુધારાઓનો અવકાશ નક્કી કરવા પર કેન્દ્રિત હતું.

# નિયમ પાલન છતાં લાઇસન્સ નિલંબિત રાખવાનો મામલો, હાઇ કોર્ટે એફડીએ પર ₹ પાંચ લાખનો દંડ ફટકાર્યો

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટે ૯૮% નિયમોનું પાલન હોવા છતાં લાઇસન્સ નિલંબિત રાખવા બદલ મહારાષ્ટ્ર એફડીએની ઝાટકણી કાઢી હતી અને પુણેની મીઠાઈની દુકાનને પાંચ લાખ રૂપિયા ચુકવવાનો આદેશ આપતાં કોર્ટે ઉમેર્યું કે ખાદ્ય સુરક્ષા તપાસનો હેતુ સારો છે, પણ તેઓ અતિરેક કરી રહ્યા છે. ગુરુનાનક ડેરી એન્ડ સ્વીટ્સ નામના આ સ્ટોરે હાઈ કોર્ટમાં પોતાની અરજી દ્વારા એફડીએની કાર્યવાહીને પડકારી હતી. તેમણે જણાવ્યું હતું કે જૂન મહિનામાં લાખ રૂપિયાની આવકનું નુકસાન થયું છે. કાર્યકારી ચીફ જસ્ટિસ રવિન્દ્ર ઘુગે અને જસ્ટિસ ગૌતમ અંખડની પીઠે જણાવ્યું હતું કે ખાણીપીણીની દુકાનો અને હોટલોના લાઇસન્સ નિલંબિત કરવાનો આ આદેશ એક વિચિત્ર નિર્ણય હતો. બેંચે દુકાનને ફરીથી શરૂ કરવાની મંજૂરી આપતાં, આ વિભાગને એક મહિનાની અંદર માલિકોને પાંચ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

# ગિરીશ મહાજન નાશિકના પાલક પ્રધાન, ભરત ગોગાવલેને રાયગડ મળ્યું

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે સોમવારે નાશિક અને રાયગઢ માટે પાલક પ્રધાનોની નિમણૂક કરીને લાંબા સમયથી ચાલી રહેલી પ્રતીક્ષાનો અંત આણ્યો છે. ભાજપના ગિરીશ મહાજન અને શિવસેનાના નેતા ભરત ગોગાવલે આ જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી છે.

ગયા વર્ષે શિવસેનાના નેતાઓએ શરૂઆતની નિમણૂકો સામે વાંધો ઉઠાવતા,શાસક ગઠબંધન વચ્ચેના મતભેદોને કારણે આ પદો ખાલી રહ્યા હતા. સામાન્ય વહીવટ વિભાગે એક સરકારી ઠરાવ બહાર પાડીને ગિરીશ મહાજનની નાશિકના પાલક પ્રધાન તરીકે નિમણૂક કરવાની જાહેરાત કરી, જ્યારે ભરત ગોગાવલેને રાયગઢનો હવાલો સોંપવામાં આવી છે.

ડિસેમ્બર ૨૦૨૪માં દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વવાળી સરકાર સત્તામાં આવ્યા બાદ, ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ એનસીપીના અદિતિ તટકરેને રાયગઢના અને મહાજનને નાશિકના પાલક પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

પરંતુ શિવસેનાને વાંધો પડતા આ નિયુક્તિઓ પર રોક લગાવી દેવામાં આવી હતી. ગોગાવલે રાયગઢનો હવાલો ઈચ્છતા હતા અને શિવસેનાના નેતા દાદા ભૂસે નાશિકની જવાબદારી મેળવવા માંગતા હતા.

# પ્રધાનમંડળમાં ટૂંક સમયમાં ફેરબદલ, નવા ચહેરાઓ સામેલ થશે: આઠવલે

નાગપુર: કેન્દ્રીય પ્રધાન અને રિપબ્લિકન પાર્ટી ઑફ ઈન્ડિયા (આરપીઆઈ - એ)ના અધ્યક્ષ રામદાસ આઠવલેએ સોમવારે જણાવ્યું હતું કે કેન્દ્રીય પ્રધાનમંડળમાં બહુ જલદી ફેરબદલ થઈ શકે છે. ભાજપ અને સાથી પક્ષ એનસીપીના નવા ચહેરાઓને સરકારમાં સામેલ કરવામાં આવે તેવી સંભાવના છે.

નાગપુરમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં આઠવલેએ એમ પણ જણાવ્યું હતું કે શરદ પવારની આગેવાની હેઠળના એનસીપી - એસપી પક્ષે વૈચારિક મતભેદો દૂર કરી વિકાસના પ્રયાસો મજબૂત બનાવવા માટે શાસક એનડીએમાં જોડાઈ જવું જોઈએ. આઠવલેએ જણાવ્યું હતું કે ભાજપ સંગઠનમાં થયેલા ફેરફારો બાદ કેન્દ્રીય પ્રધાનમંડળમાં ફેરબદલ થઈ શકે છે. જો પવાર એનડીએમાં જોડાવાનો ઇનકાર કરે તો વિપક્ષના આઠ સંસદ સભ્યોએ એનડીએમાં જોડાવું જોઈએ. (પીટીઆઈ)

# સાકીનાકામાં કૅબનું ટાયર ફરી વળતાં એક વર્ષના બાળકનું મૃત્યુ

મુંબઈ: સાકીનાકા વિસ્તારમાં ઇમારતની બહાર કૅબનું ટાયર ફરી વળતાં એક વર્ષના બાળકનું મૃત્યુ થયું હતું. બાળકની ઓળખ અબ્દુલ સમદ તરીકે થઇ હોઇ તે શનિવારે સાંજે તેના પાંચ વર્ષના ભાઇ સાથે જઇ રહ્યો હતો ત્યારે કૅબ ઇમારતના ગેટમાં પ્રવેશી હતી અને બાળકને અડફેટમાં લીધો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. સાકીનાકામાં ૯૦ ફીટ રોડ પર હૉટેલની સામે શનિવારે સાંજે છ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર અબ્દુલ સમદ અને તેનો ભાઇ ઇમારતની સામે ચાલી રહ્યા હતા ત્યારે સફેદ રંગની એગ્રીગેટર કૅબ ઇમારતના ગેટમાં પ્રવેશી હતી. કૅબને નજીક આવતી જોઇને મોટો ભાઇ ત્યાંથી હટી ગયો હતો, જ્યારે અબ્દુલ સમદ હટી શક્યો નહોતો.

ડ્રાઇવરે બેદરકારીથી કૅબ હંકારી હતી અને તેનું આગલું ટાયર અબ્દુલની છાતી પર ફરી વળ્યું હતું, જેને કારણે તેને ગંભીર ઇજા પહોંચી હતી. બાળકને તાત્કાલિક સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં ડૉક્ટરે તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો.

# મીરા રોડમાં મોટી દુર્ઘટના ટળી: સ્કૂલ વૅન સહેજ માટે બચી

### મેટ્રો નવના કામમાં ભૂલ બદલ એજન્સીને ફટકાર્યો ₹ ૧૨.૫ કરોડનો દંડ

મુંબઈ: મીરા રોડમાં મેટ્રો લાઈન નવના નિર્માણાધીન મેદતિયા નગર મેટ્રો સ્ટેશન પાસે સલામતીમાં મોટી ચૂક થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી (એમએમઆરડીએ)એ કોન્ટ્રાક્ટર અને સલાહકાર એજન્સીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરીને કુલ ₹ ૧૨.૫ કરોડનો દંડ ફટકાર્યો છે. એમએમઆરડીએએ સોશ્યલ મીડિયા એક્સ પર આપેલી માહિતી પ્રમાણે આજે સવારે લગભગ ૧૧:૫૦ વાગ્યે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર આવેલા મેટ્રો લાઈન-નવના નિર્માણાધીન મેદતિયા નગર સ્ટેશન ખાતે આ ઘટના બની હતી. કાટમાળ હટાવવા અને સામગ્રી ખસેડવાની કામગીરી દરમિયાન ક્રેન સાથે જોડાયેલી સામગ્રીની ટોપલી નજીકના ફૂટ ઓવરબ્રિજ (એફઓબી) વિસ્તારમાં રાખેલા ગ્રેનાઈટના પથ્થરો સાથે ટકરાઈ હતી.

અથડામણના કારણે ગ્રેનાઈટના કેટલાક પથ્થરો ફૂટ ઓવરબ્રિજના સ્તર પરથી નીચે બેરિકેડ કરાયેલા બાંધકામના વિસ્તાર તરફ પડ્યા હતા. ત્યારબાદ નજીકથી પસાર થઈ રહેલા એક વાહન છૂટા પડેલા ગ્રેનાઇટના ટુકડાઓ પરથી પસાર થતાં તેના ટાયર પંચર થઈ ગયા હતા. સદ્નસીબે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.

આ સલામતી ચૂક બદલ એમએમઆરડીએએ મેટ્રો પ્રોજેક્ટ સાથે સંકળાયેલી એજન્સીઓ સામે નાણાકીય દંડની કાર્યવાહી કરી છે, જે. કુમાર ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડને ₹૧૦ કરોડ, ગજાનનને ₹૧.૫ કરોડ અને સિસ્ટ્રા-સીઈજી-જનરલ કન્સલ્ટન્ટને ₹ એક કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે. આમ ત્રણેય એજન્સીઓ પર મળીને ₹ ૧૨.૫ કરોડનો દંડ ફટકારાયો છે.

ઘટના અંગે સ્પષ્ટતા કરતાં એમએમઆરડીએએ જણાવ્યું હતું કે કોઈ પણ ગ્રેનાઇટનો પથ્થર સીધો શાળાની બસ અથવા વેન પર પડ્યો નહોતો. વાહનમાં કોઈ વિદ્યાર્થી પણ હાજર ન હતા. પથ્થરો બેરિકેડ કરાયેલા બાંધકામના વિસ્તારમાં જ પડ્યા હતા.

એમએમઆરડીએએ પ્રોજેક્ટ સાથે સંકળાયેલી તમામ એજન્સીઓને નિર્ધારિત સલામતીના નિયમોનું કડકપણે પાલન કરવા અને જરૂરી સુધારાત્મક પગલાં લેવાની સૂચના પણ આપી છે. ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે બાંધકામ સ્થળે સલામતી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા પણ ભાર મૂકવામાં આવ્યો છે.

મુંબઈમાં મેટ્રો નેટવર્કના વિસ્તરણ સાથે વિવિધ વિસ્તારોમાં મોટા પાયે બાંધકામ કામગીરી ચાલી રહી છે. અનેક સ્થળોએ બાંધકામ ટ્રાફિક અને રહેણાક વિસ્તારોની નજીક થઈ રહ્યું હોવાથી સ્થળ સલામતી અંગે ખાસ તકેદારી જરૂરી બની છે.

મેટ્રો લાઇન-નવ દહિસર પૂર્વથી મીરા-ભાયંદર સુધી જોડાણ વધારવા માટે વિકસાવવામાં આવી રહી છે. મુંબઈના ઉત્તર ઉપનગરો અને આસપાસના વિસ્તારોના મુસાફરો માટે આ કોરિડોર મહત્ત્વપૂર્ણ કડી બની શકે છે.

## જૈન મરણ

**માંગરોળ જૈન**

કેશવલાલ દામોદર ઝવેરીના પુત્રવધૂ ઉર્મિલાબેન (ઉં. વ. ૮૧) તે સ્વ. દેવેન્દ્રભાઇ (ડી.કે.)ના પત્ની. કલ્પના, મોનિકા અને મૌલિકના માતુશ્રી. સંજીવભાઇ નવીનભાઇ શાહ, વિમલભાઇ હરિશભાઇ શાહ, મયુરીના સાસુજી. માહિરના દાદી. સ્વ. લક્ષ્મીદાસ દેવકરણ શાહના પુત્રી તા. ૧૬-૮-૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી માટુંગા સ્વ. નિર્મળાબેન હીરાલાલ મગનલાલ શાહના પુત્ર પ્રવીણભાઇ (ઉં. વ. ૭૮) તા. ૧૫-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઉષાબેનના પતિ. સોનિયા અને સમીરના પિતાશ્રી. વિક્રમ અને રતિના સસરા. સ્વ. જયમતિબેન, સ્વ. મધુબેન, સ્વ. દિલીપભાઇ, કલ્યાણીબેન, રાજુભાઇના ભાઇ. સ્વસુર પક્ષે સ્વ. પન્નાલાલ મોહનલાલ શાહ સિહોરવાળા (માટુંગા)ના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**વિજાપુર સત્તાવીસ વિશા શ્રીમાળી જૈન**

ગામ લોદરા નિવાસી હાલ ભાયંદર વેસ્ટ, સ્વ. શૈલેશભાઈ કાન્તીલાલ શાહ (ઉં. વ. ૭૧) તા. ૧૪-૮-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. જસ્મીનભાઇ, રેશ્માબેનના પિતા. યોગેશકુમાર, મૌલીકાના સસરા. પ્રીયાંશના દાદા. રોનીત, હેમીલના નાના ઠે. એ-૩૦૧ એકઝોટિકા બિલ્ડીંગ પ્લાનેટેરીયા કોમ્પલેકશ મહેશ્વરી ભવન રોડ ભાયંદર વેસ્ટ. લૌકીક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગામ રંગપર હાલ બોરીવલી, ગં.સ્વ. ઝવેરબેન મોતીલાલ અજમેરાના સુપુત્ર જયસુખભાઈ (ઉં. વ. ૮૦) તે રંજનબેનના પતિ. સીમા, નેહા, ધારા, નીરવના પિતાશ્રી. સ્વ. ચંદ્રકાંતભાઈ, ગં.સ્વ. તારાબેન અને ગં.સ્વ. રંજનબેનના ભાઈ, ગં.સ્વ. રંભાબેન નાગરદાસ શાહના જમાઈ. અનાઈશા, યશ, હિલોની, વિરાજના દાદા-નાના. તા. ૧૬-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોટાલીલીયા હાલ વડાલા, રશ્મિકાન્ત ભુપતભાઇ વોરાના પત્ની અ.સૌ. નીતાબેન (ઉં. વ. ૬૫) સ્વ. શારદાબેન ભુપતભાઇ વોરાના પુત્રવધૂ તથા પાળીયાદ નિવાસી સ્વ. દલપતભાઈ ચત્રભુજ શાહની પુત્રી. દ્રષ્ટિ આશિષ જવાહરકરના માતુશ્રી. દૂઆના દાદી. નીલાબેન, મીનાબેનના ભાભી તા. ૧૭-૮-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રામાણીયાનાં રંજનબેન ખેરાજ દેઢિયા (ઉં. વ. ૭૮) તા. ૧૪-૦૮નાં અવસાન પામેલ છે. ચોથીબાઈ પુંજા જીવરાજનાં પુત્રવધૂ. ખેરાજનાં ધર્મપત્ની. ના.ભાડિયાના સાકરબેન ખેતશી ખીમજી ગોગરીના સુપુત્રી. પ્રિતી, મયુરી, અંજુના માતુશ્રી. સ્વ. કલ્યાણજી, દેશલપુરના રૂક્ષ્મણી લાલજી ગાલા, પુનડીના મણીબેન ચાંપશી છેડા, ના.આસંબીયાના પ્રભાબેન શાંતીલાલ છેડા, ભોરારાના ઈંદિરાબેન કેશવજી ખીમસીયાના બેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લઘુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦.

વડાલાના બા.બ્ર. શાંતાબાઇ લાલજી સોની (ઉં. વ. ૭૫) તા. ૧૬-૮-૨૬ના અવસાન પામેલ છે. દેવઇમા અરજણના પૌત્રી. જેતબાઇ/રાણબાઇ લાલજીના પુત્રી. જાદવજી, સંસાર પક્ષે પૂ. ધન્યમુનિ મ.સા., કાંતીલાલ, મણીબેન દેવશી હંસરાજ, મોખા ભાણબાઇ શામજી લાધા, કાંડાગરા ડો. નિશા ડો. નીતીનના બેન. ભોરારા સોનબાઇ ખેતુ ભારૂ, મોખા વાલીમા ભીમશી શાયરના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. ધર્મ ચિંતન કરવું. ઠે. હેમકુંવર જાદવજી, એ-૨૦૧, અક્ષતા અલ્મેડા રોડ, થાણે-૪૦૦૬૦૨.

મોટા લાયજાના શાંતીલાલ ધનજી ગડા (ઉં. વ. ૭૫) તા. ૧૬-૮ના અવસાન પામેલ છે. કંકુબેન ધનજીના પુત્ર. સુશીલાના પતિ. સ્વ. વિપુલ, પારૂલના પિતા. પુષ્પા, સુશીલા, કલ્યાણજીના ભાઇ. વેજબાઇ અરજણના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. શાંતિલાલ ગડા, ૧૪૦૩-ટીર બ્રીઝ, નાયડુ કોલોની, ઘાટકોપર (ઇ.).

પત્રીના જયંતીલાલ કુંવરજી ધરોડ (ઉં. વ. ૯૦) તા. ૧૪-૦૮નાં મુંબઇમાં અવસાન પામેલ છે. ભમીબેન કુંવરજી દેવજીના પુત્ર. સ્વ. ઝવેરબેનના પતિ. જયશ્રી, હીતેશ, ચંદન, શિલા, સંજયના પિતાશ્રી. પત્રી લક્ષ્મીબેન મેઘજી, વાડીલાલ, સ્વ. છગન, લહેરચંદના ભાઇ. રતાડીયા નાનબાઇ મઠુ કોરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હીતેશ ધરોડ, ૨૧૦૩, ઓરીષ ટાવર નં. ૦૧, કાંચપાડા, મલાડ (વે.).

મોખાના દિલીપ ખીમજી સતરા (ઉં. વ. ૬૮) તા.૧૫-૮-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ખીમજીના પુત્ર. ઉર્મિલાના પતિ. પ્રીતી (પૂજા)ના પિતા. ધીરજ, પ્રવીણ, રાયણ ગીતા (ગુણા) વસંત, કોડાય મીના નવીનના ભાઈ. નાની ખાખર ભાણબાઈ મણીલાલ કારૂભાઈ ફુરીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : પ્રીતી ભાવિન, ડી/૧૦૪, ૧૦ મે માળે, કલ્પતરૂ ટાવર, આકુર્લી રોડ, કાંદિવલી (ઈ), મું. ૧૦૧.

સાડાઉ હાલે મોખાના શશીકાંત રામજી ગાલા (ઉં. વ. ૬૮) તા. ૧૬-૮ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન રામજીના પુત્ર. પ્રેમીલાના પતિ. મેહલના પિતા. શાંતિલાલ, મણીલાલના ભાઇ. દેવકાબેન હંસરાજ દેવશીના જમાઇ. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. શશીકાંત ગાલા, રૂમ નં. ૭, ૨જે માળે, એ વિંગ, થ્રી સ્ટાર સોસાયટી, મીરજ સિનેમાની પાસે, પેંડસે નગર, ડોંબીવલી (ઇ.)

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રોળ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. ત્રિલોકચંદ્ર લાલજી મહેતાના સુપુત્ર નિલેષભાઈ ત્રિલોકચંદ્ર મહેતા (ઉં. વ. ૬૭) તા. ૧૬-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે જ્યોતિબેનના પતિ. ફોરમ અને પિકેશના પિતા. મિતેશ દેશીના સસરા. હર્ષદાબેન, હીનાબેન, દિનેશભાઇ, સ્વ. પરેશભાઈના ભાઈ, સ્વ. નૌતમલાલ નાનાલાલ સંઘવીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી હાલ મુંબઇ (ચોપાટી) સ્વ. નવલબેન અમૃતલાલ મડિયાના સુપુત્ર કમલભાઇ (ઉં. વ. ૬૬) રવિવાર, તા. ૧૬-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ચારુબેન તથા સ્વ. રીટાબેનના પતિ. આયુષ, ઝીલદેવ અતુલભાઇ શાહ તથા ડો. દિશા શુભમ દિનેશભાઇ દોશીના પિતાશ્રી. ભરતભાઇ, સ્વ. ચંદ્રિકાબેન પરેશભાઇ કોઠારી, રીટાબેન શરદભાઇના ભાઇ. સ્વ. હીરાબેન માધવજીભાઇ હંસરાજભાઇ કપાણીના જમાઇ. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૮-૮-૨૬ના બપોરે ૪થી ૬. ઠે. યશવંતરાવ ચવાણ સેન્ટર, જગન્નાથ ભોંસલે માર્ગ, નરીમાન પોઇન્ટ.

## પારસી મરણ

કેકી રતનશા અમરોલીયા તે મરહુમ અરનાવાઝના ધની. તે મરહુમો હીરાબાઇ રતનશા અમરોલીયાના દીકરા. તે મરહુમ માનેકના ભાઇ. તે અનાહીતા ને બીનોઇફરના માસા. તે ખોરશેદના બનેવી. તે અસપીના સાઢુ ભાઇ. (ઉં. વ. ૭૪) રે. ઠે. ૧૫, તાતા બિલ્ડિંગ, ત્રીજે માળે, ધનબઇ વાડી, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૬. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૮-૮-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે હોડીવાલા બંગલીમાં.

યાસમીન કેરસી માકીહાતાના તે મરહુમ કેરસીના ધનીયાની. તે મરહુમો રતી બેહરામ ભરદાના દીકરી. તે બખતાવર, પરીચેર, ખુશરુના માતાજી. તે મેહરના સાસુજી. તે જહાંગીર, ફરોક ને મરહુમ જહાનબક્સના બહેન. તે નેકઝાદના ગ્રેન મધર. (ઉં. વ. ૭૮) રે. ઠે. ૫ / ૧૧, એ-એચ. વાડીયા બાગ, પરેલ ટેંક રોડ, કાલાચોકી, મુંબઇ-૪૦૦૦૩૩. ઉઠમણાંની ક્રિયા: ૧૮-૮-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે ભાભા નં.૨માં.

હોમીયાર જહાંગીર દારૂવાલા તે ધન જહાંગીર દારૂવાલાના દીકરા. તે મરહુમ પરવીનના ધણી. તે મરહુમ માનેકબાઇ સાવકસા એલાવ્યાના જમાઇ. તે મરહુમ મેહરનોશના બનેવી. તે બેબસી બહેરામ દાદાચાનજીના બનેવી. તે જેમી, ફરોક, રૂસી, હેક્ટર, દીનાઝ અને આરમીનના કઝીન. (ઉં. વ. ૭૨) રે. ઠે. ૧૧ / ૮ તાતા કોલોની, તારદેવ રોડ, તુલસીવાડી, મુંબઇ-૪૦૦૦૩૪.

## પાયદસ્ત

કેકી બેરામજી પસતાકીયા તે મરહુમ મીથુના ધની. તે મરહુમો તેહમીના બેહરામજી પસતાકીયાના દીકરા. તે હાવોવી, નવાઝ ને પોરસના પપા. તે ખુશરૂ, શામસુંદર ને નતાશાના સસરા. તે ગૂસતાસપ, કેતી ને મરહુમો અસપી ને કુમીના ભાઇ. તે સ્પેનતા ને શનાયાના બપાવા. (ઉં. વ. ૯૭) રે. ઠે. બિલ્ડિંગ નં.૮, રૂમ. નં. ૩, ગ્રાઉન્ડ ફ્લોર, તાતા કોલોની, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૪. પાયદસ્ત: તા. ૧૯-૮-૨૬ને દીને સવારે ૭.૪૫ વાગે ઉપરની બેનેટ નં-૫માં ડુંગરવાડી પર. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૯-૮-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે, કપાવાલા અગિયારીમાં છેજી.

નોશીર અરદેશર રસાલદાર (ભરૂચાવાલા) તે વિલુના ખાવીંદ (ભરૂચવાલા) તે મેહરા તથા મરહુમ અરદેશર જહાંગીરજી રસાલદારની દીકરા. તે ડેનિસ પરસીના પિતાજી. તે રશના પરસી રસાલદારના સસરા. તે તેહમી, ખોરશેદ દારાયસ ભાધા તથા મરહુમ મીનુ, દિનશુ તથા પરવેઝના ભાઇ. દારાયસ પેસ્તનજી ભાધાના સાળા. તે ફરઝાના શેહઝાદ કાવરાના, માઝરીન શેઝાન પાત્રાવાલા, રેઝાદ હુફરીશના કાકા. (ઉં. વ. ૬૭) રે. ઠે. ડુંગરવાડી સ્ટાફ કવાર્ટર, રૂમ. નં. ૮, અગસ્ત ક્રાંતિ માર્ગ, કેમ્પસ કોર્નર, મુંબઇ-૪૦૦૦૩૬. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૮-૮-૨૬ના ૩.૪૦ ના બપોરે ભાભા નં.૧ ઉપરની બંગલી ડુંગરવાડી પર છેજી.

## હિન્દુ મરણ

**ભાટિયા**

માનસિંહ ધરમશી સંપટ (ઉં. વ. ૮૪) તે ગોદાવરીબેનના પુત્ર. રજનીબેનના પતિ. પ્રણવના પિતા. પૂર્વીના સસરા. હીરજી ભાણજી ચીખલના જમાઈ. સ્વ. નવીનભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. પ્રમીલાબેન, સ્વ. ઇન્દુબેન, સ્વ. મીરાબેનના ભાઈ. તા. ૧૬-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વહેવાર બંધ છે.

**બાલાસિનોર દશાનિમા વણિક**

સ્વ. મધુમાલતીબેન અને સ્વ. દીપકભાઈ કીર્તનલાલ કડકીયાની સુપુત્રી મિનલબેન કડકીયા (મિનુ) (ઉં. વ. ૪૬) તે ટીયાની માતા તથા સ્વ. સુશીલાબેન અને જયંતિલાલ ચુનીલાલ ધારિયાની દોહીત્રી. સ્વ. સંદીપ (સની)ની બેન. માનસીની નણંદ તા. ૧૫-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યાં છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

ગામ જામસખપુરવાળા હાલ ઘાટકોપર ઈસ્ટ. સ્વ. દયાબેન ગોવિંદજી દાવડાના પુત્ર સ્વ. પ્રફુલભાઈ (ઉં. વ. ૭૦) તા. ૧૭/૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હર્ષાબેનના પતિ. શ્વેતા અને નિકિતાના પપ્પા. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮/૮/૨૬ના સાંજે ૫:૦૦ થી ૬:૩૦. વિરેશ્વર મહાદેવ મંદિર, સિંધુ વાડી, રાજાવાડી. ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

સ્વ. ભરતકુમાર શાંતિલાલ પરીખ (ઉં. વ. ૭૩) ગામ આતરસુંબા શાંતિલાલ પરીખ તા. ૧૬-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. નયનાબેન ભરતકુમાર પરીખ, અમરીશ ભરતકુમાર પરીખ, રીના અમરીશ પરીખ, દક્ષા અમરીશ પરીખ, મેહુલ ભરતકુમાર પરીખ, ફોરમ મેહુલ પરીખ, હેયા મેહુલ પરીખ, સ્વ. ચિરાગ ભરતકુમાર પરીખ. બેસણું તા.૧૮-૮-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, સર્વોદય હોલ, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

તળાજા નિવાસી હાલ મલાડ સ્વ. પોપટલાલ ઓ. દેસાઇના પુત્ર નગીનદાસ પોપટલાલ દેસાઇ (ઉં. વ. ૮૨) તે મધુબેનના પતિ. સ્વ. ભુપતભાઇ, સ્વ. મંજુલાબેન, દેવીબેન, સ્વ. લલીબેન, નીમુબેન, સરોજબેન, ભાવનાબેન, પુષ્પાબેનના ભાઇ. સતીષ, મનીષ, હેમાના પિતાશ્રી. પલ્લવી, કલ્પના ને મનીષકુમારના સસરા. સ્વ. જગજીવનદાસ બેચરદાસ ઘેલાણીના જમાઇ. તા. ૧૬-૮-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

તન મન ધનથી રહો

# તરોતાજા

# શિસ્ત વગરનો ઈન્વેસ્ટર લાંબા ગાળે નુકસાન જ વહોરે છે...

## રોકાણનું જમા-ઉધાર



અમિત ત્રિવેદી feedback@bombaysamachar.com

હું એક મ્યુચ્યુઅલ ફંડ ઇન્વેસ્ટર એજ્યુકેશન પ્રોગ્રામમાં વાત કરી રહ્યો હતો. મેં કહ્યું કે મ્યુચ્યુઅલ ફંડનો એક મોટો ફાયદો એ છે કે તેને પ્રોફેશનલ ફંડ મૅનેજર્સ સંભાળે છે. આ સાંભળીને સભામાંથી એક શ્રોતાભાઈ તરત જ ઊભા થઈ ગયા. તેમણે કોઈ મ્યુચ્યુઅલ ફંડમાં પૈસા રોક્યા હતા અને ખોટ ગઈ હતી.

તેમણે મને પૂછ્યું : 'જ્યારે પૈસા જ ગુમાવવાના હોય તો આવા પ્રોફેશનલ મેનેજર્સનું શું કામ? પૈસા ડુબાડવા જ હોય તો એ હું જાતે પણ કરી શકું છું એના માટે એક્સપર્ટની શું જરૂર?' બીજા ઘણા શ્રોતાઓએ પણ તેમની વાતમાં સૂર પુરાવ્યો.

મેં પ્રોફેશનલ ઇન્વેસ્ટમેન્ટ મૅનેજમેન્ટનો અર્થ સમજાવવાનો પ્રયાસ કર્યો, પણ શ્રોતાઓને એની ખાસ અસર ન થઈ.

આની પાછળ એક ઊંડું મનોવૈજ્ઞાનિક કારણ છે:

### ૧) કંટ્રોલ (નિયંત્રણ) મેળવવાની લાગણી

પોતે જાતે રોકાણ (Do-It-Yourself) કરવાથી માણસને લાગે છે કે બધું તેના કંટ્રોલમાં છે. જ્યારે બીજા કોઈને પૈસા સંભાળવા આપીએ ત્યારે પોતે ખુદના પૈસા પરનો કંટ્રોલ છોડી દીધાનો અહેસાસ થાય છે.

એક જાણીતા અર્થશાસ્ત્રીએ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું:

When we feel we are in charge and we understand the consequences, the risks will seem lower than they truly are. When a risk feels out of hands and less comprehensible, it will feel more dangerous than it actually is. અર્થાત, જ્યારે આપણને લાગે કે કંટ્રોલ આપણા હાથમાં છે અને આપણે પરિણામ સમજીએ છીએ ત્યારે આપણને જોખમ ખરેખર છે તેના કરતાં ઓછું લાગે છે, પણ જ્યારે કંટ્રોલ આપણા હાથમાં નથી હોતો ત્યારે સામાન્ય જોખમ પણ વધારે ભયાનક લાગે છે.'

### ૨) એક્સપર્ટ્સ પાસેથી વધારે પડતી અપેક્ષા

લોકોની અપેક્ષાઓ અને એક્સપર્ટ શું કરી શકે તેમ છે એ બન્ને વચ્ચે મોટો તફાવત હોય છે. લોકો ઘણીવાર એક્સપર્ટ્સ પાસે અશક્ય કામની આશા રાખે છે. વાસ્તવમાં, એક્સપર્ટ હોવાનો અર્થ એ છે કે તે એક અણશીખુ કે સામાન્ય માણસ કરતાં ઘણું સારું પ્રદર્શન કરી શકે.

- ઉદાહરણઃ વકીલનું જ ઉદાહરણ લો. કોર્ટમાં એક વકીલ કેસ જીતે છે તો બીજો હારે પણ છે, છતાં કાયદાકીય કામમાં આપણે વકીલની જ મદદ લઈએ છીએ. કેમ? કારણ કે વકીલ વગર આપણી હાલત વધુ ખરાબ થઈ શકે છે.
- ઇન્વેસ્ટમેન્ટમાં પણ એવું જ છે. એક એક્સપર્ટ માર્કેટ કરતાં સારું રિટર્ન આપે તેની શક્યતા સામાન્ય માણસ કરતાં ઘણી વધારે હોય છે.

### મ્યુચ્યુઅલ ફંડ અને શિસ્ત (Discipline)

ઇન્વેસ્ટમેન્ટના પિતા ગણાતા બેન્જામિન ગ્રેહામે કહ્યું છે: 'ઇન્વેસ્ટરની સૌથી મોટી સમસ્યા અને તેનો સૌથી મોટો દુશ્મન તે પોતે જ હોય છે.'

આપણે બધા ફેક્ટ્સ (તથ્યો) જોઈને આપણા ફાયદા માટે રોકાણ કરવું જોઈએ, પણ મોટાભાગે લોકો ફૅક્ટ્સ જોયા વગર જ, ઉતાવળમાં ખોટા નિર્ણય લઈ લે છે.

એક સામાન્ય ઇન્વેસ્ટર અને મ્યુચ્યુઅલ ફંડ વચ્ચેનો સૌથી મોટો તફાવત રોકાણની શિસ્ત (Investment Discipline) છે.

- **નિયમોનું પાલનઃ** મ્યુચ્યુઅલ ફંડે SEBIના નિયમો મુજબ પોતાનો ગોલ, રોકાણની મર્યાદા અને સ્ટાઇલ અગાઉથી નક્કી કરવી પડે છે અને તેમાંથી તે ભટકી શકતા નથી. ટ્રસ્ટીઓ, સેબી અને કસ્ટોડિયન સતત તેમના પર નજર રાખે છે.
- ખૂબ ઓછા વ્યક્તિગત ઇન્વેસ્ટર્સ હોય છે જે પોતાના માટે આવા સ્પષ્ટ નિયમો કે શિસ્ત નક્કી કરતા હોય.

### નિષ્કર્ષ

***શિસ્ત વગરનો ઇન્વેસ્ટર હંમેશાં પોતાની લાગણીઓ (ડર અને લાલચ)થી દોરવાઈ જાય છે અને ગેરવાજબી નિર્ણયો લે છે.***

***એ સમજવું ખૂબ જરૂરી છે કે પોતાના પૈસાનો કંટ્રોલ ફંડ મૅનેજરને આપવો, એ પોતાની અસ્થિર લાગણીઓને કંટ્રોલ આપવા કરતાં હજારો ગણું વધારે સારું છે.*** ■

---

# નાણાકીય સરખામણીની છૂપી કિંમત

ફાયનાન્સ ફંડા

મિતાલી મહેતા

feedback@bombaysamachar.com

રિતેશ અને કુણાલ કોલેજના સમયથી જ નજીકના મિત્રો. બંનેએ લગભગ એક જ સમયે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને વર્ષો પછી પણ તેઓ સમયાંતરે મળીને એકબીજાના જીવનની વાતો કરતા.

એક સાંજે, કુણાલે ઉત્સાહથી જણાવ્યું કે તેણે શહેરના એક પ્રીમિયમ વિસ્તારમાં વૈભવી એવો એક નવો એપાર્ટમેન્ટ બુક કર્યો છે. થોડા મહિનાઓ પછી તેણે નવી SUV કાર પણ ખરીદી. સોશ્યલ મીડિયા પર પણ તેના વિદેશ પ્રવાસ, ફાઇન-ડાઇન રેસ્ટોરન્ટમાં જમવાના ફોટા અને વૈભવી જીવનશૈલીની તસવીરો સતત જોવા મળતી.







આ બધું જોઈને રિતેશના મનમાં એક સહજ પ્રશ્ન થયોઃ જો કુણાલ આ બધું કરી શકે છે, તો હું કેમ નહીં?

રિતેશની પોતાની નાણાકીય સ્થિતિ પણ સારી હતી, છતાં તેને લાગવા માંડ્યું કે જાણે તે જીવનમાં પાછળ રહી ગયો છે.

થોડા જ સમયમાં તેણે પણ મોટું ઘર ખરીદ્યું અને તેના માટે મોટી હોમ લોન લીધી. પોતાની સારી ચાલતી કાર બદલીને નવી કિંમતી કાર લીધી. વધેલા EMI સંભાળવા માટે તેણે પોતાના નિયમિત રોકાણ પણ થોડા સમય માટે અટકાવી દીધા.

બહારથી જોનારને લાગતું હતું કે રિતેશની જીવનશૈલી હવે વધુ સમૃદ્ધ બની ગઈ છે, પણ અંદરથી ચિત્ર અલગ હતું. તે હવે પોતાની જરૂરિયાતો અનુસાર નહીં, પણ બીજાના જીવન સાથે તાલ મિલાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

થોડા સમય પછી, એક સામાન્ય વાતચીત દરમિયાન રિતેશને ખબર પડી કે કુણાલની નાણાકીય સ્થિતિ જેટલી મજબૂત દેખાતી હતી એટલી હકીકતમાં નહોતી.

* નવા ઘરના EMIને કારણે તેના માસિક બજેટ પર ઘણું દબાણ હતું.
* SUV કાર પણ મોટા ભાગે લોન પર જ ખરીદાઈ હતી.
* કેટલાક વિદેશ પ્રવાસ માટે તેણે ક્રેડિટ કાર્ડનો સહારો લીધો હતો.

રિતેશ જેની સાથે પોતાની સરખામણી કરી રહ્યો હતો, તે તો આખી કહાનીનો માત્ર એક બહારથી દેખાતો ગ્લોસી ભાગ હતો.

**● તો ભૂલ ક્યાં હતી?**

ભૂલ બીજાની આવક જોઈને પ્રેરણા લેવામાં નહોતી. ભૂલ એ હતી કે તેણે માત્ર બહારથી દેખાતી જીવનશૈલી સાથે પોતાની સરખામણી કરી તેની પાછળની નાણાકીય હકીકત અને દેવાના બોજને જાણ્યા વગર.

**● આવું કેમ થાય છે?**

બીજાઓ સાથે પોતાની સ્થિતિની સરખામણી કરવી એ માનવ સ્વભાવ છે. સામાન્ય રીતે આપણે પોતાના કરતાં ઓછું ધરાવતા લોકો સાથે નહીં, પરંતુ પોતાના કરતાં વધુ સુખ-સગવડ ધરાવતા લોકો સાથે સરખામણી કરીએ છીએ. આજના સોશ્યલ મીડિયાના યુગમાં આ વૃત્તિ વધુ વધી ગઈ છે. ત્યાં આપણને નવા ઘર, નવી કાર, વિદેશ પ્રવાસ, મોંઘા ગેજેટ્સ અને સફળતાની ઉજવણી તો દેખાય છે, પરંતુ તેની પાછળની લોન, આર્થિક જવાબદારીઓ, તણાવ કે સમાધાન ક્યારેય દેખાતાં નથી.

પરિણામે, આપણે પોતાની નાણાકીય પ્રગતિનું મૂલ્યાંકન પોતાનાં લક્ષ્યોના આધારે નહીં, પરંતુ બીજાના જીવનને આધારે કરવા લાગીએ છીએ.

**● છૂપી કિંમત...**

નાણાકીય સરખામણીની સૌથી મોટી કિંમત માત્ર માનસિક અસંતોષ નથી, પણ તેનાથી થતા અવિચારી નાણાકીય નિર્ણયો છે.

બીજાની જેમ જીવવાની ઈચ્છા આપણને આપણી ક્ષમતા કરતાં વધુ ખર્ચ કરવા, બિનજરૂરી લોન લેવા, રોકાણમાં સમાધાન કરવા અથવા પોતાના લાંબા ગાળાનાં લક્ષ્યોને પાછળ ઠેલવા તરફ દોરી જાય છે.

વિડંબના એ છે કે નાણાકીય રીતે સફળ દેખાવાની દોડમાં આપણે આપણી સાચી નાણાકીય મજબૂતીને જ નબળી બનાવી બેસીએ છીએ.

**● મુખ્ય શીખઃ તમારી પોતાની સફર પર ધ્યાન આપો**

દરેક વ્યક્તિની આવક, જવાબદારીઓ, પારિવારિક પરિસ્થિતિ અને જીવનલક્ષ્યો અલગ હોય છે. એક વ્યક્તિ માટે યોગ્ય લાગતો નિર્ણય બીજી વ્યક્તિ માટે યોગ્ય જ હોય એવું જરૂરી નથી.

તેથી, બીજાઓ શું ખરીદી રહ્યા છે તે જોવાને બદલે, નવી ખરીદી કરતી વખતે પોતાને એક જ પ્રશ્ન પૂછોઃ

શું આ નિર્ણય મને મારા પોતાના નાણાકીય લક્ષ્યોની વધુ નજીક લઈ જશે?

ઘણી વખત માત્ર આ એક પ્રશ્ન તમને અનેક મોંઘી ભૂલોથી બચાવી શકે છે.

**● નિષ્કર્ષ**

સાચી નાણાકીય સફળતા તમારા ઘરના કદ, તમારી કારની બ્રાન્ડ કે લોકો જોઈ શકે એવી જીવનશૈલીથી નક્કી થતી નથી. તે તમારી માનસિક શાંતિ, નાણાકીય સુરક્ષા અને બિનજરૂરી આર્થિક દબાણ વિના નિર્ણયો લેવાની સ્વતંત્રતા પરથી નક્કી થાય છે.

યાદ રાખો, જીવનમાં સૌથી મહત્ત્વની નાણાકીય સફર બીજાની નહીં, તમારી પોતાની છે.■

---

# આ વિટામિન વિશે આપણે કેટલું જાણીએ છીએ?


આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

feedback@bombaysamachar.com

**વિટામિનની** વાત આવે ત્યારે મોટાભાગે વિટામિન બી અને ડી વિશે સૌથી વધુ વાત થતી હોય છે. આપણા જેવા સામાન્ય લોકો પણ આ વિટામિનની ઊણપ ઉપર જ નજર રાખતાં હોય છે, પણ બીજું એક વિટામિન છે, જેના વિશે વાત બહુ થતી નથી, પણ આપણા માટે અત્યંત જરૂરી છે. તે વિટામિન છે, વિટામિન K.

વિટામિન K એ ચરબીમાં દ્રાવ્ય વિટામિન છે, તે એવા વિવિધ પ્રોટીન બનાવવામાં મદદ કરે છે જે લોહી ગંઠાઈ જવા અને હાડકાંના નિર્માણ માટે જરૂરી છે. વિટામિન કે શરીરમાં યકૃત (લીવર), મગજ, હૃદય, સ્વાદુપિંડ (pancreas) અને હાડકાંમાં, એમ બધે હાજરી ધરાવે છે. તે શરીરમાં ખૂબ ઝડપથી વિઘટિત થઈ જાય છે અને પેશાબ કે મળ વાટે બહાર નીકળી જાય છે. આ કારણોસર, તેનું પ્રમાણ શરીરમાં ભાગ્યે જ ઝેરી સ્તર સુધી પહોંચે છે પછી ભલે તેનું સેવન વધુ માત્રામાં કરવામાં આવે.




### વિટામિન K શું કાર્ય કરે છે

ઘા રૂઝાવવામાં, મજબૂત હાડકાં બનાવવામાં, હૃદયરોગ સામે રક્ષણ આપવામાં વિટામિન કે મદદગાર બને છે. જોકે એની ઊણપ સામાન્ય રીતે તમામ વય જૂથોમાં જોવા મળે છે, પરંતુ નવજાત શિશુઓમાં વધુ સામાન્ય હોય છે.

માતાના દૂધમાં વિટામિન Kનું પ્રમાણ ઓછું હોય છે, આના કારણે નવજાત શિશુઓ અને નાનાં બાળકોમાં વિટામિન Kની ઉણપ વધુ જોવા મળે છે. તે ૬ મહિના સુધીની ઉંમરના શિશુઓમાં સૌથી સામાન્ય છે.

### ઊણપના લક્ષણ શું હોય છે?

વિટામિન Kની ઉણપનું મુખ્ય લક્ષણ અનિયંત્રિત રક્તસ્રાવ છે. પુખ્ત વયના લોકોમાં જોવા મળતાં અન્ય લક્ષણોમાં શરીર પર સહેલાઈથી ઉઝરડા પડવા, માસિક દરમિયાન વધુ રક્તસ્રાવ, માસિકનો દુખાવો (ક્રેમ્પ્સ), પેઢાં અને દાંતમાંથી રક્તસ્રાવ, ઊલટી થવી, પેટેકિયા (ત્વચા પર નાના લાલ ટપકાં), નાકમાંથી રક્તસ્રાવ, કમળો, મળમાં લોહી આવવું, હૃદયના ધબકારા અનિયમિત થવા વગેરે લક્ષણો જોવા મળે છે.

### ઊણપનાં કારણ

આપણા ભોજનમાં વિટામિન K થી સમૃદ્ધ પદાર્થોનો અભાવ મુખ્ય કારણોમાંથી એક છે. એવો અંદાજ છે કે વિટામિન Kની દૈનિક જરૂરિયાતનો અડધો ભાગ આંતરડાના બેક્ટેરિયા દ્વારા પૂરો પાડવામાં આવે છે. આ બેક્ટેરિયામાં કોઈપણ પ્રકારની ખલેલ વિટામિન કે ની ઊણપનું કારણ બની શકે છે. ડાયેરિયા, સીલિયાક રોગ અથવા સિસ્ટિક ફાઇબ્રોસિસ જેવા રોગોને કારણે વિટામિન Kની શોષણની ક્ષમતામાં ઘટાડો પણ એક મહત્ત્વનું કારણ છે. પરિવારમાં વિટામિન Kની ઊણપનો ઇતિહાસ હોય તો પણ આનુવંશિકતાની અસર કારણ બને છે.

### ભયસ્થાનો શું છે?

વિટામિન Kની ઊણપ આમ તો, દુર્લભ સ્થિતિ ગણાય છે, પણ જો તે હોય તો જીવલેણ પણ બની શકે છે. આપણે જાણીએ જ છીએ કે, અનિયંત્રિત રક્તસ્રાવ થતો હોય શરીરના કાર્યમાં ગંભીર ખલેલ ઊભી થાય છે. આના પરિણામે અંગોનું નિષ્ફળ જવું (ઓર્ગન ફેલ્યોર), આંચકી આવવી, કોમામાં જવું જેવા ગંભીર જોખમો ઊભાં થાય છે.

### શું ધ્યાન રાખવું જોઈએ?

વિટામિન Kની ઊણપથી બચવા માટે કેટલીક વાત ઉપર ધ્યાન આપવાનું જરૂર છે.

સૌથી મહત્ત્વનું છે, ઊણપને રોકવા માટે સંતુલિત આહાર અથવા તબીબોની સલાહ મુજબ સપ્લિમેન્ટ્સ દ્વારા પૂરતા પ્રમાણમાં વિટામિન કે મેળવવું. આપણે પહેલા એક વખત ચર્ચા કરી હતી કે એન્ટિબાયોટિક્સનો આડેધડ ઉપયોગ ટાળવો જોઈએ. વિટામિન Kની ઊણપ માટે આ બાબત પણ મહત્ત્વની છે. એન્ટિબાયોટિક્સ, જેવી અમુક દવાઓનો લાંબા ગાળાનો ઉપયોગ આંતરડામાં વિટામિન- K ઉત્પન્ન કરતા બેક્ટેરિયાનો નાશ કરી શકે છે, જેનાથી વિટામિન Kનું સ્તર ઘટી શકે છે. તેથી, જરૂરી છે કે કોઈપણ દવાનો ઉપયોગ આપણે તબીબી માર્ગદર્શન હેઠળ જ કરવું જોઈએ.


### મહત્ત્વનો આહાર

સ્વસ્થ આંતરડાનું માઇક્રોબાયોમ વિટામિન કેના શોષણમાં મદદ કરે છે, તેથી આ ફાયદાકારક બેક્ટેરિયાને ટેકો આપવા માટે આહારમાં પ્રોબાયોટિક્સનો સમાવેશ કરવો જોઈએ. નારિયેળના દૂધનું દહીં અને બદામના દૂધનું દહીં જેવા આથા વાળા ડેરી ઉત્પાદનો સારો સ્રોત ગણાય છે.

લીલા પાંદડાવાળાં શાકભાજી, જેમ કે કેલ (kale), પાલક, સલગમના પાન, સરસવના પાન, અજમાના પાન; ઉપરાંત ફણગાવેલા કઠોળ, બ્રોકોલી, ફ્લાવર અને કોબી જેવા શાકભાજીનો ઉપયોગ કરવો જોઈએ.

તો, હવે જ્યારે અન્ય વિટામિનની ઊણપ વિશે વિચારો ત્યારે આ મહત્ત્વના વિટામિનને ભૂલશો નહીં. ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૫ વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર - ધર્મ તેજ - આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર - તરોતાજા - મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર - ઈન્ટરવલ - થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર - પુરુષ, લાડકી - સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર - મેટિની - મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર - વીકએન્ડ - વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર - ઉત્સવ - અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ




> પોતે માત્ર એક આવેશ અને ભાવુકતાને કારણે મોતના મોમાં ધકેલાઈ ગયો છે... પોતે જેને મળવા જઈ રહ્યો છે તે કોઈ વેપારીઓ નથી, મોતના સોદાગરો છે!

સનતનું શરીર અજબ રીતે કંપી રહ્યું હતું.

ઉનાળાની સાંજ ઢળી ગઈ હતી. ગાડીમાં એસીની ઠંડક વચ્ચે પણ પરસેવો વળતો હતો. ગાડી જૂની દિલ્હીમાંથી પસાર થઈ રહી હતી. ગીચ ટ્રાફિક વચ્ચેથી સલામતીપૂર્વક ગાડી ચલાવતા ડ્રાઈવર સામે જોઈ રહેવું સનતને અજુગતું લાગ્યું. ડ્રાઈવરનું શરીર વહાણના ખલાસી જેવું કસાયેલું હતું. તેણે કાળા રંગનો ટી શર્ટ પહેર્યો હતો. ટાઈટ ટી શર્ટમાં તેના કસાયેલા બાવડાં ઉપસી આવતા હતા. એ કોઈ પ્રોફેશનલ ડ્રાઈવર નહીં જ હોય. એ પેલા લોકોનો સાગરિત જ હશે એમા કોઈ શંકા ન હતી. ખાસ્સી મૂંઝવણ પછી તેણે ડ્રાઈવરને પૂછ્યું, ‘આપણે ક્યાં જઈ રહ્યા છીએ?’

ડ્રાઈવરે સનતની સામે જોયું. તેની નજરમાં આરપાર નીકળી જાય તેવી વેધકતા હતી. સનતને લાગ્યું કે ડ્રાઈવર જવાબ આપવાને બદલે મુક્કો મારશે, પણ ડ્રાઈવરે સામેથી રોંગ સાઈડમાંથી નીકળેલી રીક્ષા તરફ જોતાં કહ્યું, ‘તારાથી ચૂપ નથી રહેવાતું?’

સનત ડ્રાઈવરના જવાબથી ઓજપાઈ ગયો. તેને ગમ્યું નહીં તે છતાં તેને ખબર હતી કે અત્યારે બોલવું મૂર્ખતાભર્યું છે. આ ડ્રાઈવર એકાદ થપ્પડ મારી લેશે તોય પોતાનાથી કંઈ થઈ શકશે નહીં. પ્રતિપળે તેના મન પર ભય છવાતો જતો હતો. આ વિસ્તાર તેનો અજાણ્યો હતો. આ રાક્ષસ જેવો ડ્રાઈવર ક્યાં લઈ જતો હશે? આખરે તેણે પૂછી નાખ્યું, પણ તને કહેવામાં કોઈ વાંધો છે?

કોઈ છોકરાને ધમકી આપતો હોય તેમ ડ્રાઈવર બોલ્યો. ‘ઓયે નાલાયક ચૂપ મર. આપણે ત્યાં જ જઈએ છીએ જ્યાં જવાનું છે. હવે એક શબ્દ પણ બોલ્યો તો માર ખાઈશ સમજ્યો?’

સનત ખરેખર ચૂપ થઈ ગયો. અચાનક તેને વિચાર આવ્યો કે તે શા માટે જઈ રહ્યો છે? પોતાને આવું કરવાની શી જરૂર હતી? આખરે તો પેલી છોકરી માટે જ ને? શું પોતાની બહાદુરી જોઈને સોનલ પોતાના ઉપર ઓવારી જશે? તેણે તો સામેથી કહેલું કે બેગ આપી દે તારે જીવ જોખમમાં મૂકવાની જરૂર નથી. તેમ છતાં પોતે જાણે કોઈ મહાન કાર્ય કરવું હોય તેમ કૂદી પડ્યો છે. ગાડી ટ્રાફિક સિગ્નલ પાસે અટકી. જૂની દિલ્હીની સડક ઉપર વાહનો ખડકાઈ ગયાં હતાં. ડ્રાઈવર બેચેનીથી સિગ્નલના થાંભલાને જોઈ રહ્યો હતો. સનતનાં અંગો ઢીલા થઈ રહ્યાં હતાં. તેની હિંમત જવાબ દઈ જવાની તૈયારી કરતી હતી. તેને સોનલનો વિચાર આવ્યો. સોનલ અત્યારે ક્યાં હશે? દિલ્હીમાં હશે કે દિલ્હીની બહાર? એને જ્યાં રાખી છે ત્યાં કેટલા લોકો હશે? શું તેમણે સોનલને એ લોકોએ કંઈ કર્યું નહીં હોય ને? સનત આગળ વિચારી ન શક્યો. ટ્રાફિકની બત્તી લીલી થતાં જ વાહનોનો જમેલો જુદી જુદી દિશામાં ભાગ્યો.

ડ્રાઈવરે દાંત ભીડીને ગાડીને પહેલા ગીયરમાં નાખી. સૂરજ હવે નમવા જઈ રહ્યો હતો. ગાડી રવાના થયે એકાદ કલાક થવા જતો હતો. આગળ ચારેક કિલોમીટર આગળ જતાં મુખ્ય રોડમાંથી એક નાનો રોડ ફૂટ્યો. ડ્રાઈવરે ઝાટકાથી ગાડીને સાંકડા રોડ ઉપર દોડાવી મૂકી. સનત દિલ્હીની રસ્તાઓથી પરિચિત ન હતો. ગાડી કઈ તરફ જઈ રહી છે તેની તેને ખબર ન હતી. ટ્રાફિકમાં વેડફાયેલો સમય સરભર કરવો હોય તેમ ડ્રાઈવર ખાડાની પરવા કર્યા વગર દોડાવ્યે જતો હતો. હવે ખુલ્લો વિસ્તાર આવતો જતો હતો. ગીચ દિલ્હી પાછળ રહી ગયુ હતું. આગળ એક ગરનાળું આવ્યું. ત્યાંથી જ એક જુદો રોડ નીકળતો હતો. ડ્રાઈવરે યુ ટર્ન માર્યો. સનતને ખ્યાલ આવ્યો કે અત્યાર સુધી દક્ષિણ તરફ જઈ રહેલી ગાડી હવે ઉત્તર તરફ જઈ રહી છે. ડૂબતા સૂરજનો પીળો પ્રકાશ પડતો હતો. સૂરજને જોતાં જ તેને ફાળ પડી. થોડીવાર પછી અંધકાર પથરાઈ જવાનો હતો. તેની હિંમતને ટકાવી રાખતું અજવાળું વિદાય લેવાની તૈયારી કરતું હતું.

સનતે લાચાર આંખે બહાર જોયું. ઉદાસ સાંજ પથરાતી જતી હતી. પોતે માત્ર એક આવેશ અને ભાવુકતાને કારણે મોતના મોમા ધકેલાઈ ગયો છે તેમાં કોઈ શંકા ન હતી. પોતે જેને મળવા જઈ રહ્યો છે તે કોઈ વેપારીઓ નથી, મોતના સોદાગરો છે. તેમના માટે મરવું, મારી નાખવું સામાન્ય બાબત છે. પોતે કારણ વગર જ આ જમેલામાં પડ્યો છે. નરી મૂર્ખાઈ સિવાય કશું જ નથી. આખરે પોતાને મેળવવું છે શું ? જ્યાં જઈ રહ્યો છે ત્યાંથી પાછો આવી શકશે ખરો? સોનલની બેગમાં કશું નહીં નીકળે તે પછી પેલા લોકો જીવતો જવા દેશે? પોતાની લાશ પણ કોઈના હાથમાં નહીં આવે. જો એવું થયુ તો? સનતને એકાએક પોતાના મા-બાપ યાદ આવ્યા. મા-બાપ રોઈ રોઈને જીવ આપી દેશે. તેણે ડ્રાઈવર સામે જોઈ કંપતા અવાજે કહ્યું, ‘ભાઈ જરાવાર ગાડી ઊભી રાખો ને.’ સનત સામે જોયા વગર જ ડ્રાઈવર બરાડ્યો, ‘કેમ શું કરવું છે?’

સનતે ટચલી આંગળી બતાવી. ડ્રાઈવરના ચહેરા ઉપર ભદ્દું હાસ્ય આવ્યું. તેણે કહ્યું, ‘થોડીવાર પછી અત્યારે નહીં સમજ્યો?’

સનત મન મારીને બેસી રહ્યો. હવે આછું અંધારું છવાઈ ગયું હતું. દૂર રહી ગયેલી દિલ્હીની બત્તીઓ ઝગમગતી હતી. ગાડી કોઈ ગ્રામ્ય વિસ્તારની સડક ઉપર દોડી રહી હતી. ડ્રાઈવરે ગાડી ઊભી રાખી સનત સામે નેણ ઉંચે ચડાવતાં બહાર જવાનો ઈશારો કર્યો. સનતે દરવાજો ખોલવા હાથ લંબાવ્યો ત્યાં જ ડ્રાઈવરે બરછટ અવાજે કહ્યું, ‘દૂર જવાની કોઈ જરૂર નથી, અહીં જ કરી લે.’

સનતનું ગળું સૂકાઈ ગયું. તેનાથી નિસાસો નખાઈ ગયો. કોઈ અજાણ્યા વિસ્તારના સુમસામ રસ્તા ઉપર તે ઊભો હતો. તેને એ પણ ખબર ન હતી કે તે દિલ્હીમાં છે, હરિયાણામાં કે પછી ઉત્તરપ્રદેશમાં. તેને જોયું કે ડ્રાઈવર સેલફોન પર વાત કરી રહ્યો છે. તેણે શ્વાસ થંભાવી ડ્રાઈવરના શબ્દો પકડવાનો પ્રયત્ન કર્યો પણ તેને સમજાતું ન હતું. છેલ્લે ઓકે એવું બોલીને ડ્રાઈવરે ફોન કટ કર્યો તે સાથે જ તેની બૂમ સંભળાઈ, ‘અરે જલદી કર.’

સનત ઉતાવળે ગાડીમાં ગોઠવાયો. તેને એક ડરામણો વિચાર આવી ગયો. પેલા લોકોને માટે સોનલની બેગ અગત્યની છે. પણ બેગમાં તો એવું કંઈ જ નથી. જો બેગમાંથી કંઈ નહીં નીકળે તો પોતાનું આવી બનશે. એ લોકો એવું જ સમજશે કે મેં બેગમાંથી કાઢી લીધું છે. મારી વાત કોઈ માનશે નહીં. પછી મારા શું હાલ થશે? આ ખડૂસ ડ્રાઈવર પણ કંઈ બકતો નથી. સનતે પોતાને જ કહ્યું, તારે આ ઉપાધીમાં પડવાની કોઈ જરૂર હતી ખરી? તું હાથે કરીને ફસાયો છે. અને ફસાઈ જ ગયો છો તો હવે હિંમતપૂર્વક સામનો કર. પેલા લોકોને તારી સાથે કોઈ વેર નથી. એમને જે કંઈ જોઈએ છે તે સોનલ પાસેથી જોઈએ છે. વળી સોનલ એમના કબજામાં છે. જો સોનલ તને ગમી જ ગઈ હોય, જોઈતી જ હોય તો ખુલ્લીને મેદાનમાં આવ. તું યુવાન છો. પડકાર ઝીલી લે. સનત હવે ભાગી છૂટવાનો સમય નથી. તારું મગજ દોડાવ. રસ્તો મળી જશે. ત્યાં સોનલને પણ તારી ચિંતા હશે. ડ્રાઈવર એકધારું ચલાવતો હતો. પાંચેક કિલોમીટર ચાલ્યા પછી ત્રણ રસ્તા આવ્યા. ગાડીની હેડલાઈટના શેરડામાં વડનું મોટું વૃક્ષ દેખાયું એ વૃક્ષને કારણે અંધારું વધારે ડરામણું લાગતું હતું. સનત ટટ્ટાર થયો. તેણે ડ્રાઈવર સામે જોઈ રહેતા કહ્યું, ‘આપણે શું પાકિસ્તાન જઈ રહ્યા છીએ? આખરે આપણે જવાનું ક્યાં છે?’

ભૂલથી ડ્રાઈવરે બ્રેક મારી દીધી. ગાડીએ ઝાટકો ખાધો. રફતાર ધીમી થવાથી ડ્રાઈવર ઉશ્કેરાયો, તેણે સનતને ગાળ દેતા કહ્યું, ‘મેં કહ્યું હતું ને ચૂપ મરવાનું છે. સાલ્લા એક થપ્પડ પડશે તો નાની યાદ આવી જશે.’

‘મારી નાની તો મેં જોઈ જ નથી તો ક્યાંથી યાદ આવે? તને કહેવામાં કંઈ વાંધો છે કે આપણે ક્યાં જઈ રહ્યા છીએ?’

‘તારી તો...’ કહીને ગુસ્સે થયેલા ડ્રાઈવરે ગાડી ઊભી રાખી દીધી. બત્તી ચાલુ કરીને સનત ઉપર હાથ ઉગામતા કહ્યું, ‘જો તને કહી દઉં છું હવે એક શબ્દ બોલ્યો છો ને તો તને મારી નાખીશ.’

‘તો મારી નાખ. પછી તારા સાથીદારોને શું કહીશ? મને મારવાથી તને ઈનામ મળવાનું છે? એમને જે જોઈએ એ આ બેગમાં નહીં, મારા ભેજામાં છે સમજ્યો. સીધી રીતે કહી દે આપણે ક્યાં જઈ રહ્યા છીએ?’

ડ્રાઈવરની આંખમાંથી તણખા ઝર્યા. તેણે દાંત ભીંસતા કહ્યું, ‘લાગે છે તને માર ખાવાની ચળ જાગી છે.’

‘તો માર ને. વાતો શું કરશ? ચાલ બહાર આવી જા. માર મને.’ ડ્રાઈવર કોઈ પ્રતિક્રિયા આપે તે પહેલા સનત ઝડપથી બારણું ખોલી બહાર નીકળી ગયો. ડ્રાઈવર મૂંજાયો. અત્યાર સુધી શિયાંવિયાં થતો સનત અચાનક આવું કરશે તેવો વિચાર તેને આવ્યો જ ન હતો. તે નક્કી ન કરી શક્યો કે શું કરવું. તે પણ બહાર આવીને સનત સામે અકડાઈને ઊભો રહ્યો. સનતે વિચારી લીધું હતું કે ડ્રાઈવર કદાચ હુમલો કરશે. તે ડ્રાઈવરના પ્રતિકારની તૈયારી સાથે જ ઊભો રહ્યો. ડ્રાઈવર ખરેખરનો મૂંઝાયો હતો. સનતને મારવો કે પછી તેની સાથે વાત કરવી તે તેને સમજાતું ન્હોતું. તે સારો ડ્રાઈવર હતો, પણ સમજાવટથી વાત કેમ કરવી તેનો અનુભવ ન હતો. તેણે પોતાના સ્વભાવ મુજબ જ કર્યુ. લાગલો સનતનું કાંડું પકડતા કહ્યું, ‘અંદર બેસે છે કે એક ઠોકી દઉ?’

સનતને ખબર હતી કે ડ્રાઈવર અટકચાળું કરશે. તેણે તરત કાંડું છોડાવતા કહ્યું, ‘તું તને સમજે છે શું? ચાલ મને હાથ અડાડી જો. તું શું એમ સમજે છે કે તું મને મારીશ તો હું જોયા કરીશ? મને પણ મારતા આવડે છે. સીધી રીતે બતાવી દે કે આપણે ક્યાં જઈએ છીએ અને એ પણ કહી દેજે કે સોનલ અત્યારે ક્યાં છે? જ્યાં સુધી મને ખબર નહીં પડે કે સોનલ ક્યાં છે અને તું મને ક્યાં લઈ જાય છે ત્યાં સુધી હું ઊઠવાનો નથી અને સાંભળ તું ફક્ત ડ્રાઈવર લાગે છે, જો તને ખબર ન હોય તો પૂછી લે તારા બાપને.’

ડ્રાઈવર સમસમી ગયો. ઘડીભર તે નક્કી ન કરી શક્યો કે તે શું કરે? તેને પહેલો એવો માણસ જેણે પડકાર ફેંક્યો હતો. તેમ છતાં તેણે નમીને ન આપ્યું. તેણે કહ્યું, ‘તું સીધી રીતે ગાડીમાં બેસે છે કે તને ગોલી મારી દઉં?’

‘તો વાટ કોની જુએ છે, માર ગોલી અને મને મારી નાખ. મને ખબર છે મને મારી નાખીશ તો એ લોકો તને મારી નાખશે. તું એક વાત ધ્યાનથી સાંભળી લે હું અહીંથી ઊઠવાનો નથી જ્યાં સુધી મારા પ્રશ્નોના જવાબ નહીં મળે.’ આટલું કહી સનત રસ્તાની ધારે પલાંઠી વાળી બેસી ગયો. ડ્રાઈવરને પોતાની પરિસ્થિતિનું ભાન થયું. તે સમજ્યો કે આ માણસ જીદ્દી લાગે છે. મરવાથી પણ ડરતો નથી. પોતે જો તેના પર બળજબરી કરશે તો સામો થશે. શક્ય છે કે તે જીતી પણ જાય અને ક્યાંક પોતાને જ અહીં મૂકીને ગાડી લઈને ભાગી જાય. જો એવું બને તો પોતાનું આવી બને. તે થોડીવાર સનત સામે જોતો ઊભો રહ્યો. અચાનક તેણે પોતાનો સૂર બદલ્યો. તેના બરછટ અવાજમાં થોડી નરમાશ આવી ગઈ. તેણે જરા નમીને સનત સામે જોઈ રહેતા કહ્યું, ‘જો હું ફક્ત ડ્રાઈવર છું. મને વધુ કાંઈ ખબર નથી અને આપણે રાજસ્થાન જઈ રહ્યા છીએ.’ (ક્રમશઃ)

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | | ૮ | | | | | |
| | | | | | | | ૯ | | |
| | ૧૦ | | | ૧૧ | | ૧૨ | | | |
| ૧૩ | | | ૧૪ | | | ૧૫ | | ૧૬ | |
| | ૧૭ | | | | | | | ૧૮ | |
| ૧૯ | | | ૨૦ | ૨૧ | | | ૨૨ | | |
| ૨૩ | | ૨૪ | | | | | | | ૨૫ |
| | | | | ૨૬ | | | ૨૭ | ૨૮ | |
| ૨૯ | | | | | | ૩૦ | | | |

### આડી ચાવી

૧. ભાઈબહેન વગેરે સ્વજન (૪)
૪. વિરુદ્ધતા, સામનો (૫)
૭. ભ્રાંતિ (૩)
૮. --- સમય કદી પાછો ન આવે (૨)
૯. સુકાની, વહાણવટી (૩)
૧૦. ઉકળાટ, બફારો (૨)
૧૧. --- તેવી બરકત (૩)
૧૩. જમીન (૨)
૧૫. પિતા, બાપ (૩)
૧૭. ચીથરાં, લૂગડાના ડૂચા (૩)
૧૮. વાણી, બોલી (૨)
૨૦. કમળ (૩)
૨૨. તોર, મગરૂરી (૨)
૨૩. લાંચ (૩)
૨૬. કાળું, આસમાની (૨)
૨૭. વસ્તુઓ વેચવા વેપારી જ્યાં બેસે તે જગા (૩)
૨૯. પાલન પોષણ (૫)
૩૦. બીકણ (૪)

### ઊભી ચાવી

૧. સ્વાદ વગરનું, ખારું (૩)
૨. ભય, બીક (૨)
૩. નૂપુરનો અવાજ (૪)
૪. કારણ, હેતુ (૪)
૫. વ્યવસ્થા, ગોઠવણ (૩)
૬. સોનાચાંદી કસબ કરનાર (૪)
૧૦. જખમી (૩)
૧૨. તાકીદ, ધમકી (૩)
૧૪. વારસો (૩)
૧૬. ધર્મશાળા (૩)
૧૯. સંતાપ (૪)
૨૧. દરરોજના કામની નોંધપોથી (૪)
૨૨. સૂરવીર, હિંમતવાન (૪)
૨૪. નાનું સરોવર (૩)
૨૫. કાળજી (૩)
૨૮. ચીરો, કાપ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગૂ | ડી | ૨ પ | ડ | ૩ વો | | ૪ ભાં | ભ | ૫ ર | વું |
| જં | | રા | | ૬ હ | ૭ વે | ડો | | સ | |
| ૮ ર | ૯ જો | ય | ણો | | ર | | ૧૦ ચ | મ | ૧૧ ન |
| | ૧૨ ગ | ણ | | ૧૩ નિ | વૃ | ત્તિ | | | ખ્ખો |
| | વા | | | | ત્તિ | | ૧૪ બિ | ૧૫ રૂ | દ |
| ૧૬ ર | ઈ | સ | | ૧૭ અ | | | | ખ | |
| જો | | | ૧૮ ઊ | ણ | પ | | ૧૯ પા | સ | |
| ૨૦ ટી | ૨૧ ખ | ળ | | ન | | ૨૨ બિ | રા | દ | ૨૩ ર |
| | લ | | ૨૪ ભો | મ | ૨૫ કા | | વા | | જ |
| ૨૬ બ | ક | વા | ટ | | ૨૭ ખ | ત | ર | ના | ક |

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગુચ્છ | PRAISE |
| ગુણ | PROFITABLE |
| ગુણકારી | BUNCH |
| ગુણગાન | MULTIPLICATION |
| ગુણાકાર | QUALITY |

### માતૃભાષાની મહેક

ઘર એટલે રહેવાનું, વાસ કરવાનું સ્થાન, મકાન, મંદિર, આવાસ, નિવાસ એવા વિવિધ પર્યાયવાચી શબ્દો ઉપરાંત કાર્યાલય, માળો, જન્મકુંડળીમાં ગ્રહનું ખાનું એવા પણ અર્થ છે. ઘર અજવાળવું એટલે ઘરની કે કુટુંબની આબરૂ વધારવી. ઘર ઉઘાડું પડવું એટલે ઘરની એબ ઉઘાડી થવી, જળવાઈ રહેતો ભરમ ઉઘાડો પડી જવો, કુટુંબની બેઆબરૂ થવી.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ SCRIPTOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) સંગત   બ) નાટક
ક) લખાણ   ડ) સભા

### ઈર્શાદ

*મહોબતના જગતમાં ખેલદિલી હોય છે આવી,*
*હતો સાગર જો બેપરવા તો દોડીને ઝરણ આવ્યું.*

*-- કાબિલ ડેડાણવી*

### ઓળખાણ પડી?



દૂરથી દેખાવમાં જામફળ જેવા લાગતા દૂધીના પરિવારના પૌષ્ટિક શાકની ઓળખાણ પડી? આયુર્વેદમાં ઉપયોગી હોય છે.

અ) ફણસ   બ) ટિંડા   ક) ક્રિલ   ડ) એવિયલ

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘ઘરના મોભી હવે હયાત નથી’ પંક્તિમાં મોભી શબ્દનો અર્થ જણાવો.

અ) આંગણું   બ) મહેમાન   ક) વડીલ   ડ) પ્રવેશદ્વાર

### માઈન્ડ ગેમ

લોખંડ અને એલ્યુમિનિયમનું પ્રમાણ ધરાવતા લેટરાઇટ ખડકથી બાંધવામાં આવેલો રાઇબનિયા કિલ્લો કયા રાજ્યમાં છે?

અ) પંજાબ   બ) રાજસ્થાન   ક) ઓડિશા   ડ) આસામ

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૪ | | | | | |
| ૬ | | | ૯ | | ૭ | ૩ | | |
| | | ૭ | ૫ | | | | ૧ | |
| ૭ | ૮ | ૨ | | | | | | |
| | ૪ | | ૨ | | ૬ | | ૩ | |
| | | | | | | ૫ | ૯ | ૨ |
| | ૫ | | | | ૮ | ૨ | | |
| | | ૪ | ૭ | | ૩ | | | ૯ |
| | | | | | ૫ | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૭ | ૫ | ૮ | ૨ | ૯ | ૩ | ૬ |
| ૨ | ૬ | ૯ | ૩ | ૧ | ૭ | ૪ | ૫ | ૮ |
| ૮ | ૫ | ૩ | ૯ | ૪ | ૬ | ૧ | ૭ | ૨ |
| ૧ | ૭ | ૪ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ | ૫ |
| ૬ | ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૪ |
| ૩ | ૯ | ૮ | ૪ | ૨ | ૫ | ૬ | ૧ | ૭ |
| ૯ | ૩ | ૬ | ૭ | ૫ | ૪ | ૮ | ૨ | ૧ |
| ૫ | ૮ | ૧ | ૨ | ૬ | ૩ | ૭ | ૪ | ૯ |
| ૭ | ૪ | ૨ | ૮ | ૯ | ૧ | ૫ | ૬ | ૩ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગુજર | PESSAGE |
| ગુજરવું | PASS |
| ગુટિકા | PILL |
| ગુડ | JAGGERY |
| ગુડગુડી | HUKKA |

**ગુજરાત મોરી મોરી રેઃ** સંગીત

**ઓળખાણ પડી?** એવિયલ

**માઈન્ડ ગેમ :** કેરળ

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** મુક્તિ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) ધીરેન્દ્ર મુલરાજ (૭) પ્રતિમા પમાણી (૮) ભામિની સંપટ (૯) ભરત કજરિયા (૧૦) લજિતા ખોના (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મહેશ એન. સંઘવી (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૭) વિપીન શાહ (૧૮) નૂતન વિપીન શાહ (૧૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) અરવિંદ કામદાર (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) વિણા સંપટ (૨૬) ભાવના કર્વે (૨૭) કમલ માતલિયા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) અંજુ ટોલિયા (૩૦) નંદુભાઈ અ. ગોઠી (૩૧) ડાયના સંતોકે (૩૨) અલકા વાણી (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) નયના ગિરીશ મિસ્ત્રી (૩૫) રમેશભાઈ દલાલ (૩૬) ઈનાક્ષીબેન દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) પુષ્પા પટેલ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૫) પ્રવીણ વોરા (૪૬) મહેશ દોશી (૪૭) જયવંત પદમશી ચિખલ

સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

## જન્માષ્ટમીના દિવસે બાળગોપાળને ભોગમાં ધરાવાતી

# પંજરી છે અતિ ગુણકારી



ઑગસ્ટ મહિનો શરૂ થઈ ગયો છે. તહેવારોનો આનંદ સાથે મળીને વધુ આવે છે. તેમાં જન્માષ્ટમીનો ઉત્સવ હોય ત્યારે બાળગોપાળના જન્મને વધાવવા અનેક તૈયારી કરવામાં આવતી હોય છે. ધરતી ઉપર કનૈયાનું આગમન આધુનિક યુગમાં પણ માનવીને ઉત્સાહિત બનાવી દેવા પૂરતું છે. બાળગોપાળને નૈવેદ્યમાં સૌ પ્રથમ ધરાવવામાં આવે છે તે સામગ્રી એટલે જ ‘પંજરી’. પંજરીને વિવિધ નામે ઓળખવામાં આવે છે. જેમ કે પંચાજરી, પંજરી, પંજરી વગેરે. સામાન્ય રીતે બાળક જન્મે ત્યારબાદ તેને જે કાંઈ ભોજનમાં આપવામાં આવે તે સ્વાસ્થ્યવર્ધક હોય તે અગત્યનું છે. ‘પંચજીરી’ નામ એટલે આપવામાં આવ્યું છે કારણકે તેમાં પાંચ પ્રકારના જીરાને લગતી વસ્તુનો ઉપયોગ કરવામાં આવેલો છે. જેમ કે આખા ધાણા, સુવાદાણા, જીરૂ, અજમો, વરિયાળી વગેરે. સ્વાદ વધારવા તેમાં કોપરાનો ભૂકો ઉપયોગમાં લેવામાં આવે છે. મિશ્રી સાકરનો ઉપયોગ પણ ખાસ ગળપણ માટે કરવામાં આવે છે.

### પંજરીના સ્વાસ્થ્યવર્ધક લાભ

**રોગપ્રતિકારક શક્તિ વધારે છે :** પંજરી ખાવાથી શરીરમાં ગરમાવો આવી જાય છે. પ્રત્યેક મોસમમાં બદલાવને કારણે શરીર બીમારીનો શિકાર બની જતું હોય છે. આવા સમયે શરીરને આવશ્યક પોષક તત્ત્વો મળી રહે તેવું ભોજન લાભકારી ગણાય છે. પંજરીમાં પ્રોટીનની સાથે કેલ્શ્યિમ, ફોસ્ફરસ, આયર્ન વગેરે સ્વાસ્થ્ય માટે ગુણકારી તત્ત્વો સમાયેલાં છે. આથી જ પંજરીનું સેવન કરવાથી વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.

**આખા ધાણા ગુણકારી :** આખા ધાણામાં કેલ્શ્યિમની સાથે ઍન્ટિઓક્સિડન્ટના ગુણો સમાયેલાં છે. વળી આખા ધાણાની તાસીર ઠંડી હોય છે. જેને કારણે તેના સેવન બાદ પેટ સંબંધિત સમસ્યાથી રાહત મળી રહે છે. જેમ કે ભોજન બાદ છાતીમાં બળતરા કે પેટ ફૂલી જવાની સમસ્યા તેમજ ભોજન બાદ વારંવાર આફરો ચઢી જવાની સમસ્યાથી રાહત મળી રહે છે.

**પાચનતંત્રને મજબૂત બનાવવામાં લાભકારી:** પાચન તંત્રને મજબૂત બનાવવામાં પંજરીનું સેવન અતિલાભદાયક બની રહે છે. કેમ કે તેમાં અજમો, સુવા દાણા, જીરું, વરિયાળીને શેકીને ઉપયોગ કરવામાં આવે છે. જે ભોજનને પચાવવામાં મદદ કરે છે. કબજિયાતની સમસ્યા લાંબા સમયથી હોય તેમને માટે નિયમિત પંજરીનું સેવન અતિગુણકારી સાબિત થાય છે.

**સાંધાના દુખાવામાં અતિલાભદાયક:** પંચાજીરીમાં સૂંઠ. જીરું, અજમો, ઘી જેવી સ્વાસ્થ્યવર્ધક સામાગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. જેને કારણે વય વધવાની સાથે કે મોસમમાં બદલાવની સાથે સાંધાના દુખાવામાં થતાં કળતરનું નિવારણ મળી રહે છે. પંજરીનો ઉપયોગ થોડી થોડી પરંતુ તાજી બનાવીને કરવો વધુ ફાયદાકારક ગણાય છે. પંજરીનું સેવન કરવાથી પ્રોટીન, કેલ્શ્યિમ, આયર્ન, ફાઈબર તથા શરીર માટે આવશ્યક ફેટ્સ સમાયેલી હોય છે, જે હાડકાંની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે.

**આંખોના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે લાભકારી:** પંજરીનો ઉપયોગ નિયમિત કરવાથી આંખોમાં બળતરા, આંખોમાંથી પાણી નીકળવું કે ઝાંખપની સમસ્યાથી રાહત મેળવવામાં મદદ કરે છે, કેમ કે પંચાજરીમાં ઉપયોગમાં લેવામાં આવતી સામગ્રી શરીરને ઠંડક આપે છે, કેમ કે તેમાં ખાંડને બદલે મિશ્રીનો ઉપયોગ ખાસ કરવામાં આવે છે. વરિયાળીની સાથે મિશ્રી ખાવાથી આંખોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી :** તહેવારોના દિવસોમાં વજન વધવાની સમસ્યા વધી જતી હોય છે. કેમ કે તે દિવસોમાં આપણું મન આનંદિત હોય છે. જેને કારણે આપણે મનપસંદ મીઠાઈ કે ફરસાણ ખાવા આતુર બની જતાં હોઈએ છીએ. પંચાજીરી આવા સંજાગોમાં તન-મનને ઠંડક આપવાનો શ્રેષ્ઠ ઉપાય છે. કેમ કે સ્વાદની સાથે વ્યક્તિના સ્વાસ્થ્યનું ધ્યાન આપમેળે રહે છે. થોડી પંજરી ખાવાથી મન આનંદિત બને છે. તેમ જ પેટ ભરાઈ જાય છે. જેની અસર વજન નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

### પંજરી બનાવવાની રીત

૧૦૦ ગ્રામ ધાણા, ૨૫ ગ્રામ અજમો, ૧ ચમચી સૂંઠ. ૨૫ ગ્રામ જીરું, ૨૫ ગ્રામ વરિયાળી, ૨ ચમચી સુવાદાણા, ૨ ચમચી ચોખ્ખું ઘી, ૫૦ ગ્રામ મિશ્રી.

**બનાવવાની રીત:** સૌ પ્રથમ આખા ધાણાને ૧ ચમચી ઘીમાં ધીમા તાપે શેકી લેવાં. ત્યારબાદ જીરુંને શેકી લેવું. અજમો શેકી લેવો. સુવાદાણા શેકી લેવાં. વરિયાળી શેકી લેવી. બધી જ સામગ્રી અલગ અલગ શેકવી. મિશ્રી સાકરને વાટી લેવી. ઉપરોક્ત બધી જ સામગ્રીને એક પછી એક અલગ અલગ મિક્સરમાં વાટવી. જેથી તેનો ભૂકો એકસરખો થાય. બધી જ સામગ્રીને એક મોટા વાસણમાં ઉમેરીને બરાબર ભેળવવી. થોડું ગરમ ઘી તેમ જ સૂંઠ પાઉડર ભેળવીને પંજરી તૈયાર કરવી. જન્માષ્ટમીના બાળગોપાળને ભોગમાં ધરાવીને તેનો સ્વાદ માણવો. એક અઠવાડિયા સુધી પ્રતિદિન પંજરીનો ભોગ ધરાવી શકાય છે. ત્યારબાદ બાળકોથી લઈને ઘરના પ્રત્યેક સભ્યોને તેનો પ્રસાદ લેવો. મોસમમાં બદલાવની અસરને કારણે શરીરમાં પ્રવેશતી બીમારીથી બચી શકાશે. મન આનંદિત બની ને ગાવા લાગશે ‘નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી’... ■

આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા
feedback@bombaysamachar.com

# શરીરની ચાકરી કરે ચંદન



**ચંદનનું** મહત્ત્વ ભારતીયોથી વધુ કોણ જાણી શકે? દરેક મંદિરોમાં, ગુરુદ્વારા, દેરાસરો કે અન્ય મંદિરોમાં ચંદન વપરાશ થાય છે. ઘરમાં પણ પૂજાનું સ્થાન હોય ત્યાં આનો ઉપયોગ થાય છે. ચંદનના દરેક પ્રકારનો ઉપયોગ ધાર્મિક સ્થળમાં એક યા બીજી રીતે થાય છે. ચંદનની શીતળતા એ લોકોને મોટા પાયે પ્રભાવિત કરે છે. ધાર્મિક માન્યતાઓ કે જ્યોતિષશાસ્ત્રમાં આનું મહત્ત્વ અનેક ગણું છે. ચંદનનો ઐતિહાસિક અને વ્યાપક ઉપયોગ થાય છે. સુગંધિત દ્રવ્યના કારણે આનો ઉપયોગ અત્તર, પરફ્યુમ, ધૂપ, ફર્નિચર બનાવવામાં થાય છે. ચંદનનું તેલ ઔષધીય ગુણો ધરાવે છે.

ચંદન એ સેન્ટેલેસી કુળનું સુગંધિત અને સદાબહાર વૃક્ષ છે. સૌથી મોંઘું લાકડું આ ચંદનનું છે. ચંદન પ્રકારમાં સફેદ ચંદન, લાલ ચંદન, પીળુ સફેદ વગેરે છે. ચંદન એ ઍન્ટિબૅક્ટેરિયલ, ઍન્ટિફંગલના ગુણો છે. અલ્ફા સેંટોલોલના કારણે તીવ્ર અને મીઠી સુગંધ ધરાવે છે. એના કારણે માનસિક એકાગ્રતા બની રહે છે. બીટા સેંટાલોલને કારણે ઍન્ટિ બૅક્ટેરિયલ ગુણ ધરાવે છે. સેંટાલોલ અને સેંટોનોનને કારણે તેમાં બાષ્પિશીલ તેલ બને છે જેને કારણે ઍન્ટિ ઑક્સિડન્ટ અને ઍન્ટિ ઇન્ફલમેટરી ગુણ હોય છે. આ ગુણના કારણે સોજા અને સંક્રમણ પર નિયંત્રણ લાવે છે. સ્વાદે કડવો અને મીઠો એટલે કે પહેલાં ગળ્યો અને પછીથી થોડો કડવો છે. દરેક પ્રકારના ચંદનનો ઉપયોગ ઘણીએ સદીઓથી થાય છે. ઔષધીય ગુણો ઉચ્ચ દરજજાના હોવાથી મોંઘું છે. વાતાવરણને પ્રદૂષણથી બચાવે છે. સંક્રમણવાળા બૅક્ટેરિયાના નાશ કરવાનો ગુણધર્મ ધરાવે છે. ચંદનનો ઉપયોગ કરવો સહેલો અને સરળ છે. પાચનની તકલીફો પર સારો પ્રભાવ આપે છે. વિપાક, પોષણ, સ્થિરતા અને શાંતિ પ્રદાન કરે છે. આ આજના વૈજ્ઞાનિકોએ પણ પુરવાર કર્યું છે. મૂત્ર માર્ગના સંક્રમણ જેમ કે મૂત્રકારક (દર્દનાક પેશાબ) બળતરા અથવા અટકી અટકીને આવતો પેશાબ કે મૂત્રમાર્ગમાં સોજા હોય, ખતરનાક બૅક્ટેરિયા, ગનોરિયા જેવી બીમારીમાં આના તેલનો ઉપયોગ કરવો જોઈએ. જેથી વિષાકત પદાર્થોનો ઝડપથી નિકાલ થઈ શકે. પેશાબ કરવા સમયે થતી અસુવિધાઓ પર આ સરળ અને પ્રાકૃતિક ઉપચાર છે.

શરીરમાં અત્યાધિક ગરમી કે પિત્તના કારણે ગળામાં રેસીસ થવા પર કે ગળામાં સુકાપણું, કોળિયો ગળવામાં મુશ્કેલી થવી કે ખજવાળ થવી ત્યારે તેલનાં બે-ત્રણ ટીપાં પાણીમાં નાખીને કોગળા કરવા જેથી ગળાની અંદરની કે જખમ જલદી સાજો થઈ જાય છે.

માથાના દુખાવામાં કે માનસિક તાણ વધુ પ્રમાણમાં હોય ત્યારે ચંદનનો લેપ લગાવાથી ઘણી જ રાહત જણાય છે. ખૂબ જ ઝડપથી પરિણામ મળે છે. ચંદન જવરનાશક એટલે કે તાવ પર સારું પરિણામ મળે છે. ચંદન શરીરમાં ગરમી વધારવા વગર પાચન શક્તિ વધારે છે. તેથી જ લીવર અને પિતાશયની તકલીફમાં આ ઇલાજ કારગર છે. લીવરની નુકસાની થતી અટકાવે છે. પિત્તાશયની પથરી પ્રાકૃતિક રીતે કાઢવા માટે પિત્તાશયના કાર્યની કાર્યશીલ બનાવું પડે છે. જે ચંદનના પાઉડરના ઍન્ટિ ઑક્સિડેન્ટ ગુણોને લીધે થાય છે. તેથી જ ડિટોક્સ કે ફલીજીંગ પ્રક્રિયાઓ માટે ચંદન પાઉડરનો વિશેષ ઉપયોગ થાય છે.

ત્વચા પર થતા બધા જ રોગો માટે આના જેવી કોઈ દવા નથી. ફોડા-ફૂંસી, ખીલ, મોટા જખમ વેરીકોઝ વેનના કારણે થતા જખમ, ડાયાબિટીસના રોગીને થતાં ગુમડાં કે પસવાળાં ગુમડાં પર ચંદનનું તેલ અને પાઉડરનો ઉપયોગ કરી શકાય. લોહીવાળા પાઇલ્સ, પસવાળા પાઇલ્સ પર આના તેલથી બનાવેલો મલમ ખૂબ જ ઉપયોગી છે.

હડપીસની તકલીફમાં બળતરા સોજા થાય છે ત્યારે આનો લેપમાં એળીયો ઘસીને મિક્સ કરીને લગાડવાથી લગભગ ત્રણથી ચાર દિવસમાં હડપીસ મટી જાય છે. ચણાનો લોટ અને તેલનો વધુ પડતો ઉપયોગથી હડપીસ થાય છે. તે ખાવાના થોડો સમય માટે બંધ કરી દેવા. લાલ ચંદન વધુ ઉપયોગી છે. પડી જવાથી જ્યારે સોજા આવે છે (ઢીમચું) થઈ જાય ત્યારે લાલ ચંદનનો લેપ લગાડવાથી માત્ર બે દિવસમાં ઢીમચું મટી જાય છે. આંખ પર હડપીસ થાય ત્યારે લાલ ચંદન અને એળીયો બન્ને ઘસીને લેપ બનાવો. કહેવાય છે કે ચંદન ઘસાઈ ઘસાઈને સુવાસ આપે છે.

પેટમા અલ્સર, આંતરડામાં અલ્સર, પગ પર અલ્સર, મોઢામાં અલ્સર થાય ત્યારે ચંદન ઘસીને તેને પાણીમાં નાખીને થોડું પીવાથી લગભગ અલ્સરના ઘાવ ભરાઈ જાય છે. અલ્સર થવાનું મુખ્ય કારણ વિટામિન બી ૧૨ની ઊણપ છે. તેવો ખોરાક લેવો જેમાં વિટામિ બી હોય જેથી ઘાવ જલદી ભરાઈ જાય. અન્ય ઘાવ પર ચંદનનું તેલ નાખી લેપ બનાવીને લગાડવાથી સારું પરિણામ મળે છે. હાલના અધ્યયનમાં સિદ્ધ થયું છે.

ગરમીના સમયમાં બાળકોને, પુખ્ત વયના લોકોને ઘણીવાર ધમોરિયા કે બળતરા થતી હોય ત્યારે ચંદનના પાણીથી નહાવાથી તેમાંથી છૂટકારો મળે છે. ચંદન એ ઍન્ટિ સ્પાસ્માડિક એજન્ટના રૂપમાં કામ કર છે. જે તંત્રિકા તંત્ર, માંસપેશી રક્તવાહિનીઓને આરામ આપવામાં મદદ કરે છે.

ચંદનના તેલનો બાષ્પ લેવાથી હાઇબ્લડ પ્રેશરનેને કંટ્રોલ કરવામાં મદદ મળે છે. મસ્તિષ્કને સેરોટેનિન બનાવામાં મદદ કરે છે. ખુશી અને સંતોષનો અનુભવ કરાવે છે. માનસિક સ્વાસ્થ્ય, અવસાદ, ચિંતા વિકાર, તણાવ વગેરે માટે ચંદનનો લેપ કે અગરબતી દ્વારા તેની સુંગધ લેવાથી વિકારો દૂર થાય છે. ધ્યાન આપવું કે અગરબતી સાચા ચંદનની હોય.

ચંદન એ એક બેમિસાલ ઔષધી છે. બાહ્ય તકલીફો જલદીથી દૂર કરે છે. આંતરિક ઉપયોગ માટે ચિકિત્સકની સલાહ લેવી જરૂરી છે. ચંદનનો ઉપયોગ ઘણાય લોકો રોજબરોજ કરે છે. મંદિરો અને દેરાસરમાં આનું તિલક લોકો રોજ કરે છે. માનસિક વિકાર કે શારીરિક ઉપચાર માટે ચંદન શ્રેષ્ઠ છે. આનાથી કોઈ અજાણ નથી. લોકો આનો ઉપયોગ તિલક લગાવવામાં જ કરે છે, પણ એના અન્ય ઉપયોગથી સારું સ્વાસ્થ્ય મેળવી શકાય. આનો ઉપયોગ કરવાથી મોટી બીમારી આવતી જ નથી.

ચંદનની મજબૂતી અને મહીન બનાવટના કારણે ઘણી સંસ્કૃતિઓમાં મંત્રોચ્ચાર માટે માળા તેમ જ મૂર્તિઓ બનાવે છે, પરંપરાગત આનો વિશેષ ઉપયોગ થાય છે. ■

હેલ્થને હેમખેમ રાખો
મિતા બાવીસી
feedback@bombaysamachar.com

# નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં

## સંપૂર્ણ તંદુરસ્તી માટેના સરળ-સચોટ ઘરગથ્થુ ઉપાય અજમાવો...

### ગળું

* ગળું આવી ગયું હોય તો સરકાના કોગળા કરવાથી મટે છે.
* પાન ખાવાથી મોઢું આવી ગયું હોય તો મોઢામાં લવિંગ રાખવાથી મટે છે.
* મધ સાથે પાણી મેળવી કોગળા કરવાથી મોની ચાંદી અને ગળાની બળતા મટે છે.
* ટંકણખારને પાણીમાં ઓગાળી કોગળા કરવાથી મોંની ચાંદી તથા જીભની ચાંદી મટે છે.
* બાવળની છાલ ઉકાળીને કોગળા કરવાની મોંની ચાંદી મટે છે.
* ગળું બેસી ગયું હોય તો મીઠાના ગરમ પાણીથી કોગળા કરવાથી મટે છે.
* ગરમ પાણીમાં હિંગ નાખી પીવાથી અવાજ બેસી ગયો હોય તો ખુલશે.
* ગરમ કરેલા દૂધમાં થોડી હળદર નાખી પીવાથી ગળું બેસી ગયું હોય તો તે મટે છે.
* પાકું દાડમ ખાવાથી અવાજ બેસી ગયો હોત તો ખૂલશે.
* રાત્રે શેકેલા ચણા ખાઈ ઉપર ગરમ પાણી પીવાથી અવાજ બેસી ગયો હોય તો ખૂલશે.
* બોરડીની છાલનો કકડો ચૂસવાથી અવાજ બેસી ગયો તો ખૂલશે.
* દ્રાક્ષને સારી પેઠે લસોટી ઘી, મધ મેળવી ચાટણ બનાવી જીભ ઉપર ચોપડવાથી જીભ ઉપર કતરા પડી ગયા હોય તો મટશે.



* લવિંગને જરા શેકી મોંમાં રાખી ચૂસવાથી ગળાનો સોજો મટે છે.
* ભોજન કર્યા પછી મરીનું ચૂર્ણ ઘી સાથે ચાટવાથી અવાજ બેસી ગયો હોય તો ખૂલશે.
* સાકરની ગાંગડી મોંમાં રાખી ચૂસવાથી અવાજ બેસી ગયો હોય તો ખૂલશે.
* કંઠમાળ પર જવના લોટમાં કોથમીરનો રસ મેળવીને રોજ લગાડવાથી કંઠમાળ મટે છે.
* કાંદાનું કચુંબર, જીરું અને સિંધવ નાખી ખાવાથી ગળું સાફ રહે છે. કફની ખરેટી, બાઝતી નથી.
* તાજી મોળી છાશ પીવાથી મોંનાં ચાંદાં મટે છે.
* તુલસીનાં પાન ચાવવાથી તથા તુલસીના પાનના ઉકાળાના કોગળા કરવાથી મોંની દુર્ગંધ મટે છે.
* કોથમીર ચાવી ચાવીને ચૂસવાથી ગળાનો કોઈ પણ પ્રકારનો દુખાવો મટે છે. ■

મોજની ખોજ
સુભાષ ઠાકર
feedback@bombaysamachar.com

# ઊર્મિલા વનમાં કેમ ન ગઈ?




**‘રામ-લક્ષ્મણ-સીતા** સાથે ઊર્મિલા વનમાં કેમ ન ગઈ?’ ચંપાએ શાસ્ત્રીજીને પૂછયું.

‘અરે. ન ગઈ તો ન ગઈ. એની મરજી. હું એ વખતે અયોધ્યામાં ન્હોતો ને મેં રામાયણ લખી નથી. પ્લીઝ તમે કોર્સ બહારના સવાલ ન કરો. મને તો આ જયંતીકાકાની ઊર્મિલા સાસરે કેમ નથી જતી એ ખબર નથી તો ઠેઠ પુરાતન પથ્થર યુગની રામાયણમાં ઊર્મિલા કેમ ન ગઈ એ કેમ ખબર પડે?’

‘અરે શાસ્ત્રી, એ જયંતીકાકાની ઊર્મિલાના લગ્ન જ નથી થયા તો સાસરે તંબુરામાંથી જાય. સમજ્યા-જાણ્યા વગર ઠોકાઠોક કરો છો. તમે આ રામાયણની ઊર્મિલા કેમ વનમાં ન ગઈ એ બોલોને.’

‘હું શું બોલું? આ તો દશરથ રાજાના પરિવારમાં આખી જિંદગી કાઢીએ તોયે કોકડું ગૂંચવાયેલું રહે.’

‘એકઝેટલી એ ગૂંચ તો ઉકેલવાની છે. ધ્યાનથી સાંભળો. તમે કાલે ઠાકરપીઠ પરથી કથા ચાલુ કરો કે...’

‘અરે ભાભી, એને વ્યાસપીઠ કહેવાય ઠાકરપીઠ નઈ.’

‘પણ અમે વ્યાસ નથી. અમે ઠાકર છીએ એટલે ઠાકરપીઠ પરથી જ જાહેર કરવાનું છે કે ‘વોટ ઈઝ ધ પ્રોબ્લેમ વિથ ઊર્મિલા’ એનો જવાબ આપો, નઈતર રામાયણની પૂર્ણાહુતિ પહેલાં તમારી પૂર્ણાહુતિ..’

‘મારી પૂર્ણાહુતિ? આ તો દાદાગીરી કહેવાય.’ શાસ્ત્રી ગભરાયા ‘તો તમે મને એ સમજાવો કે ઊર્મિલાને મૂકી સીતાજી કેમ ગયા?’

‘અરે સીતાજીને એવો વિચાર આવ્યો હશે કે ચૌદ ચૌદ વર્ષ સુધી ત્રણ ત્રણ સાસુ સાથે માથાકૂટ કરવી એના કરતાં પતિની છત્રછાયામાં રહેવું સારું. હવે ઊર્મિલાનું કેમ ન... ગઈ. એ કઉ પણ મને એક દિવસ આપો.’

ઘરે જઈ શાસ્ત્રીજીએ ગૂગલમાં સર્ચ કર્યું તો એને સામે પૂછ્યું ‘કઈ ઊર્મિલા? અહીં હજારો ઊર્મિલાઓ છે. કયા કથાકારની ઊર્મિલા?’ શાસ્ત્રીજીએ માથા પર ચાર ટપલી મારી મગજને ખૂબ ઢંઢોળ્યું. આ તો સાલુ ગૂગલ છે કે ઘરવાળી? પ્રોપર જવાબ જ નઈ.’

બીજા કથાકારો સાથે ચર્ચા કરી, કારણ કે મોત આવે એ પહેલા શાસ્ત્રીને મરવું નથી. ‘રામાયણની પૂર્ણાહુતિ પહેલાં મારી’ બા..પ..રે આ વિચારથી જ શાસ્ત્રીજીને ધ્રુજારી ઊપડતી. પણ જિસકા કોઈ નહિ ઉસકી તો વાઈફ હૈ યારો. શાસ્ત્રીણીએ શાસ્ત્રીને પૂછ્યું ‘હે મારા ભરથાર, આપનો ચહેરો કેમ ફણગાવેલા મગ જેવો થઇ ગયો છે. મૂંઝવણ હોય તો મારી સાથે શેર કરો. જુઓ દરેક મૂંઝવણનો એક ઉકેલ હોય છે કે ‘બસ થઇ જશે’ બોલો જલ્દી મૂંઝવણ બોલો’

‘અરે, હું બસસ્ટેન્ડની પૂછપરછ બારીએ બેઠો હોઉં એમ પેલા ચંપાભાભી પૂછ્યાં કરે છે કે રામાયણમાં ઊર્મિલા વનમાં કેમ નથી ગઈ. જવાબ નઈ આપું તો મને ખૂનની ધમકી આપે છે.’

‘અરે, આવી તો જીવનમાં હજારો સમસ્યાઓ આવે પણ યાદ રાખો ‘હર સમસ્યા સુલઝેગી તુમ ઉલઝના છોડ દો, હર મંઝીલ મિલેગી તુમ ભટકના છોડ દો...’ મને ખબર છે કે ઊર્મિલા વનમાં કેમ ન ગઇ.’

‘અરે તો બોલતી શું નથી, મારી રાણી?’ કોલંબસે અમેરિકા શોધ્યો હોય એટલો આનંદ શાસ્ત્રીજીનાં ચહેરા પર છવાઈ ગયો. ‘પણ તું સ્વભાવ પ્રમાણે એમ ન બોલતી કે ત્યાં પાણીપૂરીની લારી ન હોય એટલે ન ગઈ’.

‘ઓકે. ચાલો હું આવું તમારી સાથે.’

ઓવર ટુ ચંપાભાભી....

‘જુઓ ભાભી’ મિસિસ શાસ્ત્રી બોલ્યા ‘છેલ્લા કેટલા વખતથી ઊર્મિલા વનમાં કેમ ન ગઈ એ વિચારી વિચારી મારા વરની મગજની જ નઈ પણ આખા શરીરની નસો ખેંચાઈ છે એને જો બ્રેન હેમરેજ થઇ જશે ને હું અખંડ સૌભાગ્યવતીમાંથી ગંગા સ્વરૂપ બની જઈશ તો ઘર ચલાવવા તમે આવશો? તમે કેમ નથી વિચારતા કે ઊર્મિલાએ જ પોતાના જીવનનો ભોગ આપી, પતિનો વિયોગ વેઠી, સાથે સાસુ-સસરાની સેવા કરી, હૈયાની ઝોળીના બધાજ સપના દાટીને ચુપ રહી એ ખાવાના ખેલ નથી, અરે સાચો વનવાસ જ ઊર્મિલાનો છે.

ને છતાં માનો કે ઊર્મિલા વનમાં ગઈ ને રાવણ બાવો બની લોટ માગવા આવે તો લોટ આપવા ઊભું કોણ થાય? દેરાણી કે જેઠાણી? સીતા કે ઊર્મિલા?’

‘ઓફકોર્સ, દેરાણી ઊર્મિલા જ થાય ને.’

‘તો અપહરણ પણ ઊર્મિલાનું જ થાય. બરાબર? તો ઇતિહાસ કહે છે કે લક્ષ્મણ તો શેષનાગનો અવતાર. રાવણ ને ત્યાં ને ત્યાં જ પતાવી દે. લંકા સુધી ધક્કો ન ખાય. રાવણ પૂરો થયો કે રામાયણ બે જ દિવસમાં પૂરી. બાકીના સાત દિવસ શું મંજીરા વગાડવાના?. એટલે નવ દિવસ રામાયણ ચલાવવી હોય તો ઊર્મિલાનું નઈ પણ સીતાજીનું અપહરણ જરૂરી છે. સમજાયું?’

‘અરે વોટ અ લોજીક મિસિસ શાસ્ત્રી.! યુ આર રાઈટ, આ વાત હું સ્ત્રી હોવા છતાં કેમ ન સમજી શકી. શાસ્ત્રીજી હવે તમે નવના બદલે પંદર દિવસ કથા ચલાવો, ને દક્ષિણા પાંચ હજાર વધુ લઇ લેજો. નો પ્રોબ્લેમ.’ ચંપા બોલી.

‘એ પછી જોઈશું. અત્યારે રજા આપો’ ને બંને નીકળી ગયાં.

ઘરે આવી શાસ્ત્રી બોલ્યા : ‘માય સ્વીટુ, યુ આર જીનિયસ. તે મને મોટી ઘાતમાંથી ઉગારી લીધો. પણ તને આવી બુદ્ધિ..’

‘અરે રાજા, ક્યારેક બીજાને ખોટું ન લાગે એ માટે ખોટું બોલવું પડે છે. ને મેં એ જ કર્યું. અંડરસ્ટેન્ડ?’

ત્યાં શાસ્ત્રીજીએ મોટો બોમ્બ ફોડ્યો ‘વ્હાલી એક પ્રશ્ન તો હજી સતાવે છે કે આ ઊર્મિલા કોણ?’

‘અરે ઊર્મિલા એટલે રામાયણનું સૌથી ઉત્તમ પાત્ર, જેને સ્વનું વિચારવાને બદલે સર્વનું વિચારી બધું જ ત્યાગીને પણ ચુપચાપ સહન કર્યું... હાલ પણ આવી કેટલીયે ઊર્મિલાઓ સમાજમાં જીવતી હશે. કોને ખબર.’

**શું કહો છો?** ■

# મુંબઈના બાબુલનાથ મંદિરે શ્રાવણના પહેલા સોમવારે ભક્તોનું મહેરામણ ઊમટ્યું



(અમય ખરાડે)

મુંબઈ: પવિત્ર શ્રાવણ મહિનાના પહેલા સોમવાર અને નાગ પંચમીના પાવન અવસરે આજે મુંબઈના ઐતિહાસિક શ્રી બાબુલનાથ મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તોનું મહેરામણ ઉમટી પડ્યું હતું. ભક્તોએ નાગદેવતા અને ભગવાન શિવની પૂજા-અર્ચના કરી ધાર્મિક વિધિઓ અને વિશેષ પ્રાર્થના કરી હતી. નાગ પંચમીના પર્વને પગલે સમગ્ર મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું.

ગિરગાંવ ચોપાટી નજીક આવેલું શ્રી બાબુલનાથ મંદિર મુંબઈના પ્રખ્યાત અને પ્રાચીન શિવ મંદિરોમાંનુ એક છે. શ્રાવણ માસ દરમિયાન અહીં મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે પહોંચે છે. નાગ પંચમીના દિવસે પણ વહેલી સવારથી જ ભક્તોએ મંદિરમાં પહોંચીને ભગવાન શિવના દર્શન કર્યા હતા અને નાગદેવતાની પૂજા કરી હતી. નાગ પંચમી હિન્દુ ધર્મમાં મહત્વપૂર્ણ તહેવાર મનાય છે. શ્રાવણ માસના શુક્લ પક્ષની પાંચમના દિવસે નાગ પંચમી ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૨૬માં નાગ પંચમીનો પર્વ ૧૭ ઓગસ્ટ, સોમવારે આવ્યો હતો. આ વર્ષે નાગ પંચમી અને શ્રાવણ માસનો સોમવાર એક જ દિવસે હોવાથી પર્વનું ધાર્મિક મહત્વ વધ્યું હતું.

નાગ પંચમીના દિવસે નાગદેવતાની પૂજા કરવાની પરંપરા છે. હિન્દુ ધર્મમાં સાપને નાગદેવતા તરીકે પૂજનીય માનવામાં આવે છે. ભક્તોની માન્યતા છે કે નાગદેવતાની આરાધના કરવાથી પરિવારને રક્ષણ, સુખ-સમૃદ્ધિ અને આશીર્વાદ પ્રાપ્ત થાય છે.

શ્રાવણ માસ ભગવાન શિવને સમર્પિત હોવાથી આ દરમિયાન શિવ મંદિરોમાં વિશેષ પૂજા અને ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. બાબુલનાથ મંદિરમાં પણ નાગ પંચમી અને શ્રાવણ સોમવારના સંયોગને પગલે ભક્તોએ ભક્તિભાવ સાથે ભગવાન શિવને પ્રાર્થના કરી અને આશીર્વાદ મેળવ્યા હતા.

મુંબઈના આ પ્રાચીન શિવ મંદિર ખાતે નાગ પંચમીના અવસરે મોટી સંખ્યામાં ભક્તોની હાજરીને કારણે સમગ્ર વિસ્તારમાં ધાર્મિક માહોલ છવાયો હતો. ભક્તોએ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે નાગદેવતા તથા ભગવાન શિવની પૂજા કરી પર્વની ઉજવણી કરી હતી. ■

# પીએમ મોદી અને સીએમ ફડણવીસ વચ્ચે 'હાઈલેવલ' બેઠક!

## મહારાષ્ટ્રના મેગા પ્રોજેક્ટ્સ અને રોકાણ અંગે થઈ મોટી ચર્ચા

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આજે નવી દિલ્હી ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ઔપચારિક મુલાકાત કરી હતી. આ મહત્વપૂર્ણ બેઠક દરમિયાન મુખ્યમંત્રીએ મહારાષ્ટ્રમાં ચાલી રહેલા વિવિધ મોટા વિકાસ કાર્યો, મેગા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ તેમ જ કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત સંકલનથી ચાલતી લોક કલ્યાણકારી યોજનાઓની પ્રગતિ અંગે વડા પ્રધાનને વિગતવાર માહિતગાર કર્યા હતા. જોકે, દેવાભાઉના પાટનગરના ફેરાની સાથે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની પણ દિલ્હીની મુલાકાતો વધી રહી છે, તેથી દિલ્હીથી લઈ મુંબઈનું રાજકારણ ગરમાયું છે, જ્યારે અનેક લોકો તર્ક-વિતર્ક પણ કરી રહ્યા છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પીએમ નરેન્દ્ર મોદી સાથેની આ બેઠક અંગે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રને દેશની વિકાસ યાત્રામાં મોખરે રાખવા માટે કેન્દ્ર સરકારનો સતત સહયોગ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર પીએમ મોદીજી અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ફડણવીસ વચ્ચેની આ ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યના સર્વાંગી વિકાસને લગતા અનેક ક્ષેત્રો પર ઊંડાણપૂર્વક વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં મહારાષ્ટ્રમાં ચાલી રહેલા હાઈવે, મેટ્રો, રેલવે અને કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સની સમીક્ષા, રાજ્યમાં દેશ-વિદેશના મોટા રોકાણો આકર્ષવા અને યુવાનો માટે નવી રોજગારીની તકો ઊભી કરવા અંગે ચર્ચા, ખેડૂતોના કલ્યાણ માટેની યોજનાઓ, સિંચાઈ પ્રોજેક્ટ્સ તેમ જ ઔદ્યોગિક નીતિઓના અમલીકરણ પર ભાર અને કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત યોજનાઓનો લાભ રાજ્યના છેવાડાના નાગરિક સુધી પહોંચાડવા માટે વધુ મજબૂત સંકલન જેવા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

મુલાકાત બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ શેર કરતાં લખ્યું હતું કે, મેં વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીને મહારાષ્ટ્રના વિવિધ વિકાસ પ્રકલ્પોની વિગતવાર માહિતી આપી હતી અને હંમેશની જેમ તેમની સાથેની મુલાકાત નવી ઊર્જા આપનારી અને માર્ગદર્શક રહી છે. ■

## ફડણવીસે મહારાષ્ટ્ર છોડવાની અટકળો ફગાવી

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે દિલ્હીની મુલાકાત બાદ રાષ્ટ્રીય રાજકારણમાં જવા અંગેની અટકળોને ફગાવી દીધી હતી. તેમણે કહ્યું કે તેઓ રાજ્યના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સને આગળ વધારવા માટે રાજધાનીમાં હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કર્યા બાદ રાષ્ટ્રીય રાજધાનીમાં પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે ભારપૂર્વક કહ્યું કે મહારાષ્ટ્રની જનતા અને કેન્દ્રીય નેતૃત્વએ તેમને રાજ્યની જવાબદારી સોંપી હતી, જેને તેઓ નિભાવવાનું ચાલુ રાખશે.

''હું દિલ્હીમાં હોઉં કે મુંબઈમાં, લોકો અટકળો લગાવતા જ રહે છે. મને લાગે છે કે ઘણા લોકો પાસે બીજું કંઈ કામ નથી, તેથી તેઓ મારા વિશે ચર્ચા કરીને આનંદ માણે છે. તેમને તે કરવા દો,'' તેમણે કહ્યું.

ભાજપની નવી રાષ્ટ્રીય ટીમ વિશે પૂછવામાં આવતા ફડણવીસે કહ્યું કે, તેમને આ વિશે કંઈ ખબર નથી. પરંતુ જો ટીમની જાહેરાત થઈ ગઈ હોય અને તેમાં મહારાષ્ટ્રના કોઈ વ્યક્તિનો સમાવેશ હોય, તો તેમને આનંદ છે. તેમણે વધુમાં કહ્યું, ''હું એકવાર આખી ટીમ જોઈ લઉં પછી તે વિશે વાત કરીશ.'' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમને દિલ્હી મોકલવા અંગેની અટકળો પાછળ કોનો હાથ છે, ત્યારે તેમણે કહ્યું, ''ઘણા લોકોને લાગે છે કે મારે દિલ્હી જવું જોઈએ. હું દરેકને કહેવા માંગુ છું કે હું તો મુંબઈમાં જ છું.'' (પીટીઆઈ)■

# ડૉન દાઉદ ઈબ્રાહિમનો ભૂતપૂર્વ સાગરીત અખ્તર મર્ચન્ટ દિલ્હી ઍરપોર્ટ પર પકડાયો

## મીરા રોડમાં બૅંકિંગ કંપનીમાં ગોળીબારનો પ્રયાસ અને ખંડણીના કેસમાં ફરાર મર્ચન્ટ વિરુદ્ધ રેડ કૉર્નર નોટિસ જારી કરાયેલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મીરા રોડમાં ઈન્ટરનૅશનલ બૅંકિંગ કંપનીની કેક શૉપમાં ગોળીબારનો પ્રયાસ અને ખંડણીના કેસમાં ફરાર અન્ડરવર્લ્ડના ડૉન દાઉદ ઈબ્રાહિમનો કથિત ભૂતપૂર્વ સાગરીત અખ્તર મર્ચન્ટ ત્રણ વર્ષ બાદ દિલ્હી ઍરપોર્ટ પર ઝડપાઈ ગયો હતો.

નાલાસોપારાનો રહેવાસી અખ્તર કાસમઅલી મર્ચન્ટ (૬૦) વિદેશ ભાગી ગયો હોવાની જાણકારીને આધારે તેની વિરુદ્ધ ઈન્ટરપોલ મારફત રેડ કૉર્નર નોટિસ (આરસીએન) ઈશ્યુ કરાઈ હતી. એ સિવાય તેની સામે બિનજામીનપાત્ર વૉરન્ટ પણ જારી કરાયું હતું. ઈન્ટરપોલના આરસીએનના લિસ્ટમાં મર્ચન્ટનું નામ છઠ્ઠા સ્થાને હોવાનું કહેવાય છે. મર્ચન્ટ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર આવવાનો હોવાની માહિતી મળતી હતી. માહિતીને આધારે પોલીસે ઈમિગ્રેશન અધિકારીને જાણ કરી હતી. સોમવારે બપોરે ઍરપોર્ટ પહોંચેલા મર્ચન્ટને તાબામાં લેવાયો હતો. સાંજે નવી દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં હાજર કરી ૨૨ ઑગસ્ટ સુધીના તેના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવાયા હતા. તેને મંગળવારે મીરા રોડમાં લાવવામાં આવશે, એમ ક્રાઈમ બ્રાન્ચના એક અધિકારીએ જણાવ્યું હતું. મીરા રોડના કાશીમીરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગોળીબારના પ્રયાસ અને ખંડણીના ગુનામાં મર્ચન્ટ ફરાર હતો. એક સમયે દાઉદ ગૅન્ગ સાથે સંકળાયેલા મર્ચન્ટે તેના સાથી નિસાર અહમદ શેખ ઉર્ફે પપ્પુ પેજર સાથે મળીને બાબુ તરીકે ઓળખાતા ગુટકાના વ્યાવસાયિકને ખંડણી માટે ધમકી આપી હતી. બાબુ ખંડણીની રકમ આપવા તૈયાર ન થતાં ગોળીબારનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. કહેવાય છે કે કાશીમીરા નાકા પાસેની ઈન્ટરનૅશનલ બૅંકિંગ કંપનીની કેક શૉપ ખાતે બાબુ આવવાનો હોવાની માહિતી હતી. ૧૩ ઑક્ટોબર, ૨૦૨૩ની સવારે ૧૦ વાગ્યાની આસપાસ બાઈકસવાર હુમલાખોર હેલ્મેટ પહેરીને કેક શૉપના કાઉન્ટર પાસે પહોંચ્યો હતો. ત્યાં હાજર કર્મચારી સામે પિસ્તોલ ધરીને તેણે ગોળીબારનો પ્રયાસ કર્યો હતો. ■

# મુંબઈમાં અકસ્માત અને આગની ઘટનાઓની ભરમાર

## ચર્ચગેટની ઈન્કમટેક્સની ઓફિસમાં આગ: ૨૮ને બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચર્ચગેટમાં મહર્ષિ કર્વે રોડ પર આવેલા ગ્રાઉન્ડ પ્લસ સાત માળના આયકર ભવનમાં બેઝમેન્ટમાં સોમવારે બપોરના આગ લાગી હતી, જેમાં ઓછામાં ઓછા ૨૮ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. સદ્નસીબે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. લગભગ પાંચ કલાકની જહેમદ બાદ મોડી સાંજે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. ફાયરબ્રિગ્રેડના અધિકારીના જણાવ્યા મુજબ તપાસ બાદ ચોક્કસ કારણ જાણી શકાશે.

સોમવારે બપોરે લગભગ ૨.૦૧ વાગ્યે ચર્ચગેટના મહર્ષિ કર્વે રોડ પર આવેલા આયકર ભવનમાં આગ લાગી હોવાની જાણ થઈ હતી. આ બિલ્ડિંગમાં બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર અને સાત ઉપરના માળનો સમાવેશ થાય છે. આગ બેઝમેન્ટના લગભગ ૭,૦૦૦-૮,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી, જેના કારણે ત્યા રહેલા ઇલેક્ટ્રિકલ વાયરિંગ અને ઇન્સ્ટોલેશન, સંગ્રહિત રેકોર્ડ, કાગળનો સ્ટોક, ભંગાર સામગ્રી અને લાકડાના પાર્ટીશનોને અસર થઈ હતી.

આગ લાગ્યા બાદ ફાયરબ્રિગેડના આઠથી વધુ ફાયર એન્જિને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગને કારણે પૂરી બિલ્ડિંગમાં ભારે ધુમાડો ફેલાઈ ગયો હોવાથી શ્વાસ લેવાના ઉપકરણોથી સજ્જ ૨૦ ફાયર ફાઇટરોએ ધુમાડાથી ભરેલા પરિસરમાં પ્રવેશ કર્યો હતો ફાયર ફાઈટરોએ બે હાઈ પ્રેશર લાઈન, ત્રણ મોટી હોઝ લાઈન અને ચાર નાની હોઝ લાઈનનો ઉપયોગ કર્યો હતો અને બચામ કામગીરી હાથ ધરી હતી.

આયકર ભવનની પૂરી બિલ્ડિંગમાં આગને કારણે ધુમાડો ફેલાઈ ગયો હોવાથી ધુમાડો બહાર કાઢવા માટે અને બિલ્ડિંગમાંથી હવાની અવરજવર માટે બારીના કાચ તોડી નાખવામાં આવ્યા હતા. બિલ્ડિંગ સેન્ટ્રલ એર-કન્ડીશનીંગ સિસ્ટમ છે અને તેથી જ બધી બારીઓ બંધ હતી, જેને કારણે સમગ્ર બિલ્ડિંગમાં ધુમાડો ઝડપથી ફેલાઈ ગયો હોવાનું ફાયરબ્રિગ્રેડના અધિકારીએ જણાવ્યું હતું.

આયકર ભવનની બિલ્ડિંગમાં સીબીઆઈ સાથે જ ઈન્કમ ટૅક્સના જુદા જુદા વિભાગની ઓફિસો આવેલી છે. ગ્રાઉન્ડ ફ્લોરમાં ઈન્કમ ટેક્સના કર્મચારીઓની કૉ-ઓપરેટીવ બૅન્ક પણ આવેલી છે, જે હાલમાં જ તેની શતાબ્દી ઊજવી રહી છે. આ ઇમારતમાં દરરોજ સેંકડો કર્મચારીઓની સાથે જ મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવે છે.

સોમવારે બપોરના આગ લાગી ત્યારે મોટી સંખ્યામાં તેમાં લોકો હાજર હોવાની શક્યતાને પગલે મોટી સંખ્યામાં ફાયરબ્રિગેડ ઘટના સ્થળે મોટી ટર્ન લેડર સહિત અનેક વાહનો સાથે પહોંચી ગઈ હતી. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ બિલ્ડિંગમાં બપોરના આગ લાગી ત્યારે ત્યાં કામ કરનારા અમુક કર્મચારીઓને તેની જાણ થતા તેઓએ સહકર્મચારીઓને જાણ કરી હતી. એ સાથે જ બિલ્ડિંગની ઍલાર્મ સિસ્ટમે પણ સ્ટાફને સમયસર ચેતવણી આપી હતી, જેના કારણે ઘણા લોકો ઉપરના માળેથી સુરક્ષિત રીતે બહાર નીકળી શક્યા હતા.

ઈન્કમ ટેક્સ ઓફિસના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર નિલેશ બાગુલે જણાવ્યું હતું કે ઈમારતમાં લગભગ ૧,૮૦૦ કર્મચારીઓ કામ કરે છે. બપોરના લંચના સમયે આગ લાગી હોવાથી અનેક કર્મચારીઓ બહાર હોવાથી મોટી જાનહાની ટળી હોવાનું કહેવાય છે. ફાયરબ્રિગ્રેડના અધિકારીના જણાવ્યા મુજબ આગને કારણે નીકળેલા ધુમાડાને કારણે બિલ્ડિંગની અંદર રહેલા ઘણા લોકો બેભાન થઈ ગયા હતા, જેમાં મોટાભાગના લોકો બહાર નીકળવા માટે દોડી ગયા હતા, જ્યારે કેટલાક લોકોએ શરૂઆતમાં તેને નાની આગ સમજીને કામ ચાલુ રાખ્યું હતું. આગ વધુ તીવ્ર બનતા ગાઢ ધુમાડાને કારણે બહાર નીકળવું મુશ્કેલ બન્યું હતું, જેના કારણે ફાયર બ્રિગેડને અંદર ફસાયેલા લોકોને બચાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

### ધુમાડાથી બચાવ કામગીરીમાં અડચણ

ફાયરબ્રિગ્રેડના અધિકારીના જણાવ્યા મુજબ રેસ્ક્યુ ઓપરેશન દરમ્યાન સમગ્ર બિલ્ડિંગમાં ફેલાઈ ગયેલા ધુમાડાએ મોટો પડકાર ઉભો કર્યો હતો. દાદરા સહિત બિલ્ડિંગમાં ધુમાડો ફેલાઈ જતા કર્મચારીઓને સીડી પર જવાનું પણ મુશ્કેલ થઈ ગયું હતું. ધુમાડાને કારણે લોકોને શ્વાસમાં લેવામાં તકલીફ હતી. આગ લાગી હોવાથી લિફ્ટ પણ બંધ કરી દેવામાં આવી હતી, જેના કારણે સીડી એકમાત્ર શક્ય બચવાનો માર્ગ હતો. ■

## પાલઘરમાં સ્ટીલ કંપનીમાં ધડાકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પાલઘર જિલ્લાના બોઈસરમાં એક સ્ટીલની મેન્યુફેકચરીંગ યુનિટમાં સોમવારે બ્લાસ્ટ થયો હતો, જેમાં એક કર્મચારી જખમી થયો હતો.

ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે બોઈસરમાં વિરાજ પ્રોફાઈલ્સ પ્રાઈવેટ લિમિટેડમાં સોમવારે સવારના ૧૦.૪૫ વાગે આ દુર્ઘટના બની હતી. ફેકટરીમાં ઈન્ડકશન ભઠ્ઠીમાં કે જેમાં સ્ટીલ ઓગાળવાનું કામ કરવામાં આવી રહ્યું હતું, તેમાં જોરદાર બ્લાસ્ટ થયો હતો. ધડાકો એટલો જોરદાર હતો કે તેને કારણે સ્ટીલ પ્લાન્ટની છતની શીટ પર તૂટી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૪૫ વર્ષનો ક્રેન ઓપરેટર જખમી થયો હતો. ઈમરજન્સી રિસ્પોન્સ ટીમે તરત તેને સારવાર આપી હતી અને બાદમાં તેને વધુ સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.■

## કાંદિવલીમાં હોટેલમાં આગ: ૧૧ને બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કાંદીવલી (પશ્ચિમ)માં સ્ટેશન રોડ પર ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની કમર્શિયલ બિલ્ડિંગમાં સોમવારે સવારના ભીષણ આગ ફાટી નીકળી હતી. એ દરમ્યાન બિલ્ડિંગની અંદર લોજિંગ હાઉસમાં અંદર ફસાઈ ગયેલા ૧૧ જણને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ કાંદિવલી સ્ટેશન રોડ પર ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની બિલ્ડિંગમાં આવેલી અભીરાઈ હોટલમાં વહેલી સવારના ૪.૧૪ વાગે આગ ફાટી નીકળી હતી. આગને કારણે આખા બિલ્ડિંગમાં ધુમાડો ફેલાઈ ગયો હતો. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના ચાર ફાયર એન્જિન અને અન્ય સાધનો સાથે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

એ દરમ્યાન બિલ્ડિંગની અંદર બીજા માળ પર અનેક લોકો ફસાઈ ગયા હોવાનું જણાઈ આવ્યું હતું. આગ ધીમે ધીમે ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, લાકડાના ફર્નિચર, તારાપોલિન, બામ્બુ, પ્લાસ્ટિક મટિરિયલ વગેરેમાં ફેલાઈ ગઈ હતી. પૂરી બિલ્ડિંગમાં ધુમાડો ફેલાઈ ગયો હતા. ધુમાડાથી બચીને ફાયરબ્રિગ્રેડના જવાનોએ બીજા માળ પર પહોંચીને ત્યાં દાદરા પર ઊભા રહેલા ૧૧ લોકોને બચાવી લીધા હતા. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું પણ શ્વાસમાં થોડો ધુમાડો જવાને કારણે તમામ લોકોને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી. આ દરમ્યાન આગ ઉપર ચોથા માળા પર ૫૦ સ્કવેર ફૂટના વિસ્તારમાં આવેલા તિરુપતી બેન્કવેટર હૉલમાં ફેલાઈ ગઈ હતી. હૉલમાં રહેલા લાકડાના ફર્નિચર, કપડા સહિત ડેકોરેશનનો પ્લાસ્ટિકનો સામાન, શીટ વગેરે તમામ વસ્તુ બળીને ખાખ થઈ ગઈ હતી અને ધુમાડો આખી બિલ્ડિંગમાં ફેલાઈ ગયો હતો. ભારે જહેમત બાદ ફાયરબ્રિગ્રેડે ૬.૦૭ વાગે આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. ■

## વિરારમાં અગરબત્તીની ફેક્ટરીમાં ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિરાર (પૂર્વ)માં એચડીએલ વિસ્તારમાં આવેલી એક અગરરબત્તીનું ઉત્પાદન કરનારી ફેકટરીમાં સોમવારે સવારના ભીષણ આગ ફાટી નીકળતા ખળભળાટ મચી ગયો હતો. આગને કારણે મોટા પ્રમાણમાં નીકળેલા ધુમાડાના દૂર દૂર સુધી દેખાતા હતા. સ્થાનિક નાગરિકોની સાથે જ કંપનીમાં પણ ભયનું વાતાવરણ ફેલાયું હતું. આગની જાણ થતા વસઈ-વિરાર મહાનગરપાલિકાની ફાયર બ્રિગ્રેડ ઘટના સ્થળે સવારના પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસ મુજબ શોર્ટ સર્કિટને કારણે સવારના આગ લાગી હતી. ફેકટરીમાં અગરબત્તીનું ઉત્પાદન થતું હોવાથી મોટા પ્રમાણમાં રો-મટિરિયલ હોવાથી આગને નિયંત્રણમાં લાવવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું પણ અગરબત્તીની ફેકટરીને આગને પગલે મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. ■

# પ્રતિષ્ઠિત કૉલેજ-યુનિવર્સિટીમાં એડ્‌મિશનને નામે વાલીઓને છેતરનારાં બે કૉલ સેન્ટરનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દેશની પ્રતિષ્ઠિત કૉલેજો-યુનિવર્સિટીમાં એડ્‌મિશન અપાવવાને નામે સ્ટુડન્ટ્સના વાલીઓ પાસેથી લાખો રૂપિયા પડાવનારાં પુણેનાં બે કૉલ સેન્ટરનો પર્દાફાશ કરી મુંબઈ પોલીસે ૧૦ આરોપીની ધરપકડ કરી હતી. શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં બોગસ કૉલ સેન્ટર શરૂ કર્યા પછી એડ્‌મિશન પ્રક્રિયા પૂરી થવા પહેલાં જ તાળાં મારીને રફુચક્કર થઈ જતી ટોળકી બીજાં રાજ્યોમાં ધામા નાખતી હતી. વાલીઓને જાળમાં સપડાવવા માટે આ ટોળકી ઈન્સ્ટાગ્રામ પર જાહેરખબર આપતી હતી. અંધેરીના પવઈ ખાતે રહેતી મહિલા ગ્રેસી સ્વામી (૪૭)ની ફરિયાદને આધારે પવઈ પોલીસે ૧૭ જુલાઈએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ઈન્સ્ટાગ્રામ પરની જાહેરાત જોઈ ફરિયાદીએ આરોપીનો સંપર્ક સાધ્યો હતો. આરોપીઓએ પોતાની ઓળખ ગૌતમ અને સુમિત તરીકે આપી હતી. ફરિયાદીના દીકરાને આઈઆઈટી હૈદરાબાદમાં પ્રવેશ મેળવી આપવાને નામે ૧૬.૫૦ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન પોલીસે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી આરોપીઓને ઓળખી કાઢ્યા હતા. ફરિયાદીએ જે બૅન્ક ખાતામાં નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં તેની પણ વિગતો મેળવવામાં આવી હતી. આરોપીએ સંબંધિત બૅન્ક ખાતામાંથી રૂપિયા ટ્રાન્સફર કરીને પાંચ મોબાઈલ ફોન ખરીદ્યા હતા. પોલીસે એ મોબાઈલ ફોનના લૉકેશનને ટ્રેસ કર્યું હતું.

આરોપીઓ પુણેમાં લોહગાંવ ખાતે વિમાનનગરમાં આવેલા કૉલ સેન્ટરમાં હોવાની માહિતી પોલીસને મળી હતી. સ્થાનિક પોલીસની મદદથી પવઈ પોલીસે એ કૉલ સેન્ટર પર રેઇડ કરી હતી. તેમણે આપેલી માહિતી પરથી ખરાડી ખાતે આવેલા બીજા કૉલ સેન્ટર પર પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

બન્ને કૉલ સેન્ટરમાંથી પોલીસે ૧૦ આરોપીની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીમાંથી ચાર બિહારના, ચાર ઉત્તર પ્રદેશના અને એક-એક હરિયાણા અને ઝારખંડના રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું હતું. કોર્ટે આરોપીઓને ૨૦ ઑગસ્ટ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

કૉલ સેન્ટર્સમાંથી બાવીસ મોબાઈલ, ૨૩ સિમ કાર્ડ, લૅપટોપ, સાત ડેબિટ કાર્ડ અને બે કાર જપ્ત કરી હતી. છેતરપિંડી માટે આરોપીઓએ વાપરેલાં બૅન્ક ખાતાંમાં પોલીસે ૨૪ લાખ રૂપિયા સીઝ કર્યા હતા. આ ટોળકી વિરુદ્ધ ગુજરાત, મુંબઈ, નાગપુર, ઉત્તર પ્રદેશ અને કર્ણાટક પોલીસમાં છ ગુના નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું.

શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં આ ટોળકી કૉલ સેન્ટર શરૂ કરતી હતી. પછી એડ્‌મિશન પ્રક્રિયા પૂરી થવા પહેલાં જ કૉલ સેન્ટરને તાળાં લગાવી ટોળકી ફરાર થઈ જતી. બાદમાં બીજાં રાજ્યોમાં જઈને આ રીતે વાલીઓને છેતરવા કૉલ સેન્ટર શરૂ કરવામાં આવતું. ૨૦૧૯થી આ રીતે કૉલ સેન્ટર શરૂ કરીને ઠગ ટોળકી નાણાં પડાવતી હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# ઈન્સ્ટાગ્રામનું દુષ્પરિણામ: ગૅન્ગ રૅપ કરનારા બે સગીર પકડાયા

## છોકરી સાથેના કુકર્મનો વીડિયો બનાવ્યો: વીડિયો વાઈરલ થતાં ઘટના સામે આવી

મુંબઈ: નાલાસોપારામાં બનેલી આંચકાજનક ઘટનામાં ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કર્યા પછી બે સગીરે ૧૪ વર્ષની છોકરી સાથે કથિત ગૅન્ગ રૅપ કર્યો હતો. આરોપીઓએ છોકરી સાથેના કુકર્મનો વીડિયો બનાવ્યો હતો, જે બાદમાં સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસે બન્ને સગીરને પકડી પાડ્યા હતા.

મળતી માહિતી અનુસાર નાલાસોપારા પૂર્વમાં રહેતી છોકરી ઈન્સ્ટાગ્રામના માધ્યમથી ૧૭ વર્ષના એક આરોપીના સંપર્કમાં આવી હતી. પછી સમયાંતરે બન્ને વચ્ચે સોશિયલ મીડિયા પર ચૅટિંગ થતું હતું. પોલીસ ફરિયાદ અનુસાર ૧૧ જુલાઈની બપોરે આરોપીએ સગીરાને મેસેજ કર્યો હતો અને મહત્ત્વનું કામ હોવાથી મળવા માગતો હોવાનું કહ્યું હતું. નક્કી કરેલા સ્થળે છોકરી સગીરને મળવા પહોંચી ત્યારે તેને નજીકની ચાલમાં આવેલી એક રૂમમાં લઈ જવાઈ હતી, જ્યાં પહેલેથી ૧૭ વર્ષનો બીજો આરોપી હાજર હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે બન્ને સગીરે છોકરી સાથે દુષ્કર્મ કર્યું હતું અને તેનું પોતાના મોબાઈલથી રેકોર્ડિંગ કરી લીધું હતું. બાદમાં બનેલી ઘટનાની કોઈને જાણ કરી તો અશ્લીલ વીડિયો વાયરલ કરવાની સાથે છોકરીના ભાઈને મારી નાખવાની ધમકી બન્ને આરોપીએ આપી હતી. ડરના માર્યા છોકરીએ મહિના સુધી આ અંગે કોઈને જાણ કરી નહોતી.

જોકે આરોપીઓએ એ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધો હતો. ૧૫ ઑગસ્ટે છોકરીના મામાના મોબાઈલ ફોન પર એ વીડિયો આવ્યો હતો. વીડિયો જોઈને આઘાત લાગતાં તેણે ભાણેજની પૂછપરછ કરી હતી, જેને પગલે છોકરીએ આપવીતી જણાવી હતી. ■

# નોકર ૧.૨૦ કરોડ રૂપિયા સાથે રફુચક્કર: તેના ભાઈની રાજસ્થાનથી ધરપકડ

મુંબઈ: દક્ષિણ મુંબઈના પાયધુની વિસ્તારમાં આવેલી ઓફિસમાં પૂંઠાં ભરેલી બે બેગ પધરાવીને ૧.૨૦ કરોડ રૂપિયા સાથે રફુચક્કર થયેલા નોકરની શોધ ચલાવી રહેલી પોલીસે રાજસ્થાનથી તેના ભાઇની ધરપકડ કરી હતી. નોકરે તેના ભાઇ સાથે મળી કાવતરું ઘડ્યા બાદ ગુનો આચર્યો હોવાનું પોલીસની તપાસમાં સામે આવ્યું હતું. ફરાર નોકરની શોધ ચલાવવામાં આવી રહી છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પાયધુની પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ યુવરાજસિંહ વસંતસિંહ દેવડા (૨૪) તરીકે થઇ હોઇ તે રાજસ્થાનના સિહોરીનો રહેવાસી છે. તેની પાસેથી ૧.૧૬ કરોડ રૂપિયા હસ્તગત કરાયા હતા, એમ પોલીસે કહ્યું હતું. આ કેસના ફરિયાદીએ ૮ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ તેમની બીજી ઓફિસમાંથી ૧.૨૦ કરોડ રૂપિયા લાવવાનું કામ નોકર પીરસિંહ દેવડાને સોંપ્યું હતું. પીરસિંહ બીજી ઓફિસમાં ગયો હતો અને તેને રોકડ ભરેલી બે બેગ સોંપવામાં આવી હતી. જોકે તેણે બેગમાંથી રૂપિયા કાઢી લીધા હતા અને તેની જગ્યાએ પૂંઠાં ભરી દીધાં હતાં. પૂંઠાં ભરેલી બેગ તેણે ઓફિસમાં આવી ફરિયાદીને સોંપી હતી અને બાદમાં તે રફુચક્કર થઇ ગયો હતો. દરમિયાન બેગમાંથી રૂપિયાને બદલે પૂંઠાં નીકળતાં પીરસિંહનો સંપર્ક સાધવામાં આવ્યો હતો, પરંતુ તેનો સંપર્ક થઇ શક્યો નહોતો. પીરસિંહ રૂપિયા લઇ પલાયન થયો હોવાની ખાતરી થતાં ફરિયાદીએ ૧૦ ઑગસ્ટે પાયધુની પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને પીરસિંહ દેવડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો. ■

# સ્પિનરોની કમાલઃ લંકા સામે ભારતની ૧૭૮ રનની લીડ

## સુથાર - જાડેજાએ સાત વિકેટ લેતા લંકા ૨૮૪ રનમાં ઓલઆઉટ

ગૉલ : પ્રથમ ટેસ્ટ મેચના ત્રીજા દિવસના અંતે શ્રીલંકાની ટીમ પ્રથમ ઈનિંગમાં ૨૮૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. શ્રીલંકા તરફથી સોનલ દિનુષાએ સદી ફટકારી હતી. ભારતે પોતાની પહેલી ઇનિંગમાં ૪૬૨ રન કર્યા હતા, જેના કારણે ભારતને શ્રીલંકા પર ૧૭૮ રનની લીડ મળી હતી. ભારતીય ટીમ હવે ચોથા દિવસે ૧૭૮ રનની લીડ સાથે પોતાની બીજી ઇનિંગ શરૂ કરશે.

પ્રથમ ઈનિંગમાં શ્રીલંકા તરફથી નિરોશન ડિકવેલાએ ૧૧૫ બોલમાં ૮૦ રન કર્યા હતા. સોનલ અને નિરોશન વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૧૪૬ રનની ભાગીદારી થઈ હતી, જેના કારણે શ્રીલંકા ફોલોઓનથી બચી ગયું હતું. ફોલોઓન ટાળવા માટે ૨૬૩ રનની જરૂર હતી. આ બે સિવાય, શ્રીલંકનનો કોઈ બેટ્સમેન ૩૦ રનનો આંકડો પાર કરી શક્યો નહીં.

ત્રીજા દિવસે સવારે ભારતનો પહેલો દાવ ફક્ત ચાર બોલમાં ૪૬૨ રન પર સમાપ્ત થયો હતો, જેના જવાબમાં શ્રીલંકાની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. મોહમ્મદ સિરાજે પહેલી જ ઓવરમાં નિશાન ફર્નાન્ડો (૦) ને આઉટ કર્યો હતો. લહિરુ ઉદારા (૨૭) અને દિનેશ ચંદીમલ (૪) ને માનવ સુથારે આઉટ કર્યા હતા, જ્યારે કમિન્દુ મેન્ડિસ (૧૪)ને કુલદીપ યાદવે આઉટ કર્યો હતો જેના કારણે શ્રીલંકાએ ૫૭ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. કેપ્ટન ધનંજય ડી સિલ્વા (૨૧) પણ રવિન્દ્ર જાડેજાના બોલમાં આઉટ થયો હતો જેના કારણે શ્રીલંકાએ માત્ર ૯૦ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી.

૯૦ રનમાં પાંચ વિકેટ ગુમાવ્યા બાદ શ્રીલંકા પર ફોલોઓનનો ભય હતો. જોકે, સોનલ દિનુષાએ અને નિરોશન ડિકવેલાએ મેચનું પરિણામ પલટી નાખ્યું હતું. બંને બેટ્સમેનોએ છઠ્ઠી વિકેટ માટે (૨૧૩ બોલમાં) ૧૪૬ રનની ઐતિહાસિક ભાગીદારી નોંધાવી હતી. ડિકવેલાએ ૧૧૫ બોલમાં ૭ ચોગ્ગાની મદદથી ૮૦ રન કર્યા હતા.

આ બે સિવાય શ્રીલંકાનો કોઈ પણ બેટ્સમેન ૩૦ રનનો આંકડો પાર કરી શક્યો નહીં. કેશારા નુવાંથા બે, પ્રભાત જયસૂર્યા ૧૦ અને લાહિરુ કુમારાએ ૧૦ રન કરીને આઉટ થયા. ભારત તરફથી માનવ સુથારે ચાર વિકેટ લીધી હતી, જ્યારે રવિન્દ્ર જાડેજાએ ત્રણ વિકેટ લીધી. સિરાજ, પ્રસિદ્ધ અને કુલદીપે એક-એક વિકેટ લીધી હતી. ■

## 'વૉટ અ કૅચ!

### સુપરમેન શુભમન ગિલનો સુપર કૅચ




ગોલઃ ટીમ ઇન્ડિયાના નવા ફીલ્ડિંગ-કોચ તરીકે ટી. દિલીપના સ્થાને પશ્ચિમ બંગાળના શુભદીપ ઘોષે ચાર્જ સંભાળ્યો ત્યાર પછી ભારતીય ખેલાડીઓની ફીલ્ડિંગમાં સુધારો જોવા મળ્યો છે અને એનું શ્રેષ્ઠ દ્રષ્ટાંત સોમવારે સવારે ગોલમાં શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે જોવા મળ્યું જેમાં કેપ્ટન શુભમન ગિલે સુપરમેનની સ્ટાઈલમાં ડાઇવ મારીને કૅચ ઝીલ્યો હતો.

ભારત સામેની પ્રથમ ટેસ્ટમાં સોમવારના ત્રીજા દિવસે પહેલા દાવમાં શ્રીલંકાનો સ્કોર ત્રણ વિકેટે ૫૯ રન હતો ત્યારે ૮૫ આંતરરાષ્ટ્રીય મેચનો અનુભવી ખેલાડી કામિન્દુ મેન્ડિસ એક છગ્ગા અને એક ચોગ્ગાની મદદથી બનાવેલા ૧૪ રને હજી ક્રીઝમાં માંડ સેટ થયો હતો ત્યાં ચાઈનામેન તરીકે જાણીતા લેફ્ટ-આર્મ સ્પિનર કુલદીપ યાદવની કાંડાની કરામતનો શિકાર થઈ ગયો હતો. ફૂલ લેન્ગથમાં ઑફ સ્ટમ્પની બહાર પડેલો બોલ લેફ્ટી બેટ્સમેન મેન્ડિસે એક્સ્ટ્રા કવર તરફ ધકેલ્યો હતો જ્યાં તે શુભમન ગિલની બાજ નજરથી છટકી નહોતો શક્યો. હજી ચાર દિવસ પહેલાં જ હાથની આંગળીની ઈજામાંથી મુક્ત થયેલા ગિલે ડાબી તરફ ડાઈવ લગાવીને ઘાસથી થોડી જ ઇંચ ઉપર બોલ પોતાના કબજામાં લઈ લીધો હતો. તેનાથી બોલ ઘાસને અડી ગયો એવી શંકા હતી, પરંતુ હકીકતમાં તેણે એ કૅચ કમ્પ્લિટ કર્યો હતો. કોમેન્ટેટરના પણ માનવામાં નહોતું આવ્યું અને તેમણે આ અકલ્પનીય કેચ બદલ બૂમો પાડીને ગિલના ભારોભાર વખાણ કર્યા હતાં. ખુદ બેટ્સમેન મેન્ડિસના પણ માનવામાં નહોતું આવ્યું અને તે ડઘાયેલી હાલતમાં ગિલને જોતો રહ્યો હતો. ભારતના પહેલા દાવમાં ૪૬૨ રન હતા. શ્રીલંકાએ ૫૯ રનના કુલ સ્કોર પર મેન્ડિસના રૂપમાં એ ચોથી વિકેટ ગુમાવી હતી. શ્રીલંકાએ લંચ પહેલાં પહેલી પાંચ વિકેટ કૅચઆઉટમાં ગુમાવી હતી અને એ પાંચ કૅચ અનુક્રમે દેવદત પડિક્કલ, યશસ્વી જયસ્વાલ, ઋષભ પંત, શુભમન ગિલ અને કે. એલ. રાહુલે ઝીલ્યા હતા.

આજ બતાવે છે કે નવા ફીલ્ડિંગ-કોચ શુભદીપ ઘોષનું કોચિંગ ભારતીય ટીમને ફળી રહ્યું છે. ■

# બીડબ્લ્યુએફ વર્લ્ડ ચેમ્પિયનશિપઃ ભારતનો શાનદાર આરંભ, સિંધુ જીતી

નવી દિલ્હી : બે વખતની ઑલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુએ સોમવારે અહીં બીડબ્લ્યુએફ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પોતાનો છઠ્ઠો મેડલ જીતવાના પ્રયાસની શાનદાર શરૂઆત કરી હતી. તેણે આયરલેન્ડની સોફિયા નોબલને હરાવીને મહિલા સિંગલ્સના બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો હતો. નવમા ક્રમની અને પાંચ વખતની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મેડલ જીતી ચૂકેલી સિંધુએ નોબલ સામે સરળતાથી ૨૧-૦૭, ૨૧-૧૧થી જીત મેળવી હતી. ભારતીય ખેલાડી પાસે બે બ્રોન્ઝ મેડલ, બે સિલ્વર મેડલ અને એક ગોલ્ડ છે, જે તેણે ૨૦૧૯માં જીત્યો હતો.

જો તે આ મોટી ટૂનામેન્ટમાં સેમિફાઈનલમાં પહોંચે છે તો તેણીને ઓછામાં ઓછા એક બ્રોન્ઝ મેડલ મળશે અને તે વિશ્વ ચેમ્પિયનશિપના ઇતિહાસમાં છ મેડલ જીતનારી પ્રથમ ખેલાડી બનશે.

બીજી તરફ કોમનવેલ્થ ગેમ્સના બ્રોન્ઝ મેડલ વિજેતા ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદે પણ પ્રથમ રાઉન્ડમાં સરળ જીત મેળવી હતી, તેમણે મહિલા ડબલ્સમાં સ્પેનિશ જોડી પાઉલો લોપેઝ અને લુસિયા રોડ્રિગ્ઝને ૨૧-૯, ૨૧-૧૩થી હરાવી હતી. ■

# ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પ્રથમવાર નિવૃત્તિના આપ્યા સંકેત

રિયાધઃ દુનિયાના દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ કહ્યું કે સઉદી પ્રો લીગની આ સીઝન કદાચ તેના પ્રોફેશનલ કરિયરની અંતિમ સીઝન હોઈ શકે છે. ૪૧ વર્ષીય ખેલાડીનો સઉદી અરેબિયન ક્લબ અલ નાસર સાથેનો કોન્ટ્રેક્ટ આવતા વર્ષે જૂનમાં સમાપ્ત થઈ રહ્યો છે અને તેણે વોગ મેગેઝિનને જણાવ્યું હતું કે બીજો કરાર થવાની શક્યતા ઓછી છે. રોનાલ્ડોએ કહ્યું હતું કે આ કદાચ ફૂટબોલમાં મારું અંતિમ વર્ષ છે. હું એક મહાન વારસો છોડી જવા માંગુ છું.

પોતાની કારકિર્દીમાં ૯૭૬ ગોલ કરનાર રોનાલ્ડોએ આ મહિનાની શરૂઆતમાં તેની લાંબા સમયની પાર્ટનર જ્યોર્જીના રોડ્રિગ્ઝ સાથે લગ્ન કર્યા હતા.

તેણે કહ્યું હતું કે મેં મારા ભવિષ્યની યોજનાઓ બનાવી લીધી છે. મારી પાસે વ્યસ્ત રાખવા માટે ઘણી બધી બાબતો છે કે ફક્ત એક જ વસ્તુ બતાવવી મુશ્કેલ છે. ફૂટબોલ છોડવાથી એક ખાલીપણું આવી શકે છે તેથી તમારે તેને ફક્ત એક રીતથી નહીં પણ ઘણી રીતે ભરવું પડશે. રોનાલ્ડોએ કહ્યું કે ફૂટબોલમાંથી નિવૃત્તિ લીધા પછી તે તેના પરિવાર સાથે વધુ સમય વિતાવવા અને દુનિયાભરમાં ફરવા માંગે છે. ■

# માનવ મૅજિક

## સુથારે કરીઅરની સતત બીજી ટેસ્ટમાં પણ પહેલી ઓવરમાં લીધી વિકેટ




ગોલઃ અહીં વરસાદનાં વિઘ્નો વચ્ચે રમાતી પ્રથમ ટેસ્ટ મેચમાં સોમવારના ત્રીજા દિવસે ભારતનો પ્રથમ દાવ ૪૬૨ રનના સ્કોર પર પૂરો થયો ત્યાર બાદ યજમાન શ્રીલંકાનો જોરદાર ધબડકો થયો હતો અને એણે ૫૯ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી.

દાવના બીજા જ બોલમાં મોહમ્મદ સિરાજે સફળતા મેળવી હતી. તેણે ઓપનર નિશાન ફર્નાન્ડોની વિકેટ લીધી હતી, પરંતુ થોડીવાર પછી જે બન્યું એ વધુ ચોંકાવનારું હતું.

મૂળ રાજસ્થાનના ૨૪ વર્ષીય લેફ્ટ આર્મ સ્પિનર માનવ સુથારે ટેસ્ટ કારકિર્દીની સતત બીજી જ મેચમાં પણ પહેલી ઓવરમાં વિકેટ લીધી હતી. વધુ રસપ્રદ વાત એ છે કે તેણે કરીઅરની આ બીજી ટેસ્ટના પહેલા જ બોલમાં ૩૧૯ આંતરરાષ્ટ્રીય મેચના અનુભવી વિકેટકીપર- બેટ્સમેન દિનેશ ચંદીમલ (પાંચ રન)ને આઉટ કર્યો હતો.

શ્રીલંકાની ટીમ પહેલી જ ઓવરમાં વિકેટ ગુમાવી બેઠી હોવાથી ખૂબ ચિંતામાં હતી. તેમનો સ્કોર એક વિકેટે ૨૭ રન હતો. કેપ્ટન શુભમન ગિલે સિરાજ અને પ્રસિદ્ધ ક્રિશ્નાને અજમાવ્યા બાદ આઠમી ઓવર શરૂ કરવાની જવાબદારી માનવ સુથારને આપી હતી. શ્રીલંકાના બેટ્સમેન સુથારના સ્પિન કૌશલ્યથી અજાણ હતા. તે ફ્લાઈટેડ બોલમાં ડ્રીફ્ટ અને શાર્પ ટર્નથી બેટ્સમેનને મૂંઝવી નાખવામાં માહિર છે અને આ વખતે પણ તેણે એવું જ કર્યું. બોલ ટર્ન થયા પછી ખૂબ ઉછળ્યો પણ હતો અને ચંદીમલના બેટના ઉપરના-બહારના ભાગને અથવા ગ્લવ્ઝને લાગ્યા બાદ સ્ટમ્પ્સની પાછળ ગયો હતો અને રિષભ પંતે કેચ ઝીલવામાં કોઈ જ ભૂલ નહોતી કરી.

**માનવે યશસ્વીને કેચ અપાવ્યો**

માનવ સુથાર થોડી વાર પછી ફરી ત્રાટક્યો હતો અને ઓપનર લાહિરુ ઉદારા (૨૭ રન)ને બેકવર્ડ પોઈન્ટ પર યશસ્વી જયસ્વાલના હાથમાં કેચઆઉટ કરાવ્યો હતો.

**કુલદીપ યાદવ પણ ત્રાટક્યો**

આટલું જાણે પૂરતું ન હોય એમ થોડી વાર બાદ સ્પિનર કુલદીપ યાદવે પણ પરચો બતાવ્યો હતો. તેણે કામેન્દુ મેન્ડિસ (૧૪ રન)ને એક્સ્ટ્રા કવર પર શુભમન ગિલના હાથમાં કેચઆઉટ કરાવીને પેવિલિયનમાં પાછો મોકલી દીધો હતો. શ્રીલંકાના બે સફળ સ્પિનર પછી હવે ભારતીય સ્પિનર્સે પણ પોતાની કાબેલિયત બતાવી. ■

# ગ્રાન્ડ ચેસ ટૂરઃ પ્રજ્ઞાનાનંદ સંયુક્તપણે બીજા સ્થાને રહ્યો

સેન્ટ લુઇસ : ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાનંદે ગ્રાન્ડ ચેસ ટૂર હેઠળ રમાઈ રહેલા સિંકફિલ્ડ કપના છઠ્ઠા રાઉન્ડમાં અમેરિકાના ગ્રાન્ડમાસ્ટર લેવોન એરોનિયન સામેની મેચ ડ્રો રમી હતી. આ સાથે પ્રજ્ઞાનાનંદ ૩.૫ પોઈન્ટ સાથે બીજા સ્થાને રહ્યો હતો. ટૂર્નામિન્ટમાં ફક્ત ત્રણ રાઉન્ડ બાકી છે.

અમેરિકાનો વેસ્લી ચાર પોઈન્ટ સાથે ટોપ પર છે. ૪,૭૫,૦૦૦ ડોલરની ઈનામી રકમની ટૂર્નામિન્ટમાં પાંચ મેચમાંથી માત્ર એકનું જ પરિણામ આવ્યું છે.

તેથી ફ્રાન્સના મેક્સિમ વાચિયર-લાગ્રેવ સાથે પોઈન્ટ શેર કરે છે. પ્રજ્ઞાનાનંદ ઉપરાંત જર્મનીના વાચિયર-લાગ્રેવ અને વિન્સેન્ટ કીમર પણ ૩.૫ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. ■

# વૉર્નર પણ યુવી, ડી ડિવિલિયર્સ સાથે લેજન્ડ્સ ચૅમ્પિયનશિપ રમશે

નવી દિલ્હીઃ ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓપનર ડેવિડ વોર્નર, ભારતના પૂર્વ બેટ્સમેન યુવરાજ સિંહ, ડ્વેઇન બ્રાવો અને એબી ડી વિલિયર્સ જેવા દિગ્ગજ ખેલાડીઓ ૩ ઑક્ટોબરથી શરૂ થનારી વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લેજન્ડ્સ (ડબ્લ્યુસીએલ) ની ત્રીજી સીઝનમાં રમતા જોવા મળશે. આ ટૂર્નામેન્ટ ૩થી ૧૮ ઑક્ટોબર સુધી રમાશે. જોકે મેચના સ્થળને લઈને હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. ડબ્લ્યુસીએલની પહેલી સીઝનમાં ઈન્ડિયન ચેમ્પિયને પાકિસ્તાની ચેમ્પિયનને હરાવી હતી. બીજી સીઝનમાં દક્ષિણ આફ્રિકન ચેમ્પિયને પાકિસ્તાની ચેમ્પિયનને હરાવીને ટાઇટલ જીત્યું હતું. ડબ્લ્યુસીએલની ત્રીજી સીઝનમાં કેટલાક મોટા નામો ભાગ લે તેવી અપેક્ષા છે. ■

## ગુજરાત

# ગુજરાતમાં મહિલાઓ પણ કરી શકશે નાઈટશિફ્ટ્સ, સરકાર નિયમોમાં ફેરફાર કરવાની તૈયારીમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ (રોજગારનું નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ માં અનેક ફેરફારો લાવવાની તૈયારીમાં છે, જેમાં રાજ્યભરમાં મહિલાઓને રાત્રિ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી આપવાનો અને દુકાનો અને સ્થાપનાઓ માટે લાઇસન્સની જરૂરિયાત માટે કર્મચારીની મર્યાદા બમણી કરવાનો સમાવેશ થાય છે, એમ રાજ્ય સરકારના ટોચનાં સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રસ્તાવિત સુધારાઓ ઓમ્નિબસ એક્ટનો એક ભાગ છે, જે ગુજરાતના વ્યવસાય કરવાની સરળતા રહે તે માટે આવનારા ચોમાસું સત્રમાં પ્રસ્તાવિત કરવામાં આવે, તેવી શક્યતા છે.

કેન્દ્ર સરકાર દ્વારા અનેક વિભાગોમાં સુધારા લાવવા માટે અપાયેલી માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ માટે ફેરફાર કરવામાં આવશે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

દુકાનો અને સ્થાપના અધિનિયમની હાલની જોગવાઈઓ હેઠળ, મહિલાઓને ફક્ત મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવતા વિસ્તારોમાં જ રાત્રિ શિફ્ટમાં કામ કરવાની પરવાનગી છે.

પ્રસ્તાવિત સુધારાથી આ પ્રતિબંધ દૂર થશે, જેનાથી મહિલાઓને લાગુ પડતી સલામતી અને અન્ય શરતોને આધીન સમગ્ર ગુજરાતમાં રાત્રિ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી મળશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

બીજો એક મહત્ત્વપૂર્ણ ફેરફાર દુકાનો અને સંસ્થાઓના ફરજિયાત લાઇસન્સ માટે કર્મચારી મર્યાદા વધારવાની શક્યતા છે. હાલમાં, ૧૦ કર્મચારી સુધીના કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓને લાઇસન્સિંગની જરૂરિયાતમાંથી મુક્તિ આપવામાં આવી છે. સરકાર આ મર્યાદાને બમણી કરીને ૨૦ કર્મચારી સુધી કરવાનો પ્રસ્તાવ મૂકી રહી છે, જેનાથી નાની સંસ્થાઓ પર બોજ ઓછો થશે.

આ સાથે કામ કરવાના કલાકોના નિયમમાં પણ ફેરફાર કરવા અંગે રાજ્ય સરકાર વિચારી રહી છે.

શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટમાં પ્રસ્તાવિત ફેરફારો ઓમ્નિબસ એક્ટમાં એકીકૃત કરવાનો એક ભાગ છે. અલગ અલગ કાયદાઓમાં અલગ-અલગ સુધારા કરવાને બદલે, સરકાર વિભાગોમાં ફેરફારોને એક જ કાયદામાં સમાવિષ્ટ કરવાની યોજના ધરાવે છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# શ્રાવણના પ્રથમ સોમવારે સોમનાથ મહાદેવ મંદિરમાં ઊમટ્યું ભક્તોનું ઘોડાપૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢઃ શ્રાવણિયા સોમવારે સોમનાથ દાદાના સૌથી પહેલા દર્શન કરવાની અપેક્ષાએ અને ભક્તિનું ભાથું ભરવા માટે હજારોની સંખ્યામાં શિવભક્તો વહેલી સવારે મંદિરના દ્વાર ખુલતાની સાથે જ સોમનાથના શરણે ઊમટી પડ્યા હતા. વહેલી સવારથી જ સોમનાથ મંદિર પરિસરમાં ભક્તોનું ઘોડાપૂર જોવા મળ્યું હતું અને સમગ્ર પરિસર હર હર મહાદેવ તથા જય સોમનાથના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

આટલી વિશાળ સંખ્યામાં ઊમટી પડેલા યાત્રિકોના પ્રવાહને ધ્યાનમાં રાખીને શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા અત્યંત સુચારુ અને સફળ વ્યવસ્થાપન કરવામાં આવ્યું હતું. હજારો યાત્રીઓની ભીડ હોવા છતાં, દર્શનાર્થીઓને દર્શન કરવામાં કોઈ અગવડ ન પડે તે માટે ટ્રસ્ટ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રિકોની સુરક્ષા અને ઝડપી પ્રવેશ માટે મોટી સંખ્યામાં ફ્રિસ્કિંગ ક્યુ ઊભી કરવામાં આવી હતી. યાત્રિકોના સામાનની સુરક્ષા માટે વિશાળ ક્લોકરૂમની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભીડને નિયંત્રિત કરવા અને દર્શનની પ્રક્રિયાને સરળ બનાવવા માટે ઝીગઝેગ લાઈન વ્યવસ્થાનું સઘન પાલન કરાવવામાં આવ્યું.

ટ્રસ્ટની આ આગોતરી અને ઉત્તમ વ્યવસ્થાઓના પરિણામે હજારો યાત્રીઓની ઉપસ્થિતિ છતાં તમામ ભક્તોએ અત્યંત સુલભતાથી અને શાંતિપૂર્ણ રીતે મહાદેવના દર્શનનો લાભ લીધો હતો. શ્રી સોમનાથ ટ્રસ્ટ પ્રશાસન સમગ્ર શ્રાવણ માસ દરમિયાન આવનાર તમામ ભાવિક ભક્તોની સુરક્ષા અને સુવિધા જળવાઈ રહે તે માટે સતત કાર્યરત છે. ■

# ભૂપેન્દ્ર પટેલે સૅન ફ્રાન્સિસ્કોમાં ગુજરાતી ડાયસ્પોરા સાથે બેઠક અને સંવાદ યોજ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ-૨૦૨૭માં યુ.એસ. કેનેડાના ઉદ્યોગ-રોકાણકારોને સહભાગી થવા અને ગુજરાતમાં નિવેશ-ઉદ્યોગ સંસ્થાપન માટે આમંત્રણ આપવા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ ઉચ્ચસ્તરિય ડેલિગેશન સાથે યુ.એસ. અને કેનેડાના સાપ્તાહિક પ્રવાસે ગયા છે. અહીં તેમણે સાન ફ્રાન્સિસ્કોમાં વસતા ગુજરાતી સમુદાયો સાથે બેઠક યોજીને ગુજરાતની પ્રભાવક વૈશ્વિક વિકાસ ગાથા પ્રસ્તુત કરી હતી, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

તેમણે અહીં સંબોધન કરતા જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્ર સાથે જે વિકાસની ગતિ દેશને આપી છે તેમાં ગુજરાત દેશના સર્વગ્રાહી વિકાસથી ગ્રોથ એન્જિન તરીકે પ્રથાપિત થયું છે. એટલું જ નહિ, વિકસિત ભારત-૨૦૪૭નો જે સંકલ્પ વડા પ્રધાનએ કર્યો છે તેમાં પણ વિકસિત ગુજરાત-૨૦૪૭થી લીડ લેવાનો આપણો સંકલ્પ છે. ગુજરાત સેમીકન્ડક્ટર, એઆઈ, ડેટાસેન્ટર અને બાયોટેક્નોલોજી જેવા ન્યુ એજ સેક્ટર્સમાં હબ બનીને વડા પ્રધાનના વિકસિત ભારતનો આ સંકલ્પ વિકસિત ગુજરાતથી સાકાર કરશે તેમ તેમણે ઉમેર્યું હતું.

આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૨૭ એ માટે વધુ એક સક્ષમ પ્લેટફોર્મ બનશે એવો વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે સાન ફ્રાંન્સીસ્કોના ગુજરાતી સમુદાયો, ઉદ્યોગ-વેપાર અગ્રણીઓને આ સમિટમાં જોડાવા આમંત્રણ પણ પાઠવ્યું હતું.

ભૂપેન્દ્ર પટેલ સાથે ગુજરાતી સમુદાયના લોકોએ પ્રશ્નોત્તરી કરીને રાજ્યના સર્વાંગી વિકાસની ગતિ અને પ્રગતિની વિગતો જાણવામાં ખૂબ જ ઉત્સુક્તા દાખવી હતી. તેમણે ગુજરાતી સમુદાયો ખાસ કરીને સિલીકોન વેલીમાં સેમિકન્ડક્ટર, એઆઈ ટેક્નોલોજી અને ઈનોવેશનના ઈમર્જિંગ સેક્ટરમાં જે નોંધપાત્ર યોગદાન આપે છે તેની પ્રશંસા કરી હતી. તેમણે આ સંદર્ભમાં કહ્યુ હતું કે આવી વૈશ્વિક પ્રતિભાઓ અને તેમના વતન રાજ્ય ગુજરાતની કંપનીઓ, ઉદ્યોગો વચ્ચે એક સુદ્રઢ સેતુ ગુજરાત સરકાર બનાવવા માંગે છે. ■

# હર્ષ સંઘવીના હસ્તે ભરૂચ જિલ્લામાં ₹ ૪૮૨ કરોડના વિવિધ પ્રોજેક્ટની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ જિલ્લામાં મહિલા સશક્તિકરણ, રોજગારી, ઔદ્યોગિક સંરક્ષણ અને વિકાસને વધુ સુદ્રઢ બનાવવાના આશયથી અંકલેશ્વર જીઆઈડીસી ખાતે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે જિલ્લાને રૂ. ૪૮૨ કરોડના વિવિધ પ્રકલ્પોની ભેટ આપવામાં આવી હતી.

મહિલાઓની સુરક્ષા, સન્માન અને આર્થિક સ્વાવલંબન માટે ભરૂચ પોલીસની પ્રશંસનીય પહેલ પ્રોજેક્ટ અસ્મિતા અંતર્ગત ભરૂચ જિલ્લાની ૧૩ કંપનીઓના સહયોગથી ૫૨૬ જેટલી દીકરીઓને વિવિધ કંપનીઓમાં નોકરી માટેના નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

દહેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જીએફએલ કંપનીમાં થયેલ રૂ. ૩.૧૬ કરોડથી વધુની ઘરફોડ ચોરીનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી દેવામાં આવ્યો હતો. જે અંતર્ગત તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ રિકવર કરાયેલ તમામ મુદ્દામાલ મૂળ માલિકને ચેક સ્વરૂપે પરત સોંપવામાં આવ્યો હતો. આ ઉપરાંત ભરૂચ પોલીસ વિભાગની સરાહનીય કામગીરી બદલ 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ ભરૂચ પોલીસને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંઘવીએ કહ્યું હતું કે આપણું વહીવટી તંત્ર પણ રીત-રિવાજ, સંસ્કાર અને વિકાસના કાર્યો આ બધા જ વિષયોને સાથે લઈને આગળ વધનારું વહીવટી તંત્ર છે. જે ખરેખર પ્રશંસાને પાત્ર છે. વધુમાં, ગેરકાયદે વ્યાજખોરોના દૂષણમાંથી સામાન્ય નાગરિકોને મુક્તિ અપાવવી, જટિલ કાનૂની પ્રક્રિયા વગર જ નાણાં પરત અપાવવા અને ચોરી થયેલા માલસામાનની ઝડપી રિકવરી કરીને માલિકોને પરત સોંપવા જેવા પ્રજાભિમુખ કાર્યો પોલીસે હાથ ધર્યા છે.

# મહિલાઓની સુરક્ષા વધુ મજબૂત બનાવવા ગુજરાત પોલીસે રક્ષિત શક્તિ અભિયાન શરૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસે મહિલાઓ અને યુવતીઓની સલામતી અને સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે ૨૮ દિવસનું વ્યાપક 'સુરક્ષિત શક્તિ' અભિયાન શરૂ કર્યું છે. ગુન્હા નિવારણ, રક્ષણ, જાગૃતિ, સશક્તીકરણ અને કાયદાના અમલ પર કેન્દ્રિત સંકલિત અભિગમ દ્વારા મહિલાઓ માટે વધુ સુરક્ષિત વાતાવરણ ઊભું કરવાનો આ અભિયાનનો ઉદ્દેશ છે.

નિવારણ અને રક્ષણના ભાગરૂપે મહિલાઓને અસર કરતા ગુન્હાઓ અને હેરાનગતિ સામે વધુ કડક કાર્યવાહી કરવાની યોજના છે. પોલીસ એકમોને સંવેદનશીલ વિસ્તારો ઓળખવા, પેટ્રોલિંગ વધારવા અને ગુનાઓને રોકવા માટેના આગોતરા પગલાં લેવા સૂચના આપવામાં આવી છે.જવાબદારી વધારવા અને પુરાવા એકત્ર કરવાની પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવા માટે વિઝિબલ પોલીસિંગ, બોડી-વોર્ન કેમેરા તથા અન્ય ટેક્નોલોજીકલ સાધનોના વધુ ઉપયોગ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

આ સાથે અભિયાનમાં જાગૃતિ અને ડિજિટલ સુરક્ષા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પોલીસ મહિલાઓ અને યુવતીઓને સાયબરબુલિંગ, ઓનલાઈન ગ્રૂમિંગ, સેક્સટોર્શન, ડીપફેક, ઓટીપી ફ્રોડ અને ક્યુઆર-કોડ કૌભાંડ જેવા ઊભરતા ઓનલાઈન જોખમો અંગે માહિતગાર કરશે.

સહાય અને કાયદાના અમલના ભાગરૂપે ફરિયાદોના અનુસરણ, પ્રતિબંધાત્મક આદેશો, વન સ્ટોપ સેન્ટર્સ તથા અન્ય સહાય સેવાઓ સાથે સંકલન અને પીડિતાઓને સમયસર મદદ પહોંચાડવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

આ સમગ્ર માળખામાં પીડિત-કેન્દ્રિત અભિગમ પર વિશેષ ભાર મુકાયો છે, જેથી પોલીસનો સંપર્ક કરતી મહિલાઓને યોગ્ય સહાય મળી રહે અને તેમના કેસનું અસરકારક રીતે અનુસરણ કરવામાં આવે. ■

# ગાડીઓ ભાડે આપતી 'ગો વીથ ઝૂપ'ની ૧૫ કાર ગ્રાહકો લઈ ગયા હોવાની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તમારી મનપસંદ ગાડી તમને ચોક્કસ સમય માટે ભાડે મળી જાય અને સેલ્ફ ડ્રાઇવ કરી જવાય તેવી સુવિધા આપતી અમદાવાદની ગો વિથ ઝૂપ કંપનીની ૧૫ ગાડીઓ જુદા જુદા સમયે જુદા જુદા ગ્રાહકો લઈ ગયા અને ત્યાર બાદ ગાડીના જીપીએસ બંધ કરી દીધા અને ફોન સ્વિચ્ડ ઓફ કરી દીધા છે. આ બાબતે કંપનીના માલિક સૌરભ મોહનભાઈ ગુપ્તાએ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ ઇન્સ્પેક્ટર એ.બી. ભટ્ટે વધુ તપાસ શરૂ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

તમારી મનપસંદ ગાડી પસંદ કરીને લઈ જવાની, તેના માટે એડવાન્સમાં ભાડું ચૂકવવાનું તથા ઓફિસમાં લાઇસન્સ અને એક જામીનનું કાર્ડ જમા કરાવવાના આવી સેવા ઘણા લાંબા સમયથી અમદાવાદમાં ઠેર ઠેર ચાલી રહી છે.

ત્યારે અમદાવાદમાં ઇન્દ્રપ્રસ્થ ટાવર પાસે ગો વિથ ઝૂપની ઓફિસ ધરાવતા સૌરભ ગુપ્તાએ એવી ફરિયાદ નોંધાવી હતી કે તેમની અમદાવાદ અને રાજસ્થાનમાં કુલ ૧૫ ઓફિસ છે. તેમની પાસે હાલ ભાડે આપવા માટે ૩૬૨ ગાડી છે, જે પૈકી ૮૨ ગાડી તેમની માલિકીની છે. હવે જુદા જુદા સમયે તેમની ચાર થાર, એક ઔડી, ફોર્ચ્યુનર, સ્વિફ્ટ, અર્ટિગા, સ્કોર્પિયો સહિતની ૧૫ ગાડી તેમણે ભાડે આપી હતી. દરેક ગાડીમાં એક કરતાં વધારે જીપીએસ સિસ્ટમ લગાવવામાં આવી હોય છે. નિયત સમય પૂરો થાય કે તરત જ ઓફિસથી ભાડે લઈ જનારને ફોન કરવામાં આવતો હોય છે અને ગાડી જે રૂટ પર જવાની હોય તેના સિવાય પણ જાય તો તેના માટે પણ પૂછપરછ કરવામાં આવતી હોય છે.

હવે આવી ૧૫ ગાડી ભાડે લઈ જવાયા બાદ જે લોકો ગાડી ભાડે લઈ ગયા હતા, તેમણે ગાડીના જીપીએસ બંધ કરી દીધા છે અને ફોન પણ બંધ કરી દીધા છે. જેને પગલે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ગાડી ભાડે લઈ જનારામાં અમદાવાદ, ખેડા, વિસનગર, સાબરકાંઠા, પંચમહાલ અને રાજસ્થાનના ગ્રાહકોનો સમાવેશ થાય છે. ■

# ક્રૂડ ઑઈલના ભાવમાં વધારો થવાને કારણે સેન્સેક્સ ૨૮૧ પોઈન્ટ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયામાં અશાંતિ જારી રહેતા ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને સતત ભૂ-રાજકીય તણાવ વચ્ચે સેન્ટિમેન્ટ ખરડાયેલું રહેતા સોમવારે બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી સપ્તાહના પહેલા દિવસે નીચા સ્તરે બંધ થયા હતા. નિફ્ટી પાંચમા દિવસે ગબડ્યો હતો, જ્યારે સેન્સેક્સ ૨૮૧ પોઈન્ટ ઘટ્યો હતો.

સેન્સેક્સ દિવસ દરમિયાન, તે ૫૫૫.૫ પોઈન્ટ અથવા ૦.૭૧ ટકા ઘટીને ૭૭,૪૫૩.૭૫ની નીચી સપાટીને અથડાઇને અંતે ૨૮૧.૦૯ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકા ઘટીને ૭૭,૭૨૮.૧૬ પર સ્થિર થયો હતો. જ્યાર એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૭૮.૩૫ પોઈન્ટ અથવા ૦.૩૨ ટકા ઘટીને ૨૪,૨૮૭.૬૫ પર બંધ થયો હતો.

સેન્સેક્સ પેકમાંથી, ઇન્ફોસિસ, એચસીએલ ટેક, સન ફાર્મા, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટેક મહિન્દ્રા અને આઇટીસી સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. જ્યારે ટાટા સ્ટીલ, એક્સિસ બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ ગેઇનર્સ શેરોમાં સામેલ હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૧.૧૧ ટકા વધીને ૮૯.૫૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

ટેમ્પસેન્સ ઇન્સ્ટ્રુમેન્ટ્સ (ઇન્ડિયા)નો રૂ. ૬૫૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૦ ઓગસ્ટે ખુલશે અને ૨૪ ઓગસ્ટના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૫ ઓગસ્ટે અને એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટીંગ ૨૮ ઓગસ્ટે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૮૫થી રૂ. ૩૦૦ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૫૦ શેર છે. મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડે પહેલા ક્વાર્ટરમાં ૧૧.૬૨ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૯,૫૩૨.૭૮લાખની કુલ આવક, ૨૦૯.૫૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧,૫૪૯.૪૮ લાખનો એબીટા, ૫૬૬.૨૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૮૭૩.૮૩ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપની પ્રિફેન્શિયલ ઇસ્યૂ લાવી રહી છે. ઉદ્યોગના ડેટા અનુસાર, ભારતના છ લિસ્ટેડ રિયલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ (રેઇટ્સે) એ જૂન ક્વાર્ટર દરમિયાન લગભગ પાંચ લાખ યુનિટ હોલ્ડર્સને રૂ. ૩,૧૩૬ કરોડનું વિતરણ કર્યું હતું.

સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ક્વાર્ટરમાં આવક વાર્ષિક ધોરણે ૩૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૮.૩૧ કરોડ અને એબીટા ૩૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૮.૮૯ કરોડ નોંધાવ્યો છે. ચોખ્ખો નફોવાર્ષિક ધોરણે ૧૦.૦૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૪.૯૦ કરોડનો રહ્યો છે. બીએસઇએ એમએસએમઇનો કેપિટલ માર્કેટમાં પ્રવેશ સરળ બનાવવા પીએચડીસીસી સાથે સહયોગ સાધ્યો છે. સવારે બજારની ચાલમાં નબળાઈ જોવા મળી હતી, ત્યારબાદ બપોર પછી ધીમે ધીમે સુધારો જોવા મળ્યો. મોડેથી થયેલા ઘટાડાથી ઊંચા સ્તરે વેચવાલી ચાલુ રહેવાનો તાલ રોકાણકારોમાં સાવધાનીનો સંકેત આપી રહ્યો છે. સેન્સેક્સ તેના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તર ૮૬,૧૫૯.૦૨થી નીચે રહ્યો પરંતુ તેના બાવન સપ્તાહના નીચલા સ્તર ૭૧,૫૪૫.૮૧થી ઉપર રહ્યો છે. તેવી જ રીતે, નિફ્ટી તેના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તર ૨૬,૩૭૩.૨૦ થી નીચે હતો જ્યારે તેના બાવન સપ્તાહના નીચલા સ્તર ૨૨,૧૮૨.૫૫થી ઉપર રહ્યો છે.




માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, સોમવારે ભારતીય શેરબજારોમાં થોડો ઘટાડો થયો હતો, જે ગયા સપ્તાહના સાવચેતીભર્યા વલણને લંબાવતો હતો કારણ કે યુએસ-ઈરાન સંઘર્ષને લગતી સતત અનિશ્ચિતતા અને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા તરફ અર્થપૂર્ણ પ્રગતિનો અભાવ રોકાણકારોને મોટા જોખમનો સંકેત આપે છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા સંકલિત ૧૫ મુખ્ય સેક્ટર ગેજમાંથી સાત ઇન્ડેક્સ નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા, જેમાંથી નિફ્ટી આઇટી ઇન્ડેક્સમાં ૧.૭૫ ટકાનો સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. જ્યારે નિફ્ટી એફએમસીજી, ફાર્મા, પીએસયુ બેંક, હેલ્થકેર અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ પણ ૦.૪૦ ટકાથી એક ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો હતો.

હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલવા અંગે રોકાણકારો સ્પષ્ટતાની રાહ જોઈ રહ્યા હતા, જેના કારણે ટેક શેર્સમાં ખરીદીના રસને કારણે એશિયન બજારોમાં ઉછાળો જોવા મળ્યો. જાપાનનો નિક્કી ૦.૭ ટકા, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૧.૪૧ ટકા, હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ૧.૩૪ ટકા અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ૨.૪૨ ટકા વધ્યો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૯૨.૪૬ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૯૨.૧૬ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૦.૩૦ લાખ કરોડનો સુધારો નોંધાયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૭ સ્ક્રિપ વધી અને ૨૩ સ્ક્રિપ ઘટી હતી. બીએસઈ પર કુલ ૪,૬૭૪ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૦૮૭ શેરોના ભાવ વધ્યા હતા, ૨,૩૫૩ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૨૩૪ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૭૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૨૦ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બીએસઇ પર કુલ બવન કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૧૦ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૪૨ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૧૮ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૦૬ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૧૩ ટકા અને એસએમઈ આઈપીઓ ૧.૨૨ ટકા વધ્યા હતા. સેક્ટરલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે બીએસઈ રિયલ્ટી ૧.૩૮ ટકા, મેટલ ૧.૦૩ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૭૮ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૬ ટકા, કોમોડિટીઝ ૦.૪૫ ટકા અને એનર્જી ૦.૩ ટકા વધ્યા હતા, જ્યારે આઈટી ૧.૭૪ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૫૬ ટકા, ટેલિકોમ ૧.૧૬ ટકા, હોસ્પિટલ્સ ૦.૯૪ ટકા, એફએમસીજી ૦.૭૯ ટકા, યુટિલિટીઝ ૦.૭૪ ટકા અને હેલ્થકેર ૦.૫૬ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ટાટા સ્ટીલ ૧.૪૭ ટકા, એક્સિસ બેન્ક ૧.૦૩ ટકા, રિલાયન્સ ૦.૮૦ ટકા, બીઈએલ ૦.૪૯ ટકા, એચડીએફસી બેન્ક ૦.૩૬ ટકા, લાર્સન ૦.૩૩ ટકા અને બજાજ ફાઈનાન્સ ૦.૨૧ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ઈન્ફોસિસ ૨.૬૬ ટકા, એચસીએલ ટેકનોલોજી ૨.૫૩ ટકા, સન ફાર્મા ૨.૨૦ ટકા, ટીસીએસ ૧.૮૭ ટકા, ટેક મહિન્દ્ર ૧.૭૭ ટકા, આઈટીસી ૧.૫૭ ટકા, ટ્રેન્ટ ૧.૩૪ ટકા, એનટીપીસી ૧.૨૦ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૧.૧૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૧૩૭.૯૭ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૭૬૪ ટ્રેડ્સમાં ૮૮૩ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૧૩,૫૩,૨૨૩ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૩૫,૪૪,૯૭૪.૯૮ કરોડ રહ્યું હતું.

## ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ક્રૂડતેલ મજબૂત રહેતાં રૂપિયો ૧૯ પૈસા પટકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ, વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈ રહેવાની સાથે ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૯ પૈસા પટકાઈને ૯૫.૬૧ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૦૮.૧૨ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશો અને ગત સાતમી ઑગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામતમાં ૧૪.૧૩૬ અબજ ડૉલરનો વધારો થયો હોવાનું રિઝર્વ બૅન્કે સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૫.૪૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૫૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૬૮ અને ઉપરમાં ૯૫.૪૯ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે ૧૯ પૈસાના ઘટાડા સાથે ૯૫.૬૧ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો સાધારણ ત્રણ પૈસાના સુધારા સાથે બંધ રહ્યો હતો.

એકંદરે આજે ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ક્રૂડતેલના ભાવ વધી આવતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકા અને ઈરાન વચ્ચેની ડીલ અંગેની અનિશ્ચિતતાના માહોલને કારણે ક્રૂડતેલના ભાવ વધી રહ્યા હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા વધ્યા મથાળેથી સાધારણ ૦.૨૬ ટકાના ઘટાડા સાથે ૯૯.૪૦ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૯૯ ટકા વધીને બેરલદીઠ ૮૯.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૮૧.૦૯ પૉઈન્ટનો અને ૭૮.૩૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ડૉલરમાં નબળાઈ અને ફેડરલ દ્વારા વ્યાજદર વધારાની શક્યતા ઓસરતા વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ₹ ૧૮૦૦નો અને સોનામાં ₹ ૧૮૦૪નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ અને અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા ઓસરતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૮૦૦નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૯૭થી ૧૮૦૪નો ચમકારો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના કિલોદીઠ ભાવ આગલા બંધ સામે રૂ. ૧૮૦૦ની તેજી સાથે રૂ. ૨,૩૫,૬૪૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ભાવમાં ઉછાળો આવતા ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક સુધારાતરફી વલણના નિર્દેશો ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો નબળો પડ્યો હોવાથી આયાત પડતર વધવાને કારણે હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૭૯૭ વધીને રૂ. ૧,૫૩,૫૫૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૮૦૪ વધીને રૂ. ૧,૫૪,૧૬૭ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે વધુ ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૪૩૯૮.૫૮ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૪૪૫૫.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે ચાંદીના ભાવ આગલા બંધ સામે ૧.૫ ટકા વધીને ઔંસદીઠ ૬૫.૬૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે અમેરિકામાં ફુગાવામાં ઓછી વૃદ્ધિ અને રોજગારીમાં અનપેક્ષિતપણે ઘટાડો થવાને કારણે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડતાં આજે સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું સાક્સો બૅન્કના કૉમોડિટી સ્ટ્રેટેજી વિભાગના હેડ ઓલે હાસને જણાવતાં ઉમેર્યું હતું કે ડૉલર ઈન્ડેક્સ વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હોવાથી રૂપિયાના સુધારાને વધુ ટેકો મળ્યો છે. જોકે, હાલમાં અમેરિકા ખાતે ગૅસોલિનના ભાવ ગેલનદીઠ ચાર ડૉલરની ઉપર પ્રવર્તી રહ્યા હોવાથી આગામી મહિને જાહેર થનારા વર્તમાન મહિનાના ફુગાવાના ડેટા પર તેની અસર જોવા મળી શકે છે, એમ યુબીએસનાં વિશ્લેષક જિઓવન્ની સ્ટૂનોવોએ જણાવ્યું હતું.

સીએમઈ ફેડ વૉચ ટૂલ પર અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા બજાર વર્તુળો જે અગાઉ ૫૧ ટકા મૂકી રહ્યા હતા તે હવે ૩૧ ટકા શક્યતા મૂકી રહ્યા છે. જોકે, હવે રોકાણકારોની નજર આગામી બુધવારે જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ પર સ્થિર થઈ હતી.

### વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ધાતુમાં આગળ ધપતી તેજી

## કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નફારૂપી વેચવાલીએ ₹ ૪૪ તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ વચ્ચે આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી તેમ જ દરિયાઈ માર્ગ સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાં માલની હેરફેર રાબેતા મુજબ થવામાં વિલંબ થઈ રહ્યો હોવાથી પુરવઠાખેંચની ભીતિ હેઠળ આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ જોવા મળેલા કિલોદીઠ રૂ. ૪૪ના અને નિરસ માગે લીડ ઈન્ગોટ્સમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. એકના ઘટાડા ઉપરાંત બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બેથી ૬૩ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગત શનિવારે સ્વાતંત્ર્ય દિનની અને ત્યાર બાદ રવિવારની એમ બે રજા પશ્ચાત્ આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં તેજીનો અન્ડરટોન રહ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની અને ઔદ્યોગિક વપરાશકારોની પ્રબળ માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૬૩ વધીને રૂ. ૫૫૩૮, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૪૨ વધીને રૂ. ૧૪૯૫, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૧૩૭૨, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ વધીને રૂ. ૧૩૪૩, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૧૩૬૦ અને બ્રાસ શીટ કટિંગ્સ તથા નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૯૭૦ અને રૂ. ૧૬૪૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૩૫૭ અને રૂ. બે વધીને રૂ. ૪૦૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૪૪ના ઘટાડા સાથે રૂ. ૧૨૫૫ અને નિરસ માગે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૨૦૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૪૦ અને રૂ. ૩૧૦ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

## ખાંડના ભાવમાં વધુ ₹ ૯૦થી ૧૩૦ની આગઝરતી તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ સહિતની ખાંડ મિલો પર ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજાર ગત શનિવારે સ્વાતંત્ર્ય દિનની અને રવિવારની રજાને કારણે સતત બે દિવસ બંધ રહ્યા બાદ આજે સ્ટોકિસ્ટો સહિત સાર્વત્રિક સ્તરેથી માગ પ્રબળ રહેતાં હાજરમાં ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૯૦થી ૧૩૦ની અને નાકા ડિલિવરી ધોરણે ક્વિન્ટલે રૂ. ૧૧૦થી ૧૩૦ની આગઝરતી ઝડપી તેજી આવી હતી.

અત્રે નોંધનીય બાબત એ છે કે અનાજ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલી ખાંડ મિલોના સ્ટોકની ચકાસણીમાં અમુક ખાંડ મિલોએ જાહેર કરેલા સ્ટોક કરતાં વધુ માત્રામાં સ્ટોક હોવાનું અથવા તો ફાળવવામાં આવેલા ક્વૉટા કરતાં ઓછું વેચાણ કર્યું હોવાનું જણાયું હતું. આથી સરકારે તાત્કાલિક ધોરણે અમલી બને તેમ આગામી ૩૦મી નવેમ્બર સુધી ખરીદદારોએ સાત દિવસની અંદર ખરીદ કરેલા માલનો ઉપાડ કરવો ફરજિયાત બનાવ્યું છે.

જોકે, સરકારની આ જાહેરાત છતાં ખાંડ મિલો પર તેજીનું વલણ રહેતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૩૨થી ૩૪ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૯૦થી ૧૩૦ વધીને રૂ. ૫૦૧૨થી ૫૧૨૨ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૧૦ વધીને રૂ. ૫૧૩૨થી ૫૨૩૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં તેજીનું વલણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૧૨૫થી ૧૩૦ વધીને રૂ. ૫૦૦૦થી ૫૦૫૦ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૧૧૦ વધીને રૂ. ૫૦૬૦થી ૫૧૩૦ના મથાળે રહ્યા હતા.



## મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડમાં ₹ ૧૦નો સુધારો

### ઑગસ્ટના પહેલા પખવાડિયામાં મલયેશિયાની પામતેલની નિકાસ આઠ ટકા ઘટી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૨ રિંગિટનો સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી આયાતી તેલમાં એકંદરે ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મથકો પાછળ આજે દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો અને સરસવમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો તથા સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી ઑગસ્ટથી ૧૫મી ઑગસ્ટના પખવાડિયામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જુલાઈ મહિનાના સમાનગાળાના ૭,૩૯,૨૮૨ ટન સામે ૭.૮૫ ટકાના ઘટાડા સાથે ૬,૮૧,૨૬૬ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ તથા ઑક્ટોબર ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૭૦, ઈમામીના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, પતંજલિ ફૂડ્સના ઑક્ટોબર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૫૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ , એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦ અને રિલાયન્સ રિટેલના સોયા રિફાઈન્ડના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે ગોંડલ મથકે શ્રાવણી સોમવારને કારણે મંડીમાં મગફળીની કોઈ આવક નહોતી, જ્યારે રાજકોટ મથકે ૯૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૭૫માં થયા હતા. જોકે, ગોંડલ ખાતે આજે ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૭૦૦થી ૧૭૨૫, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૪૦થી ૧૬૪૫ અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૮૫ના મથાળે રહ્યા હતા. રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૨૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૫, સિંગતેલના રૂ. ૧૭૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૭૧૦ અને સરસવના રૂ. ૧૭૭૦ના મથાળે રહ્યા હતા.

# રાજકોટમાં રોગચાળાનો ફેલાવો છેલ્લા સપ્તાહમાં ૧૮૮૪થી વધુ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં બદલાતા વાતાવરણ વચ્ચે રોગચાળાના કેસમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે, જેમાં છેલ્લા સપ્તાહમાં જ ૧,૮૮૪થી વધુ દર્દીઓ નોંધાયા છે. સપ્તાહ દરમિયાન શરદી-ઉધરસના ૭૧૯, સામાન્ય તાવના ૭૬૪ અને ઝાડા-ઉલ્ટીના ૨૫૮ સહિત કુલ ૧,૭૪૧થી વધુ દર્દીઓ નોંધાયા છે. સમગ્ર ચોમાસું સિઝનની વાત કરીએ તો શરદી-ઉધરસના ૧૯,૮૮૧, સામાન્ય તાવના ૧૮,૬૦૯ અને ઝાડા-ઉલ્ટીના ૬,૯૩૬ કેસ નોંધાઈ ચૂક્યા છે.

સિઝનલ બીમારીઓમાં ટાઇફોઇડના ૨૦ અને કમળાના ૩૩ કેસ પણ નોંધાતા તંત્ર દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. મિશ્ર ઋતુના કારણે રાજકોટ શહેરમાં રોગચાળાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં શરદી, ઉધરસ, તાવ અને પેટના દર્દીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. શહેરમાં વધી રહેલા પાણીજન્ય અને વાયરલ રોગચાળાને કાબૂમાં લેવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય વિભાગ સક્રિય બન્યું છે. સંવેદનશીલ વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી સઘન બનાવવામાં આવી છે તેમજ દૂષિત પાણી અને મચ્છરોના ઉપદ્રવને રોકવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. ■

# ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ₹ ૨.૩૮ લાખની કિંમતનો બિનઅધિકૃત ઘઉંનો જથ્થો જપ્ત કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રાજ્યમાં અનાજની ગેરકાયદે હેરફેર અને કાળાબજારી અટકાવવા માટે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ સતત સક્રિય છે. સરકારી યાદીમાં જણાવ્યા મુજબ, નિયામક અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગરની ટીમ દ્વારા ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન અધિકારીઓની ટીમને મહુવા તાલુકાના ડાયમંડ નગર, જી.આઈ.ડી.સી.ની પાછળ આવેલ એક ખાનગી ગોડાઉનમાં બિનઅધિકૃત રીતે સંગ્રહિત થયેલ ઘઉંનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં


વિપુલ હિરાણી

૮,૫૦૦ કિ.ગ્રામ ઘઉંનો જથ્થો જેની અંદાજિત કિંમત રૂ. ૨,૩૮,૦૦૦/- થાય છે, તેને તપાસ ટીમ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે.

પ્રાથમિક તપાસમાં આ જથ્થો ક્યાંથી આવ્યો હતો અને તેની વાસ્તવિક માલિકી કોની છે તે અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

વધુમાં યાદીમાં જણાવ્યા અનુસાર, આકસ્મિક તપાસણી દરમિયાન ગાંધીનગરની ટીમ દ્વારા ભાદ્રોડ ગામે પ્રફુલભાઈ રામજીભાઈ વાઘ દ્વારા સંચાલિત સરકારી વાજબી ભાવની દુકાનની પણ ચકાસણી કરવામાં આવી હતી. દુકાનના સ્ટોક અને રેકર્ડની ખરાઈ કરતાં જથ્થાની ઘટ જોવા મળી હતી, જેમાં ઘઉંમાં ૧,૩૮૨.૫૦૦ કિ.ગ્રામ, ચોખામાં ૨,૫૮૧.૦૦ કિ.ગ્રામ અને ખાંડમાં ૮૯.૯૦૦ કિ.ગ્રામની ઘટ નોંધવામાં આવી છે. આ સઘન તપાસથી અનાજની કાળાબજાર કરનારા તત્વોમાં ભય ફેલાયો છે. ■

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલના સાતમા માળેથી કૂદીને ૪૬ વર્ષીય મહિલાએ આપઘાત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ સિવિલ હોસ્પિટલના સાતમા માળેથી નીચે કૂદીને ૪૬ વર્ષીય પરિણીતાએ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં અને હોસ્પિટલ પરિસરમાં ચકચાર મચી ગઈ હતી. મૃતક મહિલાની ઓળખ અંજનાબેન કિરીટભાઈ જેઠવા તરીકે થઈ છે. આપઘાત કરતાં પહેલાં મૃતકે પોતાના વ્હાલા પુત્રને સંબોધીને એક અત્યંત ભાવુક અંતિમ ચિઠ્ઠી (સુસાઈડ નોટ) લખી હતી. સુસાઈડ નોટમાં માતાએ પોતાની દિલની વ્યથા અને જીવનની વેદના ઠાલવી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મૃતદેહને હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મહિલાના આત્મહત્યાના પાછળના કારણો જાણવા માટે પોલીસે તપાસ શરૂ કરી છે. મૃતક મહિલાની ઓળખ અંજનાબેન કિરીટભાઈ જેઠવા (ઉંમર વર્ષ ૪૬) તરીકે થઈ છે. કોઈ અકળ કારણોસર તેઓ જૂનાગઢ સિવિલ હોસ્પિટલના સાતમા માળે પહોંચ્યા હતા અને ત્યાંથી નીચે ઝંપલાવી દીધું હતું. ઊંચાઈ પરથી નીચે પડાવાના કારણે અંજનાબેનને ગંભીર ઇજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કે ટૂંકી સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું. આ દુર્ઘટના બાદ સૌથી મોટો ખુલાસો ત્યારે થયો જ્યારે તપાસ દરમિયાન મૃતક અંજનાબેન પાસેથી એક અંતિમ ચિઠ્ઠી (સુસાઈડ નોટ) મળી આવી. આ સુસાઈડ નોટમાં અંજનાબેને પોતાના પુત્રને સંબોધીને પોતાની દિલની વ્યથા અને વેદના ઠાલવી હતી. મહિલાએ માનસિક બિમારીથી કંટાળીને આ અંતિમ પગલું ભરવું પડ્યાની વાત આ પત્રમાં વ્યક્ત કરી છે. આ ભાવુક પત્ર વાંચીને પોલીસ અને પરિવારજનો પણ સ્તબ્ધ થઈ ગયા છે.

ઘટના અંગે પોલીસે અંજનાબેને આ ભયાનક પગલું શા માટે ભર્યું, તેમના પરિવારમાં કે અન્ય કોઈ બાબતે કોઈ વિવાદ હતો કે કેમ, તેમજ સુસાઈડ નોટમાં ઉલ્લેખિત વિગતોના આધારે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ દ્વારા મૃતકના પરિવારજનો અને સગા-સંબંધીઓની પૂછપરછ કરીને સાચી હકીકત બહાર લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ■

# નખત્રાણાના રોહામાં દીપડાનો આતંક, વનવિભાગે પાંજરું ગોઠવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નખત્રાણા તાલુકાના રોહા (સુમરી) ગામમાં દીપડાના વધતા જતા ત્રાસને લઈને ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ગામતળ નજીક આવેલા વાડાઓમાં ઘૂસીને દીપડો ધોળા દિવસે બકરીઓ અને અન્ય પશુઓનો શિકાર કરી રહ્યો છે, જેનાથી માલધારીઓમાં ભયનો માહોલ છે.

ગામના સરપંચની લેખિત રજૂઆત બાદ નખત્રાણા પૂર્વ રેન્જના વનવિભાગ દ્વારા દીપડાને પકડવા માટે રોહા (સુમરી) ડુંગરની તળેટીમાં આવેલી ઈદગાહ પાસે પાંજરું ગોઠવવામાં આવ્યું છે, પરંતુ અત્યાર સુધી દીપડો પાંજરે પુરાયો નથી. કચ્છમાં છેલ્લા કેટલાક સમયથી કુદરતી આવાસોના સંકોચનને કારણે દીપડા માનવ વસાહતો તરફ વળી રહ્યા છે. તાજેતરમાં ભુજના હબાય વિસ્તાર તેમજ અબડાસાના ચિયાસર અને રાધણઝરના જંગલોમાં પણ દીપડાની સંખ્યા વધી હોવાનું બહાર આવતા ગ્રામ્ય વિસ્તારોમાં વન્ય પ્રાણીઓનો ખતરો વધી રહ્યો છે. ■

# રાજકોટમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી અમદાવાદ ભગાડી જવા મામલે બે આરોપીની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ રાજકોટમાં એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેની સાથે મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધવા અને તેને ભગાડી જવાનો કેસ પ્રકાશમાં આવ્યો હતો. આ મામલે સગીરાના માતાપિતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે રાજકોટ બી ડિવિઝન પોલીસે સત્વરે કાર્યવાહી કરી બે આરોપી અરમાન ખાન અને અફઝલ ખાનને ઝડપી પાડ્યા હતા.

આ ઘટના અંગે મળતી વિગતો મુજબ, રાજકોટમાં રહેતી ૧૬ વર્ષીય સગીરાને મોરબીના અરમાન શેખ નામના યુવકે પ્રેમમાં ફસાવી હતી. એટલું જ નહીં પરંતુ પ્રેમજાળમાં ફસાવીને સતત ૨ વર્ષ સુધી શારીરિક અત્યાચાર પણ ગુજાર્યો હતો. આરોપી સગીરા સાથે સતત બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરતો હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. છેલ્લા ૨ વર્ષથી આરોપી અરમાન શેખ સગીરા સાથે આવું વર્તન કરી રહ્યો હતો. ગત પાંચ દિવસ પહેલા આરોપીએ સગીરાને પોતાના સાથે ભાગી જવા માટે મનાવી લીધી હતી.

આરોપી અરમાન શેખે પોતાના મિત્ર અફઝલ શેખની મદદથી સગીરીને ભગાડીને અમદાવાદ લઈ ગયો હતો. અહીં અમદાવાદમાં પણ સગીરા સાથે મરજી વિરૂદ્ધ સંબંધો બાંધ્યાં હતાં. દીકરી પાંચ દિવસથી ઘરે ના આવી હોવાથી માતા-પિતા સહિત પરિવારે રાજકોટ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઘટનાને ગંભીરતાથી લેતા સત્વરે તપાસ શરૂ કરી દીધી હતી.

પોલીસે કાર્યવાહી કરતા દરોડા પાડ્યા અને અમદાવાદથી સગીરાને શોધી કાઢી હતી. આ સાથે આરોપી અરમાન શેખ અને તેનો સાથ આપનાર અફઝલ શેખની પણ ધરપકડ કરવામાં આવી હતી. ■

# ચોટીલા પ્રાંત અધિકારીની બદલી રોકવા સરપંચોની કલેક્ટરને રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ જિલ્લાના ચોટીલાના પ્રાંત અધિકારી તથા ડેપ્યુટી કલેક્ટર એચ.ટી. મકવાણાની મહીસાગર ખાતે કરવામાં આવેલી બદલીને રોકવા માટે સ્થાનિક સરપંચો અને ગ્રામજનો દ્વારા સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆતમાં એચ.ટી. મકવાણાને ચોટીલા પ્રાંત અધિકારી તરીકે યથાવત્ રાખવાની માંગ કરવામાં આવી હતી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, એચ.ટી. મકવાણાએ ચોટીલા, થાન અને મૂળી પંથકમાં ફરજ દરમિયાન ગેરકાયદે ખનન અને ખનિજ ચોરી સહિતની પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરી હતી. ગેરકાયદે ખનન અટકાવવાની કામગીરીને કારણે સરકારી જમીનને થતું નુકસાન અટકાવવામાં મદદ મળી હોવાનો પણ રજૂઆતમાં દાવો કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, મધ્યાહન ભોજન, રાશન વિતરણ સહિતના વિવિધ વહીવટી વિભાગોની કામગીરીનું નિયમિત માર્ગદર્શન અને સ્થળ મુલાકાતો દ્વારા નિરીક્ષણ કરવામાં આવતું હોવાનું જણાવાયું છે. ગરીબ પરિવારોની જમીન પચાવી પાડવાના પ્રશ્નો તેમજ ઘરવિહોણા પરિવારોને જમીન ફાળવણી જેવા મુદ્દાઓના નિરાકરણ માટે પણ અધિકારી દ્વારા કામગીરી કરવામાં આવી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ■

# શ્રાવણના પ્રથમ સોમવારે સોમનાથ મહાદેવ મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું, સોમનાથ ટ્રસ્ટ દ્વારા દર્શનાર્થીઓ માટે કરાઈ સુચારુ વ્યવસ્થા

(અમારા પ્રતિનિધિ તરફથી)

જુનાગઢઃ શ્રાવણિયા સોમવારે સોમનાથ દાદાના સૌથી પહેલા દર્શન કરવાની અપેક્ષાએ અને ભક્તિનું ભાથું ભરવા માટે હજારોની સંખ્યામાં શિવભક્તો વહેલી સવારે મંદિરના દ્વાર ખુલતાની સાથે જ સોમનાથના શરણે ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ સોમનાથ મંદિર પરિસરમાં ભક્તોનું ઘોડાપૂર જોવા મળ્યું હતું અને સમગ્ર પરિસર ''હર હર મહાદેવ'' તથા ''જય સોમનાથ'' ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.


હરેશ સોની

આટલી વિશાળ સંખ્યામાં ઉમટી પડેલા યાત્રિકોના પ્રવાહને ધ્યાનમાં રાખીને શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા અત્યંત સુચારુ અને સફળ વ્યવસ્થાપન કરવામાં આવ્યું હતું. હજારો યાત્રીઓની ભીડ હોવા છતાં, દર્શનાર્થીઓને દર્શન કરવામાં કોઈ અગવડ ન પડે તે માટે ટ્રસ્ટ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રિકોની સુરક્ષા અને ઝડપી પ્રવેશ માટે મોટી સંખ્યામાં ફ્રિસ્કિંગ ક્યુ ઊભી કરવામાં આવી હતી. યાત્રિકોના સામાનની સુરક્ષા માટે વિશાળ ક્લોકરૂમની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભીડને નિયંત્રિત કરવા અને દર્શનની પ્રક્રિયાને સરળ બનાવવા માટે ઝીગઝેગ લાઈન વ્યવસ્થાનું સઘન પાલન કરાવવામાં આવ્યું હતું. ટ્રસ્ટની આ આગોતરી અને ઉત્તમ યવસ્થાઓના પરિણામે હજારો યાત્રીઓની ઉપસ્થિતિ છતાં તમામ ભક્તોએ અત્યંત સુલભતાથી અને શાંતિપૂર્ણ રીતે મહાદેવના દર્શનનો લાભ લીધો હતો. શ્રી સોમનાથ ટ્રસ્ટ પ્રશાસન સમગ્ર શ્રાવણ માસ દરમિયાન આવનાર તમામ ભાવિક ભક્તોની સુરક્ષા અને સુવિધા જળવાઈ રહે તે માટે સતત કાર્યરત છે. ■

# અમરેલીના ચાંદગઢ ગામમાં સિંહણને ટ્રાન્ક્વલાઇઝ કર્યા બાદ પાંજરે પુરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલીઃ તાલુકાના ચાંદગઢ ગામમાં સિંહણ ઘૂસી આવતા ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. આશરે એકથી દોઢ કલાક સુધી સિંહણ ગામની શેરીઓમાં આંટાફેરા કરતી જોવા મળતા લોકો ઘરની બહાર નીકળતાં પણ ગભરાયા હતા. ઘટનાની જાણ થતાં વનવિભાગની ટીમ તાત્કાલિક ગામમાં દોડી આવી હતી અને સિંહણને સુરક્ષિત રીતે પાંજરે પૂરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.


દિલીપ જીરૂકા

અમરેલી તાલુકાના ચાંદગઢ ગામમાં વહેલી સવારે અચાનક સિંહણ ગામની શેરીમાં આવી ચડતા ગ્રામજનોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રહેણાંક વિસ્તારમાં સિંહણ દેખાતા લોકો પોતાના ઘરોમાં પૂરાઈ ગયા હતા અને બાળકો તેમજ મહિલાઓની સલામતીને લઈને ચિંતા જોવા મળી હતી. મળતી માહિતી મુજબ, સિંહણ આશરે એકથી દોઢ કલાક સુધી ગામની શેરીઓમાં આંટાફેરા કરતી રહી હતી. સિંહણની અવરજવરથી ગામમાં ભયનો માહોલ સર્જાયો હતો. સિંહણ શેરીમાં ફરતી હોવાના સમાચાર વાયુવેગે સમગ્ર ગામમાં ફેલાતા લોકો ટોળે વળીને બહાર આવવાને બદલે સુરક્ષિત સ્થળે રહેવા મજબૂર બન્યા હતા.

ગામની રહેણાંક શેરીમાં સિંહણના આંટાફેરાથી ગ્રામજનોમાં વનવિભાગ સામે પણ રોષ જોવા મળ્યો હતો. વન્યપ્રાણીઓના માનવ વસાહતમાં પ્રવેશની ઘટનાઓને લઈને ગ્રામજનોએ ચિંતા વ્યક્ત કરી હતી અને આવી ઘટનાઓને રોકવા માટે અસરકારક પગલાં ભરવાની માંગ ઉઠી હતી. દરમિયાન ઘટનાની જાણ થતાં જ વનવિભાગની ટીમ તાત્કાલિક ચાંદગઢ ગામે પહોંચી હતી. ટીમે સિંહણની હિલચાલ પર નજર રાખી આસપાસનો વિસ્તાર સુરક્ષિત કર્યો હતો. ગ્રામજનોને પણ સિંહણથી દૂર રહેવા અને ઘરની બહાર ન નીકળવા સૂચના આપવામાં આવી હતી.

વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ સિંહણને સુરક્ષિત રીતે કાબૂમાં લેવા માટે ટ્રાન્ક્યુલાઇઝ કરવાની કામગીરી શરૂ કરી હતી. જરૂરી તકેદારી સાથે સિંહણને ટ્રાન્ક્યુલાઇઝ કર્યા બાદ તેને પાંજરે પૂરવામાં આવી હતી.

સિંહણ પાંજરે પુરાઈ જતા ચાંદગઢ ગામના ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. લાંબા સમય સુધી શેરીમાં સિંહણની હાજરીને કારણે સર્જાયેલો ભયનો માહોલ આખરે દૂર થયો હતો.

ચાંદગઢ સહિત અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર સિંહોની અવરજવર જોવા મળતી હોવાથી માનવ-સિંહ સંઘર્ષનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. વનવિભાગ દ્વારા વન્યપ્રાણીઓની હિલચાલ પર સતત નજર રાખી માનવ વસાહતમાં પ્રવેશતી સિંહણ સહિતના વન્યપ્રાણીઓને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં પરત મોકલવા અથવા જરૂરી કાર્યવાહી કરવા અંગે સ્થાનિકોમાં અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. ■

# ભાવનગરના ત્રાપજ ગામે નિંદ્રાધીન વૃદ્ધાના કાનના સોનાના વેઠલા લૂંટી શખસ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા તાલુકાના ત્રાપજ ગામે એકલા રહેતા વૃદ્ધાના ઘરમાં મોડીરાત્રીના સમયે અજાણ્યા શખ્સે ઘૂસીને વૃદ્ધાનું ગળું દબાવી માર મારી અર્ધબેભાન કરી તેના કાનમાંથી ૪ તોલાના સોનાના ૭ વેઠલની લૂંટ કરી નાસી ગયો હતો. આ બનાવ અંગે અલંગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ત્રાપજ ગામે રહેતા અને એકલા રહેતા ૭૫ વર્ષીય દવલબેન પ્રેમજીભાઈ કાપડિયા વહેલી સવારે બે વાગ્યાના સુમારે પોતાના ઘરમાં સૂતા હતા. તે દરમિયાન અચાનક એક અજાણ્યો શખ્સ ઘરમાં ઘૂસી આવ્યો હતો અને વૃદ્ધાનું ગળું દબાવી મોઢા પર ઢીકાપાટુનો માર માર્યો હતો.

આ હુમલામાં વૃદ્ધાની ડાબી આંખ તેમજ ગળાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અને આંખની નીચે હાડકામાં ફ્રેક્ચર થયું હતું. અજાણ્યો શખ્સ વૃદ્ધાના બંને કાનમાંથી અંદાજે ૪ તોલા વજનના અને અંદાજે રૂ. ૧,૨૫,૦૦૦ ની કિંમતના સોનાના સાત વેઠલા લૂંટીને ફરાર થઈ ગયો હતો. વહેલી સવારે સ્વજનો અને ગ્રામજનોની મદદથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વૃદ્ધાને ભાવનગરની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ માં અંગે અલંગ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# જામનગરમાં વધુ એક શંકાસ્પદ ચાંદીપુરાનો કેસ, બાળ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ શહેરમાં ચાંદીપુરા જેવા લક્ષણો ધરાવતા દર્દીઓ સમયાંતરે સારવાર માટે દાખલ થતા રહે છે. બે દિવસ પહેલા વધુ એક બાળકને સારવાર માટે દાખલ કરાયો છે, જેના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી હાલાર પંથકમાં ચાંદીપુરાના રોગ જેવા લક્ષણો વાળા દર્દીઓ નોંધાઈ રહ્યા છે. આ દરમ્યાન બે દિવસ પહેલા જામનગર નજીકના કનસુમરા પંથક માર્ગે ની એક સોસાયટીમાં રહેતા એક બાળ દર્દીને સારવાર માટે સરકારી જી.જી. હોસ્પિટલ માં દાખલ કરવામાં આવ્યો હતો, જેના જરૂરી નમુના લઈ પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ હજુ મળ્યો નથી. હાલની સ્થિતિએ જામનગરની જી.જી. હોસ્પિટલમાં એક દર્દી દાખલ છે, જેની સારવાર ચાલી રહી છે. ■

# જામનગરમાં આશા વર્કર બહેનો-ભારતીય મજદૂર સંઘ દ્વારા વિરોધ પ્રદર્શન, કલેક્ટરને આવેદન પાઠવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ શહેરમાં આશા વર્કર બહેનો તથા ભારતીય મજદૂર સંઘ દ્વારા વિવિધ પડતર માંગણીઓને લઈને કલેક્ટર કચેરી ખાતે ધરણા અને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આંગણવાડી કાર્યકરો, મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ તેમજ આશા વર્કરોના માનદ વેતનમાં વધારો કરવા સહિતની વિવિધ માંગણીઓ લાંબા સમયથી કરવામાં આવી રહી છે. અગાઉ પણ સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં માંગણીઓનું કોઈ સંતોષકારક નિરાકરણ ન આવ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

આશા વર્કર બહેનો ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં આરોગ્યલક્ષી કામગીરી સાથે જોડાઈને લોકોને વિવિધ સરકારી આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમ છતાં તેમની કામગીરીની સરખામણીએ મળતું માનદ વેતન પૂરતું ન હોવાને કારણે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવાની રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત આંગણવાડી અને મધ્યાહન ભોજન યોજનામાં કાર્યરત બહેનોના માનદ વેતનમાં પણ યોગ્ય વધારો કરવામાં આવે તેમજ તેમની વિવિધ પડતર સમસ્યાઓનું વહેલી તકે નિરાકરણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

ધરણા બાદ વિવિધ માંગણીઓ મુદ્દે કલેક્ટર કચેરીમાં આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં સરકાર દ્વારા માંગણીઓ અંગે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરી હકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. ■

# કચ્છમાં બન્નીના મેદાનમાં ૨૦ કાળિયારનું સ્થળાંતર ઈકો-સિસ્ટમ મજબૂત કરવા વન વિભાગની પહેલ

## સેટેલાઈટ રેડિયો કોલર લગાવાયા છે અને આ માટે ખાસ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ એશિયાના સૌથી મોટા બન્નીના ઘાસિયા મેદાનની ઇકો-સિસ્ટમને મજબૂત કરવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે ગુજરાત વન વિભાગ અને વનતારાના તકનીકી સહયોગથી દેશના ૮૦માં સ્વાતંત્ર પર્વ નિમિત્તે ૨૦ જેટલા કાળિયારને તેમના કુદરતી રહેઠાણમાં મુક્ત કરવામાં આવ્યા છે.

જામનગરની વનતારા ફેસિલિટી ખાતે તબીબી તપાસ અને હેલ્થ સ્ક્રિનિંગ પૂર્ણ કર્યા બાદ પાંચ નર અને ૧૫ માદા કાળિયારને સુરક્ષિત રીતે કચ્છ લવાયા હતા. આ પ્રાણીઓને નવા વાતાવરણ સાથે અનુકૂલન સાધવા માટે બોમા પદ્ધતિ (સોફ્ટ રિલીઝ) દ્વારા મુક્ત કરાયા છે. કાળિયારની સુરક્ષા અને હિલચાલ પર નજર રાખવા માટે તેમને સેટેલાઈટ રેડિયો કોલર લગાવાયા છે અને આ માટે ખાસ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. પર્યાવરણીય સંતુલન અને જૈવ વિવિધતા જાળવવાના લાંબાગાળાના પ્રકલ્પ અંતર્ગત તબક્કાવાર રીતે કુલ ૫૦૦ કાળિયાર અને ૧૦૦ ચિંકારાને બન્નીના મેદાનમાં પુનઃસ્થાપિત કરવાનું વન વિભાગનું આયોજન છે. નિષ્ણાતોના મતે તૃણાહારી પ્રાણીઓની હાજરીથી આ ઘાસિયા મેદાનોના કુદરતી પુનઃજીવનની પ્રક્રિયા વધુ ઝડપી બનશે. આ કામગીરીમાં વન વિભાગે સારી એવી જહેમત ઉઠાવી હતી. અને સફળ સ્થળાંતર કરવામાં સફળતા મળી હતી. અને કુદરતી વાતાવરણમાં તેમને લાવવામાં આવ્યા હતા. વનતારા વિભાગે પણ આ માટે સહકાર આપ્યો હતો. ■

# ચોટીલામાં લાઈસન્સ વિના ફટાકડાના સંગ્રહ-વેચાણ સામે કાર્યવાહી, ₹ ૧૦.૦૬ લાખનો મુદ્દામાલ સીઝ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ જિલ્લાના ચોટીલા શહેરમાં ફટાકડાના ગેરકાયદે સંગ્રહ અને વેચાણ સામે સબ-ડિવિઝનલ વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. નાયબ કલેક્ટર અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ચોટીલા એચ.ટી. મકવાણા તથા મામલતદાર ચોટીલાની સંયુક્ત ટીમે શાસ્ત્રીનગર વિસ્તારમાં આવેલા ફટાકડાના ગોડાઉનમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ગોડાઉન સંચાલક દેવાંગ નવીનચંદ્ર શાહ પાસેથી ફટાકડાના સંગ્રહ અને વેચાણ અંગેનું લાયસન્સ તથા આધાર-પુરાવા માંગવામાં આવ્યા હતા. તપાસમાં રજૂ કરાયેલ હંગામી ફટાકડા લાયસન્સની મુદત તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ ગઈ હોવાનું બહાર આવ્યું હતું.

તપાસ દરમિયાન રહેણાંક વિસ્તારમાં ફટાકડાનો સંગ્રહ અને વેચાણ, જરૂરી સલામતીની જોગવાઈઓનો અભાવ તેમજ ગોડાઉનમાં જરૂરી બે દરવાજાની વ્યવસ્થા ન હોવા સહિતની ગંભીર ક્ષતિઓ મળી આવી હતી. વળી સલામતી નિયમોનું પાલન ન થયું હોવાનું પણ ધ્યાને આવ્યું હતું.

તપાસ દરમિયાન પેસોની લાગુ માર્ગદર્શિકાઓ અને ફટાકડાના સંગ્રહ-વેચાણ સંબંધિત સલામતી જોગવાઈઓની પણ ચકાસણી કરવામાં આવી હતી. ગોડાઉનમાંથી જોઈન્ટ સીરીઝ પ્રકારના આશરે ૪૦ બોક્સ ફટાકડા પણ મળી આવ્યા હતા, જેના કારણે કાયદા-નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી. ■